
પૂરા પરિવારનું
સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
• વર્ષ ૬૮મું • મે ૧૯૯૫

# કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ
•
તંત્રી
ધીરુ પરીખ
•
સંપાદક
બિહારીલાલ ટાંક



મરકતના પથ્થરમાંથી બનાવેલું
અશ્વનું મસ્તક
હાન વંશનું ચીની શિલ્પ

૮૦૮ મો સળંગ અંક



ઓરછાના રાજા ઈન્દ્રજિતના રાજકવિ કેશવદાસ (ઇ. ૧૫૫૫–૧૬૧૭) હિંદી કાવ્યસાહિત્યમાં ઋતુ–કાવ્યોના પ્રણેતા મનાય છે. મુખ્યત્વે નાયક–નાયિકા અને તેના પ્રકારને અનુલક્ષીને ઈ. ૧૫૯૧માં એણે રચેલી 'રસિકપ્રિયા' નામક એક વિખ્યાત કૃતિ છે. મોટે ભાગે સંસ્કૃતના ખ્યાત કવિઓના કાવ્યવિષયોને અનુસરીને એણે પોતાની કાવ્યરચનાઓ કરી છે, છતાં હિંદી કાવ્યસાહિત્યમાં એનું આગવું સ્થાન છે. ચિત્રકારોને પણ એ કૃતિઓએ પ્રેરણા પૂરી પાડી છે. કેશવદાસની રચનાઓ અલંકાર–પ્રચુર અને જરા ભારે પણ લાગે છે, પરંતુ તુલસીદાસ, સૂરદાસ અને ચૈતન્યની ભક્તિભરી અતિરંજિત રચનાઓ કરતાં કેશવદાસની રાધાકૃષ્ણના પ્રેમની રજૂઆત તદ્દન ભિન્ન છે. 'રસિકપ્રિયા'માંથી જ પ્રેરણા પામી ઈ. ૧૬૫૦ના અરસામાં રાજસ્થાનની મેવાડ શૈલીના આ ચિત્રમાં મૂળ તો બે ભાગ છે જેમાંનો આ એક અહીં દર્શાવ્યો છે. તેમાં વાટિકામાં બેઠેલી રાધા હાથમાંના દર્પણમાં પોતાના પ્રતિબિંબની સાથે, વૃક્ષ પાછળ છુપાઈને પોતાને નિરખતા કૃષ્ણનું પણ પ્રતિબિંબ જોઈ જાય છે. રાજસ્થાનની અન્ય ચિત્રશૈલીઓ પર આ મેવાડ શૈલીનો ઠીકઠીક પ્રભાવ રહેલો છે.

# અનુક્રમ

કુમાર સળંગ અંક ૮૦૮




કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચૅરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫ અથવા રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

## વાચકો લખે છે...

### દડમજલ...

કેવી તારી દડમજલ ! ઓ અશ્વ ! તેં સિદ્ધ કીધી :
- કાવ્યો, વાર્તા, જીવનચરિતો, જ્ઞાનના સર્વ ખૂણે
પાંખો ફૂટી પવન ઝડપે પ્હાડના પ્હાડ ઠેક્યા !
ખૂંધો- ઝૂઝ્યો : કદીય તન પે થાકની રેખ દેખી ?!
સંદેશાઓ જીવનભરના તાજગી સાથ અર્પે,
તારી પીઠે તરવરી રહ્યો ભાગ્યશાળી યુવાન !
સ્કંધે ભાલો નજરપથ પે લક્ષ્ય જ્યાં પહોંચવાનું !
સંઘર્ષોમાં તસુ પણ નથી તું ડગ્યો હે 'કુમાર' !
તારે ના કો' વળગણ નકામાં, તને ધ્યેય વ્હાલાં !
તારી હૂંફે નવતર થશે સ્નેહનાં દ્વાર ખુલ્લાં,
સોણાં સીંચી નિજ પથ જવું જોજનો કાપવાના,
સાહિત્યે તું પરમ-વીર શો સોહતો ફુલ્લ દેહે !
સૌંદર્યોના અતલ તલને પામવા વિશ્વ ઘૂમી
ગુંજી ર્‌હેજે નિત નવીન તું શબ્દને સંગ ઝૂમી !

દેવેન્દ્ર દવે (રાજકોટ)

એપ્રિલ '૯૫ 'કુમાર'નો અંક મળ્યો. આવરણ ચિત્રનું ગેટઅપ મુદ્રણદૃષ્ટિએ શ્રેષ્ઠ રહ્યું. લેમિનેશન ખર્ચની દૃષ્ટિએ મોંઘું રહેવા છતાં, ગમે જ ગમે એવું બને છે. સ્વરૂપ-રચના રીતિ, અભિવ્યક્તિ, ભાષાકર્મ, કલા વગેરે વાર્તાના કલાસ્વરૂપનાં ઠરાવેલાં મૂલ્યો મુજબ 'મંજરી' વાર્તા નબળી હોવા છતાં એનું વાર્તાવસ્તુ એટલું બધું બળકટ અને વાસ્તવિક જિંદગીની ધાર ઉપર ઊભું રહ્યું છે કે, વાર્તાના તમામ સ્વરૂપગત ખ્યાલોને અતિક્રમીને ભાવકને સમસંવેદનાઓનો હૃદયસ્પર્શી અનુભવ કરાવે છે, એક આખી નવલકથાનું કથાવસ્તુ ટૂંકીવાર્તામાં સમાવાયું હોવા છતાં વાર્તાનો જીવન સંસ્પર્શ એટલી પ્રતીતિકારક સચ્ચાઈ ધરાવે છે કે, વાર્તાના ઠરાવેલા તમામ મૂલ્યો સામે નજર કરવાનું મન થાતું નથી. લેખકને અભિનંદન. વાર્તાકાર આવાં સરસ વાર્તાવસ્તુઓ સાથે રચનારીતિ-અભિવ્યક્તિમાં પણ ખરી ઊતરે એવી સારી વાર્તાઓ આપતા રહે તેવી અપેક્ષા.

શ્રી કનુભાઈ જાનીની કથાઓમાં ભાવકોને જરૂર રસ પડે તેવું છે. પરંતુ - વચ્ચે આવતું કનુભાઈનું પાંડિત્ય રસક્ષતિ ઉપજાવે છે. ધારાવાહિક નવલકથા અઠવાડિયાનાં અંતરે પણ વાંચવી ગમતી નથી તો મહિને તો ક્યાંથી જ ગમે ? ભલે ને તે સાહિત્યની શ્રેષ્ઠ કૃતિ હોય.

(અનુસંધાન ૨૪૧ ઉપર)

### ઊનાં પાણીનાં માછલાં

(ભજન)

ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.
એમાં આસમાની ભેજ :
એમાં આતમાનાં તેજ :
સાચાં તો યે કાચાં જાણે
કાચનાં બે કાચલાં. - ઊનાં૦

સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ :
પોતે છીછરાં અતાગ :
સપનાં આળોટે એમાં
છોરુ થઈને ચાગલાં. - ઊનાં૦

જલના દીવા ને જલમાં ઝળહળે,
કોઈ દિન રંગ ને વિલાસ :
કોઈ દિન પ્રભુ ! તારી પ્યાસ :
ઝેર ને અમરત એમાં
આગલાં ને પાછલાં.
ઊના રે પાણીનાં અદ્‌ભુત માછલાં.

વેણીભાઈ પુરોહિત

## ક્યાંક

(ગાન)

ક્યાંક ઊઘડતું આવે અંતર,
ક્યાંક ઓસરી જાય !
બે આંખોમાં કંઈ કંઈ આવે,
કંઈ કંઈ ચાલી જાય !...

હૈયું જ્યારે ભારે ભારે,
ખાલી ખાલી હાથ !
આમ ભીંસતો મેઘાડંબર,
આમ હવામાં બાથ !
ક્યાંક કશું પકડાતું આવે,
ક્યાંક છૂટતું જાય...

એક તરફ ભરતીની ભીંસે
હોડીને હડદોલો !
બીજે એવી ઓટ, લાગતો
સમદર આખો પોલો !
કોણ તરે છે ? કોણ ડૂબે છે ?
કોણ ઊડે અમળાય ?

**ચંદ્રકાન્ત શેઠ**

## નિવૃત્તિ

(વસંતતિલકા-સૉનેટ)

નિવૃત્ત હું, નિબિડ જીવનનાં વનોને
વેગે વટાવી, અવ સ્વલ્પ કરું વિરામ,
સંગે હતા, સહુ વિદાય કરું જનોને,
વાર્ધક્યને વળી કરું હસીને પ્રણામ.

નિવૃત્ત હું, પ્રસૃત કાર્યકલાપ સર્વ
સંકેલતી, જ્યમ સમગ્ર વરેણ્ય ભર્ગ
લે આવરી જ સવિતા, શુચિવંત પર્વ,
આયુર્મહાગીત તણો બનું અંત્ય સર્ગ !

નિવૃત્ત હું ? નહિ, હજી ઘમસાણ ઘોર
છે અંતરે, શમ નહિ પણ માત્ર શોર,
તૃષ્ણા અહં પિશુનતા છલના પ્રમાદ
સંમોહ વૈર પશુતા મદ ને વિષાદ !

નિવૃત્તિનો સહજપ્રાપ્ત વિષાદયોગ
હો નિર્વૃતિ પરમ, દિવ્યપ્રસાદયોગ !

**શ્રીકાન્ત માહુલીકર**

## મૂળ સહિત –

(ગાન)

મૂળ સહિત ઝાડ ઊડે એમ ઊડી ગઈ તું ને રહી ગયો ખાડાની જેમ હું
તોય તને ચાહું છું કેમ હું ?
દરિયામાં પરપોટો થાવાની જેટલું જ ફૂટવું ય સ્વાભાવિક હોઈને
લાખ લાખ પરપોટા થાય અને ફૂટે પણ દરિયો ન સંભારે કોઈને
પણ તું તો દરિયામાં તરવરતું આભ હોઈ વીસરી શકું ન તને એમ હું.
પ્હેલવ્હેલી પ્હાડમાંથી ફૂટતી નદીને નરી વ્હેવાની હોય એકતાનતા
વ્હેવાનું હોય પછી એકધારું, વ્હેવાની હોય નહીં સ્હેજે સભાનતા
ચાહવાનું ભાન હુંય વીસરતો જાઉં તને ચાહતો રે જાઉં જેમ જેમ હું.

**જગદીશ વ્યાસ**

## તરી નાખો

(ગઝલ)

આ ઉદાસીનાં પડળને ખોતરી નાખો,
કોઈ મારાથી મને અળગો કરી નાખો.

પાણીનો આકાર છું હે, શિલ્પકારો !
પથ્થરોની જેમ જળને કોતરી નાખો.


રોજ મેલુંદાટ પહેરીને હું થાક્યો છું–
આ ત્વચાનું વસ્ત્ર આજે વેતરી નાખો.

જીતી નાખો બાજી, હું અંચી નથી કરતો,
ફેરવી નાખો તમે પાસા, ફરી નાખો.

આંસુનો આખ્ખો ય દરિયો તાગી નાખ્યો છે,
જીવ, વૈતરણી નદી કેવળ તરી નાખો !

**ભરત ભટ્ટ 'તરલ'**

**ક્યાંક** • બે વિરોધી અનુભૂતિની અવનવાં પ્રતીકો દ્વારા થએલી વિચારોર્મિસભર સુન્દર અભિવ્યક્તિનું ગાન. **મૂળ સહિત** • વિખૂટી પડી ગએલી પ્રિય વ્યક્તિની ન ભુલાય તેવી સ્મૃતિનું નવીન કલ્પનોભર્યું ગીત. **નિવૃત્તિ** • નિવૃત્તિની સમયલીલાને વિષાદમય ન ગણતાં તેને કોઈ દિવ્ય પ્રસાદયોગ લેખે જોગવતું સુબદ્ધ સૉનેટ. **તરી નાખો** • ઉદાસીનાં પડળ, પાણીનો આકાર, ત્વચાનું વસ્ત્ર, હારની બાજી અને વૈતરણી નદી જેવી કલ્પનાઓ દ્વારા ખુમારીથી જીવનને આગળ ધકેલવાનું રહસ્ય છતું કરતી ગઝલ. – ધી. પ.



## ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિના પુરોધા અને પ્રસારક, સમર્થ ગદ્યકાર અને યોગસાધક જેમની આ માસે જન્મશતાબ્દી છે તે

# અંબુભાઈ પુરાણી

ડૉ. રજનીકાન્ત જોશી

'બેટા અંબુ ! સમાલીને ચાલજે, રસ્તે સાપ, વીંછી, નડતર મળે તેને આનાથી છૂંદી જ નાખજે. ચારિત્ર્ય ઉત્તમ રાખજે. નહિતર એ જ ડાંગથી તને છૂંદીશ, એટલું યાદ રાખજે દીકરા.'

આવી ચીમકી ભરી શિખામણ એક કાકાએ પોતાના તરુણ ભત્રીજાને આપી હતી. આ કાકા તે ધીરજકાકા અને તરુણ ભત્રીજો તે પાછળથી ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિના પુરોધા અને પ્રચારક બનનાર અંબુભાઈ પુરાણી. અંબુભાઈ પિતા બાલકૃષ્ણભાઈ અને એમનાં ત્રીજી વારનાં પત્ની જડાબબહેનનું સંતાન. એમને બે બહેનો - લીલાવતી અને કલાવતી. એમનો જન્મ સૂરત ખાતે ૧૮૯૪ના મે મહિનાની ૨૬મી તારીખે થયેલો. આરંભનો શૈશવકાળ માતાપિતા સાથે જામનગરમાં ગાળ્યો. માતાપિતાની છત્રછાયા નીચે એમનું તોફાની અને સુખી બાલ્ય વ્યતીત થતું હતું. હજુ યુવાનીમાં પ્રવેશ કરે ત્યાં જ એમની ૧૬-૧૭ની વયે પિતાનું એકાએક અવસાન થયું.

પિતાના અવસાન બાદ માતા અને બહેનો સાથે મોટાકાકા ધીરજભાઈને ત્યાં ભરૂચ રહેવા ગયા. ત્યાં એમણે ધીરજકાકાની કડક શિસ્તછાયામાં તન અને મનને કેળવવા માંડ્યાં. ગુજરાતી સાત ધોરણનો અભ્યાસ ત્યાં જ પૂરો કર્યો. ધીરજકાકા શીઘ્ર કવિ પણ ખરા. આથી યુવાન અંબુભાઈને ગુજરાતી ભાષા અને સાહિત્યનો શોખ લાગ્યો, જે આગળ જતાં ખૂબ વિકસ્યો. સંસ્કારની કેળવણી પણ આ ભરૂચનિવાસ દરમિયાન દૃઢ થવા લાગી. ત્યારે ભરૂચમાં હોળીનું પર્વ બીભત્સ રીતે ઉજવાતું. યુવાન અંબુભાઈએ પોળના છોકરાઓને ઉજવણીની બીભત્સ રીતરસમોનો ત્યાગ કરવા સમજાવ્યા. હોળીની ઉઘરાણીના પૈસાથી હોળી બાદ ઉજાણી કરવા તૈયાર કર્યા. અને આમ એમણે એમાં સફળતા પ્રાપ્ત કરી વળી, તે વયથી જ તેમણે અસામાજિક તત્ત્વો સામે હામ ભીડી હતી. આ રીતે અંબુભાઈએ બાળપણનાં મસ્તીતોફાનને યુવાનીમાં વિધેયાત્મક રાહે પળોટ્યા.

ભરૂચમાં ગુજરાતી સાત ધોરણનો અભ્યાસ પૂરો કરી આગળ ભણવા માટે તેઓ વડોદરા પહોંચ્યા. ત્યાંની સયાજી હાઈ સ્કૂલમાં એમની બુદ્ધિચકાસણી થઈ. શિક્ષકોને લાગ્યું કે છોકરો હોશિયાર છે. આથી તેમને સીધો અંગ્રેજી પાંચમા ધોરણમાં પ્રવેશ અપાયો. વડોદરા-નિવાસ દરમિયાન ત્યાં તે વખતના પ્રાધ્યાપક અરવિંદ ઘોષના વિચાર અને વ્યક્તિત્વથી એ ખૂબ પ્રભાવિત થયેલા. એમના ક્રાંતિકારી વિચારોએ અંબુભાઈને દેશસેવાના માર્ગે આકર્ષ્યા. આ બધું બન્યું. ઈ.સ. ૧૯૦૭ની આસપાસ.

તેઓ નાનપણથી જ હાજરજવાબી અને હિમ્મતવાન. ભરૂચના એમના બાળગોઠિયા ચિમનલાલ દેસાઈએ જણાવ્યું હતું કે એક વાર પરોઢિયે પોતાના ઘરે કોઈ કૂદીને પડ્યું. તેના અવાજથી ચિમનભાઈનાં પત્ની 'ચોર...ચોર...' કહી જાગી ઊઠ્યાં. ચિમનભાઈ સફાળા જાગી ગયા અને જોયું તો અંબુભાઈ ! એ બોલી ઊઠ્યા, 'અંબુ, તું ક્યાંથી અત્યારમાં, આમ ?' અંબુભાઈએ જવાબ આપ્યો, 'આ તમારા ઘરમાં રાતે ચોર કેવી રીતે ચડી આવે, છૂરી હુલાવી દે ને માલમત્તા લઈ જાય તે બતાવવા માટે જ થાંભલે ચડીને આવ્યો. સમજ્યા ?' બધાં હસી પડ્યાં. બીક રાખવી નહિ અને લોકોની બીક દૂર કરવી એમ માની એવા પ્રયત્નો કરતા રહેતા. એક વાર ભરૂચમાં ચુનારવાડાના સાતેક ક્ષત્રિય જુવાનો યુવાન અંબુભાઈને ઘેરી વળ્યા. એ ક્ષત્રિયોની દાદાગીરી જબરી. અંબુભાઈના હાથમાં કેવળ એક કોરડો જ હતો. એમણે પેલા જુવાનિયાઓ સામે આંખ કાઢી. મામલો બીચક્યો. મારામારી સુધી વાત પહોંચી. અંબુભાઈએ કોરડો વીંઝીવીંઝીને પેલા જુવાનિયાઓનો એકલે હાથે સામનો કર્યો. આમ, હિમ્મત અને


પરાક્રમના પાઠ એ ગળથૂથીમાંથી જ જાણે શીખેલા. એમની હાજરજવાબી પણ એવી જ. એક વાર એ શાળામાં ઉઘાડા પગે ગયા. શાળાના આચાર્ય શ્રી હીરાલાલ શ્રોફે શાળામાં જોડા પહેરીને આવવાનો નિયમ સમજાવ્યો. અને કહ્યું, 'જોડા પહેર્યા વિના કેમ આવ્યા છો ?' અંબુભાઈએ તરત જ ઉત્તર આપ્યો, 'જ્ઞાન થોડું પગમાંથી આવવાનું છે ?' અને આચાર્યે તેમને એક સપ્તાહ સુધી શાળામાં આવવા દીધા નહિ !

અંબુભાઈ આમ હિમ્મતવાન તો હતા જ. પરંતુ એમનું શારીરિક સૌષ્ઠવ ઓછું. ૧૯૦૭માં શ્રી અરવિંદના ભાઈ બારીન્દ્રકુમારના પરિચયમાં અંબુભાઈના ભાઈ છોટુભાઈ આવ્યા. તેમણે દેશસેવા કરવાના શપથ લીધા. પરંતુ એ માટે પ્રથમ ગુજરાતીઓનું શરીર મજબૂત બનવું જોઈએ એવા વિચારથી અખાડાપ્રવૃત્તિનો આરંભ કરવાનો વિચાર કર્યો. આ વિચારને એમની ભાઈબંધ-ટોળીમાંના લક્ષ્મીનાથે સક્રિય ટેકો આપ્યો. તેમણે જણાવ્યું. 'અખાડો કરવો હોય તો મારા ઘરનો વાડો તૈયાર છે.' અને આમ તે વખતે વડોદરામાં 'લક્ષ્મીનાથ વ્યાયામશાળા'નો આરંભ થયો. એમાં અંબુભાઈને જોતરવામાં આવ્યા. છોટુભાઈ લખે છે, 'મારી સમગ્ર શક્તિઓ મેં ચિ. અંબુભાઈને કેળવવા પાછળ કેન્દ્રિત કરી, કારણ કે તેમના દ્વારા આ યોજનાનો ફેલાવો થાય એવી મારી ઇચ્છા હતી.' તેમના શરીરને સુદૃઢ બનાવવા વડોદરામાં પ્રથમ અંબુભાઈને મજમુદારના અખાડામાં મૂક્યા. એ વર્ષ ૧૯૦૮નું. ૫૦૦ દંડ અને ૧૦૦૦ બેઠકો કરવાની ! દરમિયાનમાં વ્યાયામના જાણકાર શ્રી બાપુરાવ ફણસલકરે એમને કુસ્તીના દાવ ખેલતા કર્યા. રોજ સવારસાંજ ચાર ચાર કલાક કુસ્ચી ચાલે. પછી મલખંભની કસરત પણ શીખ્યા. આમ, છોટુભાઈને અનુજ અંબુભાઈનો સક્રિય સહકાર સાંપડ્યો અને ૧૯૦૯ના મે મહિનાની ૧લી તારીખે વડોદરામાં 'લક્ષ્મીનાથ વ્યાયામ મંદિર'ની સ્થાપના થઈ, જેનું ઉદ્ઘાટન શહેરના શ્રેષ્ઠી શ્રી હરિભક્તિને વરદ હસ્તે થયું. આમ, ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિનો પ્રારંભ 'પુરાણી બન્ધુ'ઓએ કર્યો. એમાં સવિશેષ ફાળો આપ્યો અંબુભાઈએ. વિપરીત વાતાવરણ વચ્ચે પણ અંબુભાઈએ ગુજરાતનાં વિવિધ ગામોમાં અખાડાની પ્રવૃત્તિનો પ્રસાર કર્યો અને અનેક ગુજરાતી યુવાનોને શરીર-કેળવણીના માર્ગે વાળ્યા. ગુજરાતી યુવાન પેઢીને માયકાંગલાપણાની જે મહોર વાગી ગઈ હતી તે ભૂંસવા અંબુભાઈએ અથાક પ્રયત્નો કર્યા, અનેકોનો ખોફ વહોરીને પણ. શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે, 'પહેલવહેલો વડોદરામાં બાજવાડામાં અખાડો શરૂ કર્યો ત્યારે ત્યાંની વસ્તીએ પુરાણી અને એમના કાર્યકતાઓને ખૂબ જ ગાળોથી નવાજેલા. રોજ અખાડામાં મળમૂત્ર નાંખે, બચ્ચાંને ત્યાં જાજરૂ કરાવે અને કાનમાંથી કીડા ખરે એવી ગાળો તો રોજની જ !'


અંબુભાઈ અપાર ધૈર્યથી આ બધું સહન કરે અને પોતાની વ્યાયામ-પ્રવૃત્તિને આગળ ધપાવે. માત્ર આટલી જ સહનશક્તિ નહિ, પણ શારીરિક સહનશક્તિ પણ તેમની અમાપ હતી. એકવાર એ અખાડાનું છાપરું તૈયાર કરતા હતા. ઉપર બેઠાબેઠા સુથારીકામ કરે એમાં છાપરા પરથી પડ્યા. ચાર ઇંચનો ખીલો જાંઘમાં ઘૂસી ગયો. જાતે જ તે ખીલો ખેંચી કાઢી, દર્દની પરવા કર્યા વગર તરત જ કામે લાગી ગયા. વળી, એક વાર સુથારીકામ કરતા હતા ત્યારે વાંસલો વાગ્યો અને લોહી વહેવા લાગ્યું. તરત જ ધોતિયું ફાડી પાટો બાંધી બે સાથીઓના ખભાનો ટેકો લઈ જાતે જ દવાખાને પહોંચી ગયા. આવી હતી એમની સહનશીલતા. દેશસેવાના કાર્ય માટે પ્રથમ શરીરબળ આવશ્યક હતું, એ તેમને ત્યારે સમજાયું અને અન્યોને સમજાવવા વ્યાયામપ્રચાર કર્યો. 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'નો એમણે આ રીતે મહિમા કર્યો.

ઈ.સ. ૧૯૧૦માં ઇન્ટરની પરીક્ષા પાસ કરી અંબુભાઈ આગળ અભ્યાસ માટે મુંબઈ ગયા. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયા. અભ્યાસ સાથે વ્યાયામ પણ ચાલુ જ. જોકે તે કાળે મુંબઈમાં વ્યાયામશાળા નહોતી, પરંતુ એક ઉસ્તાદી અખાડો હતો. તેમાં ફી ભરીને પ્રવેશ મેળવેલો. પોતે બીજાઓને વગર ફીએ કુસ્તી શીખવે. આમ, એમણે અભ્યાસ અને વ્યાયામ બન્નેની સાધના જારી રાખી માનસિક અને શારીરિક વિકાસ સાધ્યો હતો. આ અખાડાપ્રવૃત્તિનો છેક લાહોર સુધી તેમણે પ્રચાર કરેલો.

ઈ.સ. ૧૯૧૫માં અભ્યાસ પૂરો થતાં એમનું લગ્ન લેવાયું. ભારતમાતાની આઝાદીના યજ્ઞમાં ખપી જવાના વ્રતધારી અંબુભાઈની લગ્ન કરવાની ઇચ્છા નહોતી છતાંય કુટુંબીજનોની સામે એમને નમતું જોખવું પડયું. પોતાની નાની વયે મોટી બાએ સૂરતના નાથુશંકર ભટ્ટનાં દીકરી લીલાવતી સાથે વેવિશાળ કરી રાખેલું. હવે તે લગ્નમાં પરિણમ્યું. પત્ની શિક્ષિત નહિ. એ ૧૩ વર્ષનાં પત્નીને અંબુભાઈએ શિક્ષિત કરવા માંડ્યા. આમ, સ્ત્રી-



અંબુભાઈ પત્ની લીલાવતીબહેન સાથે

અંબુભાઈ પોંડિચેરી આશ્રમમાં પોતાના નિવાસે ● ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિ કરતા વ્યાયામ વીરના સ્વાંગમાં

કેળવણીની દિશામાં પણ એમણે સ્વગૃહેથી જ પગરણ માંડ્યાં. એમનું ગાર્હસ્થ્ય સંતોષકારક અને સુખમય હતું. વફાદાર પતિ તરીકે ઘરની બધી ફરજો બજાવતાં બજાવતાં લોકપ્રવૃત્તિ એમણે જારી જ રાખી.

વ્યાયામપ્રવૃત્તિ તો એમની દેશસેવાની પ્રવૃત્તિની પૂર્વભૂમિકા જ હતી. આ વ્યાયામશાળાઓ અને ક્રાંતિની પ્રવૃત્તિ માટે સ્વાશ્રયથી જ નાણાં એકઠા કરવાનો એમનો નિરધાર હતો. આ માટે દેશી રીતે સાબુ બનાવી વડોદરાની ગુજરીમાં એ સાબુ વેચવા બેસતા. આ સાબુ બનાવવાનું કામ વધુ વ્યવસ્થિત રીતે શીખવા ૧૯૧૭માં એમણે બીલીમોરાની 'સોપ ઍન્ડ કેન્ડલ વર્ક્સ' ફૅક્ટરીમાં તાલીમ લીધી. સવારના છથી સાંજના છ સુધી ત્યાં કામ કરે. જે કામ અંબુભાઈ હાથમાં લે તેને ખંતપૂર્વક પાર પાડતા.

પણ હવે અંબુભાઈની જીવનદિશા બદલાય છે. અગાઉ શ્રી અરવિંદ ઘોષના નાના ભાઈ બારીન્દ્રકુમાર ઘોષને હિન્દ માતાની સ્વાતંત્ર્ય ચળવળમાં પ્રાણાર્પણ કરી શકે તેવા પંદર યુવાનોને તૈયાર કરવાનું છોટુભાઈ પુરાણીએ વચન આપ્યું હતું. આ વચન-પૂર્તિનો સમય હવે આવી ગયો હોય તેમ લાગ્યું. ૧૯૧૮માં ગુજરાતમાં ક્રાન્તિનો કાર્યક્રમ શરૂ કરવા માટે શ્રીઅરવિંદના આશીર્વાદ મેળવવા અંબુભાઈને પોંડિચેરી મોકલવામાં આવે છે. અરવિંદ સાથેના પોતાના આ પ્રથમ મિલન વિશે અંબુભાઈએ લખ્યું છે : 'ઉપરના વરંડામાં ભૂરા કપડાથી ઢંકાયેલા એક નાના ટેબલ પાછળ લાકડાની ખુરશી પર શ્રીઅરવિંદ બેઠા હતા. દાદર ચડી હું ઉપર ગયો. પ્રથમ દર્શને જ જાણે કોઈ આધ્યાત્મિક જ્યોતિ એમના ચહેરાની આજુબાજુ હોય એમ લાગ્યું. એમની દૃષ્ટિ વેધક હતી. પત્રવ્યવહાર કરેલો હોવાથી એમણે મને ઓળખ્યો તો હતો જ. ભાઈ છોટુભાઈ એમને વડોદરા મળેલા અને અમારા મંડળે એમની પાસેથી પ્રેરણા લીધી હતી એ વાત મેં કરી અને ક્રાન્તિની ચળવળનો અમલ કરવાની સ્થિતિમાં અમારું મંડળ છે એમ મેં જણાવ્યું. થોડી વાર પોતે મૌન રહ્યા. પછી મને સાધના વિષે પ્રશ્નો પૂછ્યા.' આ વાર્તાલાપ દરમિયાન હિન્દની સ્વતંત્રતા, તે માટે ક્રાન્તિ, અને બીજી બાજુથી યોગસાધના વિશે ઠીક ઠીક ચર્ચા થઈ. શ્રીઅરવિંદે જણાવ્યું :

'રાજકીય સ્વતંત્રતાનો સંકલ્પ તો હિંદ કરી ચૂક્યું છે, એ કાર્ય કરનારા, હિંદની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરનારા માણસો અને નેતાઓ જરૂર મળી આવશે. પણ યોગસાધના માટે કાંઈ બધાને સાદ થયો નથી હોતો અને થતો પણ નથી, એટલે તારા અંતરમાં જ્યારે એ વિષે સાદ થયો છે તો એના ઉપર એકાગ્રતા કરવી વધારે જરૂરી નથી ? તારે કરવી હોય તો ક્રાંતિ કરવાને તું મુક્ત છે, પણ મારી એમાં અનુમતિ નથી.'

અંબુભાઈ પોંડિચેરીથી ગુજરાત પાછા ફર્યા. આણંદ, અમદાવાદ વગેરે સ્થળે વ્યાયામપ્રવૃત્તિ વધારી, પરંતુ એમનું બીજું મન શ્રીઅરવિંદ તરફ ઢળતું જતું હતું. ૧૯૧૮માં શ્રીઅરવિંદ સાથેની પ્રથમ મુલાકાત બાદ તેમનાં અંગ્રેજી લખાણોનો ગુજરાતી અનુવાદ કરવા માંડેલો. ૧૯૨૦માં એઓ શ્રીઅરવિંદને બીજી વાર મળ્યા. તે જ વખતે શ્રીમાતાજીને એઓ પ્રથમ વાર મળ્યા. આ વખતે વધુ પ્રભાવિત થયા. વ્યાયામ સાથે શ્રીઅરવિંદ-વિચારના પ્રચારની પ્રવૃત્તિ એમણે ગુજરાતમાં વધારી; પરંતુ ૧૯૨૩માં શ્રીઅરવિંદ તરફથી પોંડિચેરી આવવાનું નિમંત્રણ મળતાં અંબુભાઈ ૧૯૨૩ના માર્ચ માસમાં ત્યાં છ માસ માટે ગયા. ત્રણેક માસ વધુ રોકાયા પછી શ્રીઅરવિંદની અનુજ્ઞા મેળવી છ-આઠ માસ માટે ભરૂચ આવ્યા અને પછી શ્રીઅરવિંદની અનુમતિ મળતાં જીવનસંગિની લીલાવતી બહેનને લઈ પોંડિચેરી પાછા ફર્યા.

હવે શ્રીઅરવિંદ-આશ્રમમાં યોગસાધના અને શ્રીઅરવિંદનાં પુસ્તકોનું વાચન, મનન તથા તે વિશે વ્યાખ્યાનો અને તેના અનુવાદો કરવાનું કાર્ય કર્યું. આ સાથે એમની પ્રિય વ્યાયામપ્રવૃત્તિ પણ ચલાવતા. શ્રી અરવિંદાશ્રમમાં ચાળીશની ઉંમર વટાવી ચૂકેલા વ્યાયામવીરોની ટુકડીના અંબુભાઈ વર્ષો સુધી કેપ્ટન

રહેલા. મલખમ, કુસ્તી, ટેબલ ટેનિસ, તરણ વગેરેમાં એમની કુશળતા આદરપાત્ર હતી. ૧૯૫૭માં આશ્રમમાં 'સ્વિમિંગ પૂલ' ખુલ્લો મુકાયો ત્યારે લગભગ ૬૪ વર્ષના અંબુભાઈએ ત્રણ મીટરના સ્પ્રિંગ બોર્ડ પરથી પલાંઠી વાળી એવો ભૂસકો મારેલો કે જોનાર સહુ છક થઈ ગયેલા. આમ, એ ચિરયુવાન હતા.

૧૯૨૪ થી '૪૭ સુધી ૨૩ વર્ષો આશ્રમમાં યોગસાધનામાં ગાળ્યાં પછી, ૧૯૪૭ના એપ્રિલમાં પ્રથમ વાર એમણે પૉંડિચેરી બહાર પગ મૂક્યો. પ્રથમ રામેશ્વર અને કન્યાકુમારી થઈ ગુજરાતમાં આવ્યા. અમદાવાદ, આણંદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, કોસંબા, વલ્લભવિદ્યાનગર, ભાદરણ, કપડવણજ, મહેમદાવાદ થઈ મુંબઈ અને દિલ્હી ગયા. જ્યાં જ્યાં પોતે વ્યાયામશાળાઓ સ્થાપી હતી તેની મુલાકાતો લીધી. શ્રીઅરવિંદના યોગદર્શન વિશે વાર્તાલાપો આપ્યા. એમનો આ પ્રવાસ લગભગ ૧૯૬૩ સુધી ચાલ્યો. ભારત ઉપરાંત ભારત બહાર પણ એમણે પ્રવાસ ખેડ્યો અને પોતાના આધ્યાત્મિક ગુરુ શ્રીઅરવિંદના તત્ત્વદર્શનની છણાવટ કરી. ૧૯૬૩ના માર્ચની ૨૦મી તારીખે તેઓ પોતાનો પ્રવાસ આટોપી પૉંડિચેરી પાછા ફર્યા. અહીં આવ્યા બાદ હવે તેમણે શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીનાં પુસ્તકોના અનુવાદો કરવાની અને તેનું પ્રકાશન કરવાની પ્રવૃત્તિમાં ધ્યાન કેન્દ્રિત કર્યું.

આ રીતે એમનું સાહિત્યિક અર્પણ પણ ઘણું મહત્ત્વનું છે. 'દર્પણના ટુકડા' (૧૯૩૩) તથા 'ઉપનિષદની વાતો' (૧૯૫૮) એમના વાર્તાસંગ્રહો છે. ૧૯૫૧માં એમણે 'મણિભાઈ નભુભાઈ દ્વિવેદીનું જીવનચરિત્ર' પ્રકટ કરેલું. 'ઇંગ્લૅન્ડની સંસ્કારયાત્રા' (૧૯૫૭), 'દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ,' 'પથિકની સંસ્કારયાત્રા' આદિ એમનાં પ્રવાસવર્ણનનાં પુસ્તકો છે. 'પથિકના પત્રો ૧, ૨, ૩' (૧૯૩૮-૩૯), 'પત્રોની પ્રસાદી' (૧૯૫૯), 'પત્રસંચય' (૧૯૬૪), 'પુરાણીના પત્રો' (૧૯૬૮)માં એમનું પત્રસાહિત્ય સંગૃહીત થયું છે. 'પથિકનાં પુષ્પો' (૧૯૩૨-૩૯) 'ચિંતનનાં પુષ્પો-૧,૨,૩' (૧૯૬૨-૬૪) તથા 'સમિત્પાણિ' (૧૯૫૬)માં એમના અધ્યાત્મ - ઇતિહાસ - સાહિત્ય આદિ વિષયો પરનું ચિંતનમનન ગ્રંથસ્થ થયું છે. 'સાહિત્યની પાંખે'માં શ્રી અરવિંદના કવિતા વિષયક વિચારોને એમણે વિશદતાથી રજૂ કર્યા છે. 'કલામંદિર' (૧૯૬૦)માં એમણે ભારત, ચીન, જાપાન વગેરે દેશોની કલા અને તેમાંની આધ્યાત્મિકતાની અધિકૃત ચર્ચા કરી છે. એમનું ગદ્ય પળોટાયેલું હતું. આથી જ સાક્ષરવર્ય બ.ક. ઠાકોરે ગુજરાતીના ૧૦ ઉત્તમ ગદ્યકારોમાં એમને મૂક્યા છે. વળી, તેઓ શિલ્પ, સ્થાપત્ય, સંગીત, ચિત્ર, નૃત્ય આદિ અન્ય લલિતકલાઓમાં પણ ઊંડો રસ ધરાવતા એટલું જ નહિ, પણ એ કલાઓના મર્મજ્ઞ પણ હતા. આવા ગૌરવવંતા વ્યાયામવીર અને યોગસાધક અંબુભાઈનું ૧૯૬૩ના ડિસેમ્બરની ૧૦મી અને શુક્રવારે વહેલી સવારે સવાપાંચ વાગે પૉંડિચેરી ખાતે અવસાન થયું.

આમ, અંબુભાઈ એક ગરવા ગુજરાતી હતા. આ માસમાં એમની જન્મશતાબ્દી છે ત્યારે હિમ્મત, ધૈર્ય, સંયમ, જ્ઞાનપીપાસા, ગુરુભક્તિ, વત્સલતા, દેશપ્રેમ આદિ એમના ગુણોનું માત્ર સંકીર્તન નહીં, પણ આપણામાં એ ગુણોનું સંવર્ધન થાય તે માટે સક્રિયતા દાખવીએ તે જ એમને ઉચિત સ્મરણાંજલિ બની રહે. પ્રખર તેજસ્વી મેધા, અપાર જિજ્ઞાસા, અદમ્ય અધ્યાત્મતૃષા, અનન્ય દેશપ્રેમ દાખવનાર અને ગુજરાતને વ્યાયામપ્રવૃત્તિના આરંભથી શિખર સુધી પહોંચાડનારી શક્તિના અજસ્ર સ્રોત સમા અંબુભાઈ પુરાણી સર્જક અને સાધકના અજોડ સમન્વય સમા હતા. □

આજના બુદ્ધિપ્રધાન યુગમાં ન સમજાય તેવી વાસ્તવિકતાના પાસવાળી વાર્તા

# તુલસી અને આંબો

• 'કૌશિક' •

'ઓ...મા...' કારમી ચીસ નીકળી ગઈ કપિલાના મુખમાંથી; પતિએ સાથળ ઉપર કરેલાં અસહ્ય ઘાથી. ફરી 'ઓ...મા....' એમ કણસતી તમ્મર ખાઈ ભોંય પર પછડાઈ પડી. પાગલ જેવો એનો પતિ તરુણ હજી ઘૂરકતો, ડોળા કાઢતો બાજુમાં ઊભો હતો. ચીસ સાંભળતાં બાજુના કમરામાં એક માંચી પર બેસી રહેતાં ને માળા ફેરવતાં જીવીબા, માળા પડતી મૂકી, ઊંચા ઘાંટે, ગભરાતાં હોય એમ ગરજી ઊઠ્યાં : 'રે, રે, વહુને પાછી આજે મ્હારા રોયાએ ટીપવા માંડી. કોઈ છે કે નહીં ? એને પકડી લો.' આમ હૈયાવરાળ કાઢતાં, માંચી પરથી નીચે ઊતરી, વા-વાળા પગથી ચલાતું ન હતું એટલે ઘસડાતાં ઘસડાતાં આ ઓરડામાં આવવા લાગ્યાં. પણ એ આવે તે પહેલાં બહાર કામ કરતી વિરાજ અંદર આવીને કપિલા પર છાંયો કરીને બેસી અને એને પમ્પાળવા લાગી હતી, મેઢા ઉપર કામ કરતો મગનો પણ દોડી આવ્યો અને તરુણને પાછળથી બેઉ હાથે ભીંસમાં લઈ લીધો. પછી એને ખેંચીને બહાર લઈ જઈ, ઓટલા પર બેસવા રાખેલા ખાટલામાં મૂક્યો. મૂકતાંની સાથે તરુણ ઢીલો થઈ ગયો, ઢળી પડ્યો અને મોટેથી રડવા લાગ્યો.

એનું રુદન સાંભળી, હજી પીડા અસહ્ય હતી તો પણ, કપિલા દુઃખ દબાવી, ભૂલી, ઊભી થવા મથી. વિરાજે એને બન્ને હાથે ટેકો આપ્યો. એ ઊભી થઈ, લથડતી ચાલે બારણા ભણી જવા ડગ ભરવા લાગી, ત્યાં વિરાજે કહ્યું : 'હજી ધરાયાં લાગતાં નથી, કે એમની સામે જઈને પાછાં ઊભાં રહેવું છે ?' કપિલાએ કંઈ જવાબ આપ્યો નહીં. વિરાજના ટેકાના આધારે જ એક એક પગલું માંડતાં એ આગળ ચાલી. એના આવા સ્વભાવથી વિરાજ ટેવાયલી હતી એટલે એ પણ સહાયક રહીને સાથે ચાલી.

બહાર ખાટલા પાસે આવીને કપિલાએ પતિ ભણી વ્યથા-ભરી નજર માંડી. તરુણ રડતો રડતો ઓશિકાની નીચે માથું ઢાંકીને પડી રહ્યો હતો. કપિલાએ ઓશિકું ખસેડી લીધું. તરુણનું રડવાનું ત્યાં જ બન્ધ; ભાવ શૂન્ય આંખે એ પોતાની વહુને જોઈ રહ્યો ને એકદમ શું સૂઝ્યું તે પોતાના ગાલ પર એ તમાચા મારવા લાગ્યો. કપિલાથી આ જોયું ગયું નહીં. તરત જ એણે પતિના બન્ને હાથ પકડી લીધા અને પાસે બેસી શરીરે હાથ ફેરવવા લાગી. વિરાજને કહ્યું : 'તું પાણી લઈ આવ.' વિરાજ પાણી લઈને આવી ત્યાં સુધી એ એમ જ હાથ પસવારતી પતિને શાન્ત કરતી રહી. પાણી આવતાં એણે તે પતિના મુખ આગળ ધર્યું. એ બેઠો થયો ને કપિલાની સામે જોતો આખો પ્યાલો ગટગટાવી ગયો. પછી પાછો પથારીમાં પડ્યો ટૂંટિયું વાળીને.

સાસુ જીવીબા, જ્યાં પ્રસંગ બન્યો હતો એ ઓરડામાં જ અકળામણ સાથે હજી બેસી રહ્યાં હતાં. થોડેથોડે આંતરે આવી ઘટના બનતી એથી એ મૂંઝાતાં હતાં, પણ શરીરે ભાંગી પડેલાં એવાં એ દીકરાને રોકી શકતાં ન હતાં. તરુણના પિતા અનુપરામ આવા પ્રસંગોને જાણતા, પરન્તુ માર્ગ-બાંધકામના વ્યવસાયમાં એમને આખો દિવસ ઘરની બહાર દૂર રહેવાનું થતું, અને રોજરોજ તો આવું બનતું નહીં, એટલે આવું બને ત્યારે મૂંઝાય, કંઈક રસ્તો કાઢવા મથે, પણ પછી વ્યવસાયની આડે કે અન્ય કારણે એ વિસારે મુકાય.

તરુણ અભ્યાસ કરી ઉમ્મરલાયક થયો ત્યારે કેવો આશાસ્પદ લાગતો હતો ! પણ એકાએક એને આવો ચિત્તભ્રમ થવાથી એમને ઘણું દુઃખ થતું હતું. ઘરમાં વહુ પણ હજી કોમળ વયની હતી. પોતાના વેવાઈસમા કપિલાના મામા પ્રતિષ્ઠિત દાક્તર હતા. એમની સલાહ લઈ ઉપચાર કર્યા હતા તો પણ આ ઉગ્રતાનું શમન નિત્યને માટે થતું ન હતું. પાગલાવાસમાં મૂકવાનો પ્રસ્તાવ પણ વિચારેલો. એમાં જીવીબાની સમ્મતિ હતી પણ પુત્રવધૂ કેમેય માનતી ન હતી. ઘરનાં મોટેરાં એની મરજી વિરુદ્ધ પગલું ભરવાનું માંડી વાળતાં.

કપિલાએ લગ્ન કરીને આ ઘરમાં પગલાં ધર્યાં ત્યારે તરુણે એને કેવા ભાવથી વધાવી લીધી હતી ! ભારતીય આદર્શ દામ્પત્યજીવન માટેની અભિલાષા, એનાં વેણમાં, એનાં વ્હાલમાં ને એના આચારમાં કેવી પ્રગટ થતી હતી ! સંસાર-વ્યવહારમાં રહીને પણ અતીવ એવી ઉચ્ચ ભૂમિકાએ સ્થિતિ પ્રાપ્ત કરવાના કેવા મનોરથ એ સેવતો હતો ? બ્રાહ્મમુહૂર્તમાં તે દિનાન્તે ઝાલર-ટાણા પછી કેટલોક વખત, એકાન્તમાં કોઈ કોઈ ક્રિયાઓનું અનુષ્ઠાન એ કરતો હતો. એ કૃતનિશ્ચયી હતો એટલે જ કંઈક ઉગ્ર પણ હતો. ને... પરિણામ ! કપિલાને થતું કે સાધનક્રમમાં ક્યાંક ક્ષતિ હશે કે ક્યાંક અતિરેક, જેના કારણે ચિત્તની આ અવસ્થા થઈ છે. તરુણે માત્ર શ્રવણથી, ગ્રન્થના વાચનથી અથવા કોઈ ભમતારામ અનધિકારી પાસેથી ક્રિયા વિશે અછડતું જાણી શરૂઆત કરી હશે. હવે સમર્થ ગુરુના અભાવે આ સ્થિતિનું નિવારણ કોણ કરે ? કપિલા મનમાં શોચતી - ધીરજથી આ દશાને સહન કરી એમાંથી

પાર ઊતરવું. કોઈ પણ સ્થિતિ સ્થાયી રહેતી નથી. પ્રાર્થના જ સહન કરવાની શક્તિ આપશે, અને કાલાન્તરે મનઃશાન્તિ. આવી શ્રદ્ધાથી વ્યથા ભોગવતી છતાં એ ટકી રહી શકી છે.

મોડી સાંજે અનુપરામ ઘરે આવ્યા ત્યારે આજના તરુણના તોફાનની વાત જાણી ખૂબ દુઃખી થયા. જીવીબાની અશક્તિ અને પુત્રવધૂ કપિલાની તિતિક્ષા, બન્ને એમને શૂળની માફક વીંધવા લાગી. ખાધું ન ખાધું કરી તરત એ દોડ્યા કપિલાના મામા ભાનુપ્રસાદ પાસે, ને જતાંઆવતાં જે સમય જાય તે, તરત એમને લઈને પાછા આવ્યા. તરુણને પાગલાવાસમાં મૂકવાથી એના સ્વભાવમાં સુધારો થશે એવું કપિલાને એ જ સમજાવે એવી પોતાની ઇચ્છા એમણે એમને કહી રાખી હતી.

પ્રથમ તો કપિલાને જ્યાં મૂઢ માર પડ્યો હતો ત્યાં દાક્તરમામાએ આંગળીઓથી તપાસ કરવા માંડી. સ્પર્શમાત્રથી કપિલાનું મુખ, દર્દની આહ સાથે વંકાઈ જતું. સોજો ચડેલો હતો, દાક્તરે એને યોગ્ય દવા આપી સૂઈ રહેવાનું કહ્યું. પછી અનુપરામ સાથે હિતવાત કરતાં કપિલાને સમજાવવા લાગ્યા. તરુણને પાગલાવાસમાં મૂકવાથી કશું ખોટું થવાનું નથી. ત્યાં એની સામે એને ન રુચે એવું કરનાર કોઈ નહીં હોય. મૂળે તો આ કરવું યોગ્ય, આ અયોગ્ય; આ પવિત્ર, આ અપવિત્ર; આને અડાય, આને નહીં - આવા વ્યામોહમાં જ્યારે એ આવે છે ત્યારે જ ભાન ભૂલતો જણાય છે. સંભવ છે આવા જ કોઈ હઠાગ્રહનું આવું પરિણામ આવ્યું હોય. બીજું કોઈ માર્ગદર્શન શક્ય જણાતું નથી તેથી એના શરીરને શિથિલ રાખે એવી મારી દવા અને એ ઉત્તેજિત ન થાય એવું એકાંત, એ બે જ એના સુધારામાં મદદરૂપ થાય એવું મારું અનુમાન છે. પાગલાવાસમાં એને ક્લેશ થાય એવા સંભવથી તું વિરોધ કરે છે એ સમજી શકું છું. પણ ત્યાં એને દુઃખ ન થાય એવી વ્યવસ્થા કરીશું. આ પ્રયાસ ઉપચાર રૂપે કરવા લેવો છે માટે તું તારી સંમતિ આપે એવી અમારી ઇચ્છા છે. વડીલોના મનમાં સંતાનોના અહિતનો ભાવ હોય જ નહીં.

અસહ્ય વેદનાએ કપિલાને [illegible] [illegible] હતી. એ એટલું જ બોલી : 'હું તમારી સાથે પાગલાવાસમાં આવીશ. મને વ્યવસ્થા ઠીક લાગશે તો...' એની આંખમાં ઊભરાતાં આંસુને પાલવથી લૂછતાં કહે 'હું સંમતિ આપીશ.' દાક્તરમામા કપિલાના માથે માયાળુ હાથ ફેરવી, આશ્વાસન આપી ઘરે ગયા, ને અનુપરામ વિરાજને વહુની પાસે જ તે રાતે સુવાનું કહી પોતાના ખંડમાં જઈ સૂતા.

•

**બી**જે જ દિવસે પાગલાવાસના ઉચ્ચાધિકારીને મળીને ત્યાંની વ્યવસ્થા સંબંધી માહિતી ભાનુપ્રસાદે મેળવી. સાથેસાથે પોતાના ભાણેજજમાઈની સ્થિતિની પણ વાત કરીને, અગાઉથી ખબર આપી એને મૂકી જઈશ એવું જણાવ્યું. ત્યાંથી આવીને, અધિકારી સાથે જે વાત થઈ હતી તે એમણે અનુપરામને કહી. બે દિવસ પછી આવતા શુક્રવારે સવારે તરુણને ત્યાં દાખલ કરાવવાનું અનુકૂળ થશે. એમ કહ્યું એટલે એ પ્રમાણે ભાનુપ્રસાદે પાગલાવાસના વ્યવસ્થાપકને સંદેશો મોકલી આપ્યો.

નક્કી કરેલા દિવસે સવારે ભાનુપ્રસાદ, અનુપરામ અને કપિલા તરુણને લઈને પાગલાવાસમાં ગયાં. ત્યાં કેવાં કેવાંને કેવી કેવી રીતે રાખવામાં આવે છે તે કપિલાએ નજર કરી જોઈ લીધું. છેક નાની ઉંમરથી તે આધેડ વય સુધીનાં ત્યાં હતાં. પ્રત્યેકનું ભિન્ન ભિન્ન વિચિત્ર વર્તન એણે જોયું. કેટલું કપરું હશે વ્યવસ્થાપક અધિકારીનું સંચાલન! તોય દરેક સાથેનું એમનું વલણ એને આશ્વાસક લાગ્યું. કપિલાએ અધિકારી પાસે બે વાત મૂકી : એક તો તરુણને આ બધાંથી દૂર એકાંતકક્ષમાં રાખવો; અને બીજી તે એને માટે નિત્યનું ભોજન ઘરેથી મોકલવામાં આવે તે આપવું. આ બન્ને શરતો અધિકારીએ સ્વીકારીને કહ્યું : 'જેને દાખલ કરવાનો છે એના વડીલ-સ્વજન જ્યાં એક પ્રતિષ્ઠિત દાક્તર છે ને એની શારીરિક તેમજ માનસિક સારવારમાં એમનો સહકાર મળી રહે છે તે તો રૂડી વાત થઈ. વચ્ચે વચ્ચે તમે રૂબરૂ મળવા આવતા રહેશો. એને રાખવાના કક્ષમાં એક પલંગ અને આરામખુરશી મૂકેલાં જ છે. બીજી કોઈ વાત હોય તો કહો.'

કપિલાએ કહ્યું : 'મને સંકોચ થતો હતો, પણ હવે તમારો સહૃદય પરિચય થતાં વિનંતી કરું છું - હું થોડી શ્રાવ્ય-કેસેટો લાવી છું; સાથે નાનું પ્લેયર. તમે અનુકૂળતા પ્રમાણે સવારે-સાંજે એ એમાંનાં ગીત-સ્તવન સાંભળે એવું કરશો. એમને એ બહુ ગમે છે.' અધિકારી સાનન્દ કપિલા તરફ જોઈ રહ્યા અને એના હાથમાંથી સાધનવાળી થેલી પોતે જ માગી લીધી. પછી એમણે તરુણને પોતાની સાથે આવવા કહ્યું, ને આંખના ઇશારે અન્ય ત્રણને વિદાય આપી. અનુપરામે અને ભાનુપ્રસાદે રાહતનો દમ લીધો, પણ કપિલાના પગ તો બળાત્કારે ઘરભણી વળ્યા હતા. ઘરે જીવીબા બેઠાં બેઠાં ઝૂરે; દીકરાને પાગલાવાસમાં મૂક્યો તે એમને ગમ્યું નહીં, પણ મન વાળ્યા વગર બીજો ઉપાય પણ શો હતો?

દિવસો વીત્યે જાય છે. કપિલા ઘરમાં હરે છે, ફરે છે, કામ કરે છે, પણ જાણે શૂન્યમનસ્ક. રોજ પાગલાવાસમાં ભોજન જાય છે. વચ્ચે વચ્ચે પોતે પણ તરુણને મળી આવે છે. શરૂઆતમાં એ તરુણને ચિડાયેલો જોતી, ક્યારેક રડતો તો ક્યારેક નિર્જીવની માફક પડી રહેલો પણ નિહાળતી.ધીરજનાં બે વેણ કહીને પાછી આવતી, ને ઘરે આવી 'ક્યાં સુધી મારી કસોટી કરવી છે, ભગવાન!' એવું મનમાં લાવી એકાન્તમાં રડી લેતી. પણ હવે થોડા વખતથી તરુણમાં કંઈક ફેરફાર થયો છે, એ કરગરે છે, 'બાપુ, મને ઘરે લઈ જાવ. કપિલા મને લઈ જા, હું તને નહીં

મારું.' પિતા હૃદયને કઠણ કરી પર રહેવાનો પ્રયત્ન કરે છે; કપિલા વ્યથિત છે; એને અનુકમ્પા થાય છે છતાં તરુણના વર્તનમાં થતા ફેરફારને અવલોકવા સિવાય તાત્કાલિક બીજું પગલું એનાથી ભરાય એમ ન હતું.

આમ જ છ-એક માસ વીતી ગયા. કેસેટના ગાનમાં તરુણ મન પરોવતો થયો છે, સાથે સાથે ગણગણવા પણ માંડે છે. એમ કરતાં ક્યારેક એને ઘેરી ઊંઘ આવી જાય છે, તો ક્યારેક એ પાછલી સ્મૃતિમાં ખોવાઈ જાય છે. કપિલાની સાથેનું પોતાનું રાક્ષસી વર્તન એને યાદ આવે છે. કેવા કેવા શબ્દના ફિટકાર સાથે એ કપિલાને ધીબી નાખતો. 'રાક્ષસી તેં મારા યજ્ઞને અભડાવ્યો; વેદીમાં હાડકાં નાખી એની જ્વાલાને તેં ઠારી, ધુમાડો કરી નાખ્યો.' આ બધી સ્મૃતિ એના અન્તરને બાળવા લાગી. હવે એને થતું કે રાક્ષસી કપિલા હતી કે એનું પોતાનું વર્તન! રડવું આવી જતું પણ હવે તે પોતાની ભૂલોનું. આ બદલાયેલી સ્થિતિમાં હવે પિતાને, પત્નીને એ કહે છે : 'મને કોઈ માફ નહીં કરે ? અહીં જ ગોંધાઈ મરું એવી શિક્ષાને લાયક છું હું. કપિલા તું...' એને બોલતો અટકાવી કપિલા કહે છે 'ઘરે આવવું છે ને ? ફરી તોફાન કરશો તો અહીં મૂકી જઈશ... બોલો.'

'ના, ના. તને હવે ક્યારેય હાથ નહીં અડકાડું' કહેતાં તરુણના કંઠમાં ડૂસકું ભરાય છે.

આર્દ્ર હૈયે કપિલાએ વ્યવસ્થાપકને કહી તરુણને મુક્ત કરાવ્યો. તરુણ બહાર આવ્યો કે તરત અનુપરામે એનો હાથ ઝાલી લીધો અને ત્યાંથી નીકળ્યા પછી કંઈ પણ ઓચિંતુ કરી ન બેસે એ માટે હાથ ધરેલો રાખી એને એ ઘરે લઈ આવ્યા. જીવીબાએ બેઠાં બેઠાં દીકરાનાં ઓવારણાં લીધાં.

•

ઘરની પછવાડે વાડો છે. વાડો એટલે નાનો બગીચો. એમાં ગુલાબ છે, ગલગોટા છે; ચમ્પો છે, ને ચમેલી છે; અડધી ઊંચાઈએ આવેલો કદમ્બ છે. ખુલ્લી જગામાં કપિલા ચણ વેરી જાય છે. કલબલ કરતી કેસરી ચાંચવાળી કાબરો, ગુટરુક ગુટરુક કરતાં કબૂતર અને ક્ચપચ સાથે ઊડાઊડ કરતાં ચકલાં ત્યાં આવે છે. અહીં એક બાજુ પર આરામખુરશી અને નાનું મેજ મૂકેલું છે. તરુણ ત્યાં આવીને બેસે છે; પસંદ કરેલાં પુસ્તકોના ચયનમાંથી કોઈ કોઈ લાવીને વાંચે છે. તો વળી અધવચ પુસ્તક બંધ કરી નિશ્ચલ આંખે બધું જોયા કરે છે. કપિલાની નજર એના પ્રત્યેક ભાવ પર મંડાયલી રહે છે. સંતોષ વરતાય છે એની આંખમાં. તે છતાં તરુણની આંખમાં ક્વચિત આછીયે રતાશ આવી જાય, એનાં અંગમાં લેશ પણ વિકલતા દેખાય કે તરત એની સામે આવીને એ ઊભી રહે છે, ને એક વેધક દૃષ્ટિ નાખી પૂછે છે : 'કેમ, પાછું...?'

તરુણ ગભરાઈને કહે છે : 'ના, ના, કંઈ જ નથી. તને હાથ નહીં અડકાડું. હું સ્વસ્થ છું.' કપિલા એના હાથ પકડી લે છે, મીઠા રૂઆબથી 'પણ મારો અધિકાર હું નહીં મૂકું' કહેતાં ખડખડ હસે છે. તરુણના મુખ પર મલકાટની રેખા અંકાય છે.

વળી એક દિવસ કપિલાએ આજ્ઞા કરતી હોય એવા પણ સરળ અવાજે તરુણને કહ્યું : 'સવારની પૂજામાં મારી સાથે તમારે પણ બેસવાનું છે. બન્નેને સાથે બેઠેલાં જોઈ બા કેટલાં રાજી થશે!' તરુણના મનઃપટ ઉપર એક ચિત્ર ઝળહળી રહ્યું. લગ્ન સમયની બન્નેની છબી કેટલા હેતથી, હરખથી મા જોયા કરતી હતી! એની આંખમાં નવું તેજ આવ્યું. એ દિવસથી બન્નેએ સેવા માટે પૂજાઘરમાં સાથે બેસવા માંડ્યું. ધીમે ધીમે તરુણનો ક્ષોભ ઓછો થતો ગયો, વિનોદવૃત્તિ સતેજ થઈ. થોડા દિવસ પછી પૂજા પૂરી થતાં તરુણે કહ્યું : 'કપિલા, તું તો સાચે જ 'કપિલા' છે, અમૃત ઝરતી; અને હું તારા નામને છેડેના 'લા' વગરનો.' એના કથનમાં વિનોદ હતો, તો ઊંડી આર્દ્રતા પણ હતી. એણે પોતાનું માથું કપિલાના ખોળામાં ઢાળી દીધું... ને મૌન... કપિલાએ કહ્યું : 'એવું બોલી મને સંતાપશો નહીં.' ને તરુણના માથાના વાળમાં પોતાની આંગળીઓને પરોવી રમાડતાં, ઓચિંતું યાદ આવ્યું હોય એમ એ બોલી : 'આ ઘરમાં મેં પગ મૂક્યો ત્યારે વાડો જોઈને શી વાત કરી હતી તે યાદ છે ને ?'

'હા, હા, તેં જ કહ્યું હતું.'

'ઘર-આંગણમાં તુલસી હોજો ને આંબો ખેતરમાં.' ને મેં કડીની પૂર્તિ કરેલી,

'તુલસી અમૃત...'

ને તું બોલી ઊઠી :

'આમ ખટ્ટ પણ અન્તે મધુરસ ઉરમાં ?'

આ પૂર્વસ્મૃતિમાં બન્ને મલકતાં હતાં ત્યાં વળી તરુણે કહ્યું : 'કપિલા, કેવી છે તું ?...' એ આગળ કંઈ ઉચ્ચારે તે પહેલાં જ કપિલાએ સ્પષ્ટ કર્યું : 'દેવી કહેવા જતા હતા ને ? તો તમે ?... સાંભળો...

મારા બન્ને બંધ હોઠમાં સદૈવ રમતું નામ.'

આ વખતે ધીરે ધીરે પૂજાઘરના બારણા પાસે આવીને બેઠેલાં જીવીબાએ જોયાં, 'વિગલિત નયન નયનમાં.' □

# આઝ્તેક સામ્રાજ્ય

કે. કા. શાસ્ત્રી

વૃદ્ધ નેઝાહુઆલ્પિલ્લિએ મોક્તેઝુમાને ચેતવણી આપેલી કે, 'મને એવું જણાય છે કે થોડાં જ વર્ષોમાં આપણાં નગરો પર ગજબ આફત આવી પડશે અને એનો નાશ થશે. આપણને અને બાળકોને મારી નાખવામાં આવશે અને થોડા જ દિવસોમાં આકાશમાં તેનાં સંકેત દેખાશે...' ઈ.સ. ૧૫૧૭માં હુઈત્ઝિલોપોચ્ત્લીના એક ભાવુક સેવકે આકાશમાં એક અદ્દભુત અને ભયજનક ધૂમકેતુ જોયો. મોક્તેઝુમાએ એનો વરતારો જાણવા પોતાના ભવિષ્યવેત્તાઓને બોલાવ્યા. એમણે તો પોતે એવું કંઈ જોયું જ નથી તેમ કહ્યું. મોક્તેઝુમાએ ગુસ્સે થઈ એમને કેદમાં નાખ્યા. નેઝાહુઆલ્પિલ્લિએ એને ભારપૂર્વક કહ્યું કે આ સંજ્ઞા આવનારી ખાનાખરાબીની છે. આ અપશુકનથી ચેતવણી મળે છે કે આવનારા સમયમાં કાળની છાયા ફરી વળશે.

ભયગ્રસ્ત સમ્રાટ આવું ભયંકર ભાવિ જાણી રડી પડ્યો. હતાશાના ઉદ્દગારો એ કાઢવા લાગ્યો. એ પછીના અનેક અપશુકનિયાળ સંકેતોએ એને ખળભળાવી દીધો. જો કોઈએ આવાં અપશુકનો જોયાં હોય તેવાને ખોળી કાઢી મોક્તેઝુમાએ એમને કેદમાં રાખ્યાં તથા એમને બહુ ઓછો ખોરાક આપીને ભૂખે માર્યા. હુઆત્ઝિલોપોચત્લિના એક મંદિરમાં આગ લાગી, બીજા એક પર વીજળી ત્રાટકી. સ્વચ્છ શાંત દિવસે પણ સરોવરમાં પાણીનાં મોટાં મોટાં મોજાં ઊજળ્યાં એમાં ઘણાં ડૂબી મર્યાં અને અનેક ઘરો નાશ પામ્યાં.

વિનાશક ભાવિના એંધાણ સમી આવી ઘટનાઓના કટોકટીભર્યા કાળ દરયિાન નેઝાહુઆલ્પિલ્લિનું અવસાન થયું અને એની સલાહ વિના મોક્તેઝુમાને નસીબે આ બધા અશુભ બનાવોના સાક્ષી બનવાનું રહ્યું. તેનોત્ચિત્લાનનાં લોકોને રાતે ભયાનક અવાજો સંભળાવા લાગ્યા અને અન્ય અનેક આવી અશુભ ઘટનાઓ વરતાવા લાગી. હતાશ સમ્રાટે નાસી જઈને કોઈ ગુફામાં રક્ષણ લેવાનું વિચારવા માંડ્યું.

પણ એ રોકાઈ રહ્યો. તપશ્ચર્યા, માનતાઓ અને પ્રાર્થના કરવા લાગ્યો. પરોઢના તારા શુક્રને રીઝવવા વિધિઓ કરવા લાગ્યો. નેઝાહુઆલ્પિલ્લિએ એને ચેતવણી આપી હતી કે એક ચોક્કસ પરિસ્થિતિ સર્જાશે કે જ્યારે સમ્રાટ પર ભારે આપત્તિ આવી પડશે. શુક્રનો તારક ઊગ્યો, ગૂમ થઈ ગયો અને ફરી પશ્ચિમે દેખાયો એમ એક તાલબદ્ધ ચાલતી એ ઘટના લોકોનાં મા-બાપ સમો મોક્તેઝુમા જોતો રહ્યો. શુક્રની આવનજાવન કોઈ શટલની જેમ મેક્સિકા વિશ્વના આવનારા અશુભ દિવસોનું વસ્ત્ર વણી રહી હતી.

ગલ્ફ કોસ્ટ તરફના સામાન્ય પણ વફાદાર એવા પગે ખોડવાળા એક વનવાસીએ એક ચમત્કાર જોયો. એની જાણ કરવા એ પગે અંગૂઠા વિનાનો માણસ પહાડીઓવાળો વિશાળ ઉચ્ચપ્રદેશ પાર કરીને પાટનગર આવ્યો અને મોક્તેઝુમાને જાણ કરી કે એણે દરિયાકિનારાને સ્પર્શ્યા વિના પાણી ઉપર તરતા અને આગળપાછળ નાનામોટા ખડકો જોયા છે. કંઠારની સતત ચોકી કરી તેની રક્ષા કરવાની ફરજ દરમિયાન એમણે આવું અગાઉ કદી નિહાળ્યું નહોતું.

મોક્તેઝુમાએ પણ આવું કદી સાંભળ્યું નહોતું. આવી માની ન શકાય તેવી વાત એને સૌથી મોટા અપશુકન જેવી લાગી. આ ઘટનાની સત્યાસત્યતાની તપાસ કરવા તરફ એક ટુકડી મોકલી, કિનારે પહોંચી ઝાડ ઉપર ચઢીને જોયું તો દરિયામાં ઘર તરતાં દેખાયાં અને તેમાં ધોળા વર્ણની લાંબી દાઢી તથા વિવિધ રંગના વસ્ત્રોવાળાં માણસો જોયા.

મોક્તેઝુમાએ એ સાંભળી કંઈપણ બોલ્યા વિના મોં પર હાથ મૂકી માથું ઢાળી દીધું. લાંબો સમય આ સ્થિતિમાં એ અવાક થઈ બેસી રહ્યો. પણ એ વર્ષ ક્વાએત્ઝાલકોત્લના જન્મસંવત્સરીનું અને એના પુનરાગમનના સંભવનું વર્ષ હતું. હવે તેની પ્રજા પણ આ ભેદી આકારોને કાંઠા પર સરકતા જોઈ દિડ્મૂઢ બની ગઈ.

ઈ.સ. ૧૫૧૯ના એ વર્ષમાં અગાઉની દરિયાખેડમાં ગૂમ થઈ ગએલા માણસો શોધતા સ્પેઈનનો હર્મન કોર્ટસ એ કંઠારે આવી ચડ્યો હતો. વખતોવખત જ્યાં એ પહોંચી લંગર નાખી સ્થાનિક લોકો સાથે વેપાર વિનિમય પણ કરી લેતો. એપ્રિલ માસમાં એ આઝ્તેક સામ્રાજ્યની કંઠારમાં આવી ચડ્યો. ૧૧ વહાણ, ૫૦૮ થોડા કાળા લોકો સાથે ૫૦૮ માણસો, ૧૬ ઘોડા અને થોડી તોપો એની સાથે હતી. વધારામાં એણે યુકતાનમાં વહાણ ભાંગતાં બચાવેલા સ્પેનયાર્ડો પણ હતા, જેમને માયાઓની ભાષા આવડતી હતી, અને એક અમેરિકન આદિવાસી સ્ત્રી પણ હતી. ડોના મરિના કે લા માલિન્ચી નામે ઓળખાતી. તેને તો વળી માયા ઉપરાંત નાહુઅત્લ ભાષા પણ આવડતી હતી. આને કારણે ભાષાના ત્રણ તબક્કામાં ભાષાંતર કરાવીને કોર્ટેસ નાહુત્લભાષીઓ સાથે વાત-વ્યવહાર ચલાવતો. ડોના મરિના ચાતુરીપૂર્વક કોર્ટેસને સલાહ પણ આપતી. કોર્ટેસને એની મોટી સહાય હતી.

કોર્ટેસના આગમનના સમાચારે મોક્તેઝુમા ઘોર હતાશામાં આવી પડ્યો. એણે પોતાના સોની, ઝવેરી અને પીછાંના શણગાર બનાવનારને બોલાવી આગંતુકોને ભેટ ધરવા માટે ઉત્તમ વસ્તુઓ બનાવવા આજ્ઞા કરી. અપશુકનોથી ભયત્રસ્ત અને પોતાને ત્યાંની પ્રથા પ્રમાણે આ અચાનક આવી પડેલાં લોકોને દેવોને

યોગ્ય એવી રીતે સન્માનવા વિચાર્યું હતું, અને એમના આગમનને થોડું વિલંબમાં નાખવાના ઉદ્દેશથી સંદેશવાહકો મોકલ્યા. એ માનતો હતો કે આગાહીઓ પ્રમાણે આ આવનારાઓ મારી પાસેનું સર્વસ્વ તેઓ લઈ લેવાના હોય અને એ ખરેખર ક્વેત્ઝાલ્કોત્લ દેવ હોય તો પોતાના વતી તેમનું સ્વાગત કરે અને સંદેશવાહકો સાથે મોકલાવેલી કિંમતી ભેટો તેને આપે. મને સોંપાએલી મારી ભૂમિ પર મારા મૃત્યુ સુધી ટકી રહેવા મને પરવાનગી આપે ને પછી ફાવે તેમ ભોગવે એવો સંદેશ પણ એણે મોકલ્યો.

ભેટ-સોગાદો લઈ એના મોટા ઉમરાવ સાથે તેના પ્રતિનિધિઓ કાંઠા તરફ ઊપડ્યા. ક્વેત્ઝાલ્કોત્લ, તેઝકાત્લિપોકા અને ત્લાલોક દેવોના પવિત્ર પોષાકો પણ તેઓ સાથે લઈ ગયા હતા. એક વહાણ ઉપર તેઓ કોર્ટેસને મળ્યા. કોર્ટેસે તેમને ક્વાએત્ઝાકોઅત્લનો પોષાક પોતાને પહેરાવવા મંજૂરી આપી. દેવતાઓને યોગ્ય મૂલ્યવાન ભેટો આપ્યા પછીએ કોર્ટેસે પૂછ્યું, 'મારા સ્વાગતમાં બસ આટલું જ ?'

આવનાર પ્રતિનિધિઓને એણે ખાદ્ય પદાર્થો, કાચના મણકા, તકલાદી રૂપકડાં શણગારો આપ્યાં અને એમને ગભરાવી પોતાનો પ્રભાવ પાડવા પોતાની તોપોના ધડાકા સંભળાવ્યા. કેફ ચડે એટલો દારૂ પાયો તે પછી એમને વળાવ્યા. મોક્તેઝુમા પાસે પહોંચી તેઓએ જે વાતો કરી એથી એ તો એમ જ સમજ્યો કે તેઓ તો દેવનાં દર્શન કરી આવ્યા હતા. અને તોપધડાકાની વાત સાંભળીને તો એ વધુ ભયભીત બની ગયો. તણખા ઝરતા આગ વરસાવતા ને ખાસ પ્રકારની વાસ પ્રસરાવતા ધુમાડાવાળા અને જો પહાડના શિખર ઉપર ફેંકાય તો તે શિખર પણ ઊડી જઈ ફાટી જાય તેવા પથ્થરના ગોળા જેવા તોપગોળાની વાતથી તો તે ખૂબ જ ગભરાવવા લાગ્યો. કોર્ટેસે ભેટ મોકલેલા ખાદ્ય પદાર્થોમાંથી બિસ્કિટ વગેરે ક્વાએત્ઝાલ્કોત્લના મંદિર દેવતાઓને ધરી તેમના ચરણ પાસે ભંડારી દીધા. હુઈત્ઝિલોપોકત્લિ દેવના ચરણ પાસે એણે ભેટ આવેલાં આભૂષણો દટાવી દીધાં. શંખનાદ અને ધૂપસુગંધ સાથે મોટી ધામધૂમથી આ વિધિ થએલો.

મોતેકુહઝોમાએ જ્યારે આ ખબરો સાંભળ્યા ત્યારે ગભરાટના માર્યા એનું હૃદય પણ જાણે બેસી ગયું. એને લાગ્યું કે જાણે એ લોકો હવે જિતાઈ જ ગયાં છે.

એક તરફ સમ્રાટ આમ હતાશ અને જડ બની ગયો હતો ત્યારે બીજી બાજુ કોર્ટેસ પોતાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો હતો. તોતોનેક નગર ઝેમ્પોઅલામાં એણે જોયું કે ત્યાં પોતાને લાભ થાય તેવી સ્થિતિ પ્રવર્તતી હતી. મહાન આઝ્તેક સામ્રાજ્યમાં બધું જોઈએ તેમ ઠીકઠાક નહોતું.

સ્થાનિક તોતોનેક લોકો દૂરદૂર રહી એમના પર શાસન કરતા સમ્રાટને ધિક્કારતા હતા. એમના સરદારે સ્પેનિયાર્ડોને આવકાર્યા અને પોતાના શાસકો વિરુદ્ધ ફરિયાદો. નજીકના ક્વેઆહુઇઝ્ત્લાનમાં ઓચિંતા જ મૅક્સિકા કર ઉઘરાવનારાઓ આવી ચડ્યા. ગુલાબનાં ફૂલોથી લદાએલાં એ લોકોને જોઈ કોર્ટેસને એ ગમ્યું નહિ. વળી, એમની હાજરીથી તોતોનેકો પણ ઝંખવાણા પડી ગયા. કોર્ટેસે એ લોકોને કેદ કરી લેવા તોતોનેકોને પ્રેર્યા અને કોર્ટેસનો વિશ્વાસ પામવા તોતોનેક સરદારે એનો અમલ પણ કર્યો.

તોતોનેકના ઉદાર વલણથી જેમ કોર્ટેસ બહુ ખુશ થયો તેમ તેમના ધાર્મિક ખયાલોથી એ અચંબો પામ્યો. તોતોનેકના કાળો પોષાક પહેરતા અને માનવરક્તથી ખરડાતા વાળવાળા ધર્મગુરુઓ પ્રત્યે એટલો જ અભાવ થતો. સ્પેનિયાર્ડોએ નજરે જોયું કે દરરોજ દેવોને ભોગ ધરવા ચારપાંચ જણનો આ લોકો વધ કરતા, તેમની છાતી ચીરી તેમાંથી હૃદય કાઢી દેવોને ધરતા અને એમનું લોહી મંદિરની દીવાલો પર છાંટતા. કોર્ટેસે આ માનવવધ બંધ કરવાની માગણી કરી ત્યારે તોતોનેકોના ધર્મગુરુઓએ કોર્ટેસને સમજાવ્યું કે જો તેઓ માનવબલિ આપે તો એમના દેવો તીડ મોકલીને એમની ફસલ ખલાસ કરી નાખે, સૂકો દુષ્કાળ મોકલી બધું બાળી નાખે યા વરસાદ મોકલી બધું તાણી જાય.

આ અંગે સારી પેઠે સંઘર્ષ કર્યા પછી પચાસ જેટલાં સ્પેનિશ સૈનિકોએ તોતોનેકોનાં મંદિરો પર ચઢી જઈ એમની દેવમૂર્તિઓને તોડી નાખી, ચાર મોટા ધર્મગુરુઓને પકડી તેમના વાળ કાપી નાખી સફેદ વસ્ત્રો પહેરી ભાંગેલી મૂર્તિઓના સ્થાને સ્થાપેલી વર્જિન મેરી સમક્ષ માથા ઝુકાવરાવ્યાં તથા મંદિરો વળાવ્યાં ને ફૂલો ચૂંટી લાવવા ફરજ પાડી.

કોર્ટેસે અહીંથી આગળ તેનોચ્તિત્લાન પર ચઢી જવા વિચાર્યું. અત્યાર સુધી તો એ માત્ર શોધસફરી હતો પણ હવે તોતોનેકોનો એને ટેકો મળતાં એની તાકાત વધી.

આ બધા સમાચારો મળતાં મોકતેઝુમાએ પોતાના ઉત્તમ ભૂવાઓને બોલાવી કંઈક કામણટૂમણ કરવા કહ્યું કે જેથી એવો પવન ફૂંકાય કે આ સ્પેનિયાર્ડો વેરવિખેર થઈ જાય, યા કોઈ એવા મંત્રો ભણે કે તે માંદા પડે કે મરી જાય યા જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા ફરી જાય. પણ આવું કંઈ થયું નહિ અને મોક્તેઝુમા કંઈ ન કરી શકતાં અંતે બધા પ્રયાસો છોડી જે કંઈ આવી પડે તેની રાહ જોતો નિષ્ક્રિય બની બેઠો. □

## ગ્રાહકોને

આપનું સરનામું બદલાય કે તરત જ કાર્યાલયને જાણ કરવી. આવી ખબર મળ્યા પછીના મહિનેથી તે નવા સરનામે 'કુમાર' મોકલી શકાશે. આપના ગામનો પિન કોડ અચૂક લખવો.

# ન્યૂટ્રોન તારા

પ્રહ્‌લાદ છ. પટેલ

સુપર નોવાથી તારો મૃત્યુ ભણી પ્રયાણ કરે છે. તારામાં ઉત્ક્રાંતિ દરમ્યાન પ્રથમ હાઈડ્રોજન પછી હિલિઅમનું દહન થઈ ક્રમશઃ ભારે તત્ત્વો બનતાં જાય છે. ન્યૂક્લિઅર દહનને કારણે સઘળું દ્રવ્ય લોખંડમાં રૂપાંતર પામે છે ત્યારે અંતર્ભાગનો આપત્તિજન્ય નિપાત થાય છે. પ્રોટોન વડે ઇલેક્ટ્રોનનું પ્રગ્રહણ થતાં તે ન્યૂટ્રોનમાં ફેરવાય છે. પરિણામે તારાનું દ્રવ્ય ન્યૂટ્રોનમય બને છે અને તારાનું કુલ દળ ૩$M_{\odot}$ કે ૪$M_{\odot}$થી ઓછું હોય તો આવો તારો અંતે ન્યૂટ્રોન તારા તરીકે સ્થિર થાય છે.

દૂર અંતરિક્ષમાં, જેની ઘનતા $૧૦^{૧૪}$થી $૧૦^{૧૫}$ ગ્રામ ઘન સેમી હોય તેવી તારાકીય (steller) અવસ્થાનો ખ્યાલ કરો. આ ઘનતા પાણીની ઘનતા કરતાં લગભગ દસ લાખ અબજ ગણી વધારે છે. આટલી બધી વધુ ઘનતા તો પારમાણ્વિક ન્યૂક્લિઅસમાં જ જોવા મળે છે. આટલી ઊંચી ઘનતાએ દ્રવ્યની પરિસ્થિતિ સમજવી આવશ્યક છે. તે માટે, ધારો કે 'વિશિષ્ટ શ્વેત વામન દ્રવ્ય'ને કોઈ એક સંવૃત (બંધ) તંત્રમાં રાખવામાં આવે છે. આ તંત્રનું કદ ક્રમશઃ ઘટાડવામાં આવે છે. આથી દ્રવ્યનું પણ કદ ઘટતાં તેની ઘનતામાં વધારો થતો જાય છે. તંત્રનું કદ હજુ વધારે ઘટાડવામાં આવે તો ન્યૂક્લિઅસ તરફ ધકેલાઈને તેમાં ટપોટપ પડવા લાગે છે. ન્યૂક્લિઅસમાં પ્રોટોન ડાચું ફાડીને બેઠા હોય છે. જેવા ઇલેક્ટ્રોન તેમાં પડે છે કે તરત જ તેનું ન્યૂટ્રોનમાં રૂપાંતર થાય છે. ન્યૂટ્રોન વિદ્યુતભાર વિનાનો દ્રવ્યનો મૂળભૂત કણ છે. તેનું દળ પ્રોટોનના દળ કરતાં થોડુંક જ વધારે હોય છે. આથી દ્રવ્યમાં ઇલેક્ટ્રોન અને પ્રોટોનનું અસ્તિત્વ લુપ્ત થાય છે. વિદ્યુતભારિત કણોનું ન્યૂટ્રોનમાં નિર્માણ થતાં ન્યૂક્લિઅસમાં બસ ન્યૂટ્રોન જ ભરેલા હોય છે. આ તબક્કે દ્રવ્યની ઘનતા ન્યૂક્લિઅર ઘનતા બરાબર થાય છે. આવા ન્યૂટ્રોન તારાને 'રાક્ષસીન્યૂક્લિઅસ' ગણી શકાય છે.

ન્યૂટ્રોન તારાની આ સ્થિતિ યથાવત્ જાળવી રાખવા માટે અપભ્રષ્ટ (degenerate) ન્યૂટ્રોન બળ પૂરું પાડે છે. આ બળ ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરે છે. દ્રવ્યની અતિ પ્રચંડ ઘનતાને કારણે ન્યૂટ્રોન તારામાં ગુરુત્વાકર્ષણ બળ પણ પ્રબળ બને છે. આથી આવા તારાની સંરચનામાં સાપેક્ષવાદ મહત્ત્વનો ભાગ ભજવે છે. હકીકતે તો ન્યૂટ્રોન તારો એ એવો પ્રથમ અવકાશમય પદાર્થ છે જેને સમજવા માટે સાપેક્ષવાદ અનિવાર્ય બને છે.

ન્યૂટ્રોન તારામાં ન્યૂટ્રોન આદર્શ ફર્મી-વાયુની રચના કરે છે. જોકે ન્યૂટ્રોન એકબીજા સાથે આંતરક્રિયા કરતા હોય છે, આથી આ ધારણા ઠીક (વાસ્તવિક) લાગતી નથી. ન્યૂટ્રોન તારાનું દ્રવ્ય પ્રવર્તમાન પારમાણ્વિક રચના ધરાવતું નથી. ન્યૂટ્રોન તારાની ત્રિજ્યા ભાગ્યે જ ૧૦ કિલોમીટર જેટલી હોય છે. તેનો અંતર્ભાગ ભારે સખત હોય છે. ભલે ન્યૂટ્રોન તારાની ત્રિજ્યા ઘણી વધારે નાની હોય પણ આવા તારાનું દળ ૧.૫$M_{\odot}$ જેટલું કે વધારે હોય છે. વ્યવહારમાં આવા તારાની કલ્પના કરવી મુશ્કેલ છે. પણ ખગોળ ભૌતિકશાસ્ત્રીઓના અભ્યાસની આગેકૂચ સાથે સૈદ્ધાંતિક ગણતરીઓ એ હદ સુધી જાય છે કે આવા તારાનું અસ્તિત્વ અનિવાર્ય છે. ૧૯૩૦માં અને પછીના સમયમાં કરેલા અવલોકનો વડે તેનું અસ્તિત્વ નિર્ણાયક બનતું જાય છે. થોડાંક વર્ષો પહેલાં નોંધાયેલ 'પલ્સાર્સ' ન્યૂટ્રોન તારાના અસ્તિત્વને ભારે અનુમોદન આપે છે. પલ્સાર્સ (Pulsating radio sources) એ સ્પંદનો કરતાં રેડિયો તરંગોના સ્રોત છે. અવકાશમાં એવા કેટલાક પદાર્થો અવલોકાયા છે જે દર સેકન્ડે કેટલાક રેડિયો તરંગો (સ્પંદનો)નું ઉત્સર્જન કરે છે. કેટલાક પદાર્થો તો દર સેકન્ડે ૧૦૦ સ્પંદનો કરતા માલુમ પડ્યા છે. હાલના તબક્કે એવી માન્યતા ઉપર આવી શકાયું છે કે આ પલ્સાર્સ એ બીજું કંઈ જ નથી પણ અક્ષિય પરિભ્રમણ કરતા ન્યૂટ્રોન તારા જ છે.

તારાના બાહ્યસ્તરના સુપર નોવા વિસ્ફોટ બાદ નિપાત થતાં અંતર્ભાગનું દળ કેટલાક સૌર-દળ જેટલું બને ત્યારે શું થતું હશે ? પ્રથમ તો તે સુપર નોવા જેવી ઊર્જાનું ઉત્સર્જન કરતી અન્ય પ્રક્રિયા દ્વારા દ્રવ્યને બહાર ફેંકે છે. આ સંજોગોમાં દળદાર તારાનું આખરી ભાવિ કાં તો શ્વેત વામન અથવા ન્યૂટ્રોન તારો હોય છે પણ હમણાં હમણાં એટલું વિદિત થયું છે કે હંમેશાં આવી ઘટનાઓ દ્વારા દળ બહાર ફેંકાતું નથી. પરિસ્થિતિ આવી જ હોય તો આવો તારો ન્યૂટ્રોન તારા તરીકે સ્થિર થઈ શકતો નથી. આવા અંતર્ભાગનો અમર્યાદિત રીતે વધુ ને વધુ નિપાત થવો જોઈએ. હકીકતમાં થાય છે પણ તેમ જ. અંતે દ્રવ્યની ઘનતા ઘણી વધારે બની જાય છે. આવી પરિસ્થિતિમાં તારાની સપાટી આગળ ગુરુત્વક્ષેત્રની તીવ્રતા પ્રબળ બને છે. ઘનતા અને પરિણામે ગુરુત્વક્ષેત્રની પ્રબળતા પ્રચંડ થતાં તારાની અંદર રહેલ કણ પણ ગુરુત્વક્ષેત્રમાંથી છટકી શકતો નથી. આથી, ભારે રસપ્રદ પરિદૃશ્ય જેવા થાય છે.

કોઈપણ તારા કે પૃથ્વી જેવા ગ્રહના ગુરુત્વક્ષેત્રમાંથી પદાર્થને છટકવા માટે આવશ્યક લઘુતમ ઊર્જાને કે ઝડપને નિષ્ક્રમણ (escape) ઊર્જા કે નિષ્ક્રમણ ઝડપ કહે છે. જેમ ગુરુત્વાકર્ષણ બળ વધુ પ્રબળ તેમ પદાર્થને છટકવા માટે નિષ્ક્રમણ ઝડપ પણ વધુ હોય છે. એટલે કે પ્રબળ ગુરુત્વાકર્ષણ બળવાળા ક્ષેત્રમાંથી બહાર નીકળવા માટે અવકાશ-યાન કે રોકેટની લઘુતમ ઝડપ પણ

(અનુસંધાન પાન ૨૩૧ ઉપર)

# દક્ષિણ ભારતનાં મંદિરો

(ઈશાન)

હેમંત વાળા

ઈ. ૧૩૨૮માં લગભગ સમગ્ર દક્ષિણ ભારત દિલ્હી સલ્તનતની આણ નીચે આવી ચૂક્યું હતું. આનાથી તત્કાલીન હિન્દુ સમાજને કલ્પી ના હોય તેવી સામાજિક તથા ધાર્મિક મુસ્કેલીઓ મળી. પરિણામે સન ૧૩૩૬માં વિજયનગર સામ્રાજ્યનો ઉદય થયો. સનાતન ધર્મની સાચવણી તથા તેની રજૂઆતની દઢતાની જરૂરિયાત વિજયનગર સામ્રાજ્યના સમયે જેટલી જરૂરી જણાઈ હતી તેટલી તે પહેલાં દક્ષિણ ભારતમાં ક્યારેય જણાઈ ન હતી. આના ફળ સ્વરૂપે જ આ સામ્રાજ્ય-કાળમાં દ્રવિડિયન મંદિર-શૈલી પૂર્ણતાને પામી. આ સમયગાળામાં મંદિરની પૂજાનાં ક્રિયાકાંડમાં ઉત્સવો જેવી પરંપરા વિકસી જેનાથી મંદિરની જરૂરિયાતો વધતી ગઈ, અંતે મંદિર માત્ર મંદિર ન રહેતાં મંદિર-સંકુલ બન્યું. થાંભલાની કુંભી તથા મથાળા વચ્ચેના ભાગનું લાવણ્ય, ઉન્નત અશ્વો તથા અનિયંત્રિત હિપોગ્રીફાકારની ટેકણીઓ, દેવ-દેવીના લગ્નોત્સવ માટેના કલ્યાણ-મંડપ, વિવાહ માટેની વેદિકા, વધુ અલંકૃત તથા વિશાળ સભાખંડો - આ બધી બાબતો દ્રવિડિયન મંદિરોમાં વિજયનગરના સામ્રાજ્યકાળમાં આવી. આ મંદિરોની સુંદરતા પ્રતીકાત્મક રજૂઆત માટે કંડરાયેલા સ્તંભો વડે વધુ દીપી ઊઠતી. ઘણીવાર આ સ્તંભના પથ્થરોને ટકોરો મારતાં તેમાંથી સંગીતના વિવિધ સૂરોનો ધ્વનિ ઊઠે તેવી રચના પણ કરાતી. હાલમાં હમ્પી તરીકે ઓળખાતા વિજયનગરના ૧૬મી સદીમાં બનેલ વિઠલા તથા હજાર રામ મંદિરો આ સામ્રાજ્યમાં બનાવાયેલાં મુખ્ય મંદિરો છે. સન ૧૫૧૩માં રાજા કૃષ્ણદેવરાય દ્વારા બનાવડાયેલ વિઠલા મંદિર વધારે અલંકૃત પરંતુ અધૂરું છે. આશરે ૫૦૬ × ૩૧૩ ફૂટમાં વિસ્તૃત ચૉકમાં આવેલું આ મંદિર કેટલાક ઇતિહાસકારોની દૃષ્ટિએ અલંકૃતપણાની પૂર્ણતા દર્શાવે છે. બહારની ઊંચી દીવાલની અંદર ત્રિસ્તરીય સ્તંભવાળી પરસાળ, ઊત્તર, દક્ષિણ તથા પૂર્વમાં આવેલા ગોપુરમ્ તથા જરૂરિયાત પ્રમાણે વિવિધ પ્રમાણમાપવાળા મંડપો આ મંદિરની શોભા છે. કાષ્ટના કોતરકામની પ્રતિકૃતિ જેવી પથ્થરની કોતરણી એ અહીંની લાક્ષણિકતા છે. આ મંદિર હજાર રામમંદિર કરતાં ઘણું વિશાળ છે. કારણ તે આમ-જનતા માટેનું મંદિર હતું, જ્યારે હજાર રામ મંદિર રાજવી કુટુંબનું ખાનગી મંદિર હતું. વિજયનગર સામ્રાજ્યના સમયકાળનાં અન્ય મંદિરો વેલુર, કુમ્ભકોનમ્, કામેલીપુરમ્, તડપત્રી, વીરીનમીપુરમ્ તથા શ્રીરંગમ્માં છે.

સન ૧૫૬૫માં વિજયનગરના પતન પછી તામિલનાડુમાં નાયક રાજ્યકુળનું શાસન આવ્યું જેની રાજધાની મદુરાઈ હતી. નાયક રાજ્યશ્રયે દ્રવિડિયન મંદિર-શૈલીમાં પરાકાષ્ઠા આવી. હવે મંદિરો દીવાલો વડે સુરક્ષિત ભવ્ય સભાગૃહોવાળાં નાના નગર સમાન થયાં. મંદિરની બધી જ જરૂરિયાતો હવે આ મંદિર-નગરમાં જ સંતોષાતી. આ રાજ્યકાળમાં મદુરાઈમાં વિવિધ તહેવાર-ઉત્સવ-સામુહિક ક્રિયાકાંડ માટે વિશાળ મંદિર-સંકુલ બનાવાયું. આ મંદિર-સંકુલના મધ્યમાં આવેલ મુખ્ય પ્રાસાદની ચારે તરફ તેની મુખ્ય-અક્ષરેખા પર વિકાસ કરાયો. આશરે ૮૬૩ × ૭૩૬ ફૂટના વિસ્તારમાં પ્રસરેલ આ



હળેબીડના મંદિરની પીઠમાન, મંડોવર, છત તથા લેથ પર ઉતારેલા સ્તંભો વચ્ચે ફસાવેલી પથ્થરની જાળી

નીચે. કેરળની મંદિરશૈલીમાં ત્રિચુરનું મંદિર



સંકુલની બહારની દીવાલમાં આવેલાં ચાર ગોપુરમ્માં થઈને સંકુલમાં પ્રવેશી શકાય છે; જેમાંનું મુખ્ય ગોપુરમ્ સૌથી ઊંચું છે. ત્યારબાદનો મંદિરનો ભાગ મહદ્અંશે દીવાલ તથા સપાટ છત દ્વારા નિર્ધારિત થાય છે. તે પછી મંદિરની ત્રીજી સંરક્ષણાત્મક દીવાલ આવે છે, જેમાં માત્ર પૂર્વાભિમુખ એક જ પ્રવેશદ્વાર છે. તેની અંદર મંદિરનું મુખ્ય પ્રાસાદ-સ્થાન આવેલું છે. આ મંદિર-સંકુલમાં લગભગ ૨૦૦૦ જેટલા સ્તંભો, નાના-મોટાં મંડપો, કુલ ૧૧ ગોપુરમ્, તથા એક વિશાળ કુંડ છે. મદુરાઈના મીનાક્ષી મંદિર કરતાં શ્રીરંગમ્નું મંદિર-સંકુલ તેના વિસ્તારની દૃષ્ટિએ વધારે મોટું છે. આ મંદિરમાં ગ્રેનાઈટમાં કોતરી કઢાયેલા ૧૦૦૦ સ્તંભોનો મંડપ સ્થાપત્યની દૃષ્ટિએ મહત્ત્વનો છે. જ્યારે નાયક રાજકુળના સમયમાં જ બનાવાયેલ રામેશ્વર મંદિરના ચોકની ફરતે આવેલી ૧૨૨૦ મીટર લાંબી પરસાળ ખાસ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત, આ સમયગાળામાં ચિદમ્બરમ્ના મંદિર-સંકુલમાં પણ ઉમેરો કરાયો હતો.

દ્રવિડિયન શૈલીમાં મંદિરો ૧૭મી સદી બાદ પણ બનાવાયાં હતાં પણ તે શૈલીના વિકાસમાં તેનો ફાળો ઉલ્લેખનીય નથી.

સ્થાપત્યમાં ચાલુક્ય મંદિર-શૈલી દ્રવિડિયન મંદિર-શૈલી કરતાં પ્રાચીન હોય તેમ જણાય છે. ગુપ્ત-સ્થાપત્યમાં હિન્દુ મંદિરોની છત સપાટ રહેતી; ગંગાતટના પ્રદેશોમાં પાછળથી શિખર બનાવવાની શરૂઆત થઈ, જેની અસર ચાલુક્ય સ્થાપત્ય શૈલી પર પડી. આ સ્થાપત્ય શૈલીનાં મંદિરો કર્ણાટકમાં મુખ્યત્વે ઐહોલે, પટ્ટડકલ તથા બાદામીમાં જોવા મળે છે. ઈ. ૫૩૮માં પુલકેશી પહેલા દ્વારા ચાલુક્ય રાજ્યકુળની પરંપરા શરૂ થઈ તે સમયે એકલા ઐહોલેમાં જ ૭૦ ઉપરાંત મંદિરો હતાં. પાછળથી મંદિર-સ્થાપત્યનો વિકાસ બાદામી તથા પટ્ટડકલ ખાતે થયો.

તેની નજીકમાં રહેતા એક મુસ્લિમ વ્યક્તિના નામ પરથી લાડખાન મંદિર તરીકે પ્રસિદ્ધ થયેલ ઐહોલીનું મંદિર ભારતમાં રચનામૂલક મંદિરની શરૂઆતનું મહત્ત્વનું ચરણ છે. તે ઉપરાંત ત્યાંનું દુર્ગામંદિર પણ સ્થાપત્યના ઇતિહાસમાં એટલું જ અગત્યનું છે. જ્યારે બાદામીમાં રચનામૂલક મંદિરો કરતાં ગૂઢ-મંદિરોનો ઇતિહાસ વધુ રસપ્રદ છે. ઐહોલે, બાદામી તથા પટ્ટડકલના મંદિરોનો ઉત્તરભારતની ઇન્ડોઆર્યન મંદિરશૈલીના આરંભના પ્રકરણમાં સમાવેશ કરાય છે. જે વિષે આપણે અગાઉ ચર્ચા કરી ચૂક્યા છીએ. આમ, કહેવાતી દક્ષિણભારતની ચાલુક્યન શૈલી ઉત્તરભારતની મંદિર-શૈલીના ભાગરૂપે ગણાય તે સહજ છે.

આ શૈલીમાં સન ૧૦૦૦થી સન ૧૩૦૦ના સમયગાળામાં હોયસળ રાજ્યાશ્રયે ખૂબ જ અલંકૃત મંદિરો બનાવાયાં જેમાં બેલુરનું ચિન્નકેશવમંદિર, હળેબિડનું હોયસળેશ્વર મંદિર તથા સોમનાથપુરનું કેશવમંદિર મુખ્ય છે. સન ૧૧૧૭માં રાજા વિષ્ણુદેવે બનાવડાવેલું ચિન્નકેશવનું મંદિર આશરે ૧૮૦ × ૧૫૮ ફૂટના ચાર ફૂટ ઊંચા મંચ ઉપર છે જે હોયસળ મંદિર સ્થાપત્યની શરૂઆત છે. આ મંદિરમાં કરાયેલી બારીક કોતરણી ત્યારબાદના આ શૈલીનાં મંદિરોમાં જોવા મળે છે. ભૌમિતિક આકારમાં પ્રદક્ષિણાપથ માટેનો ઊંચો મંચ, અર્ધમંડપમાં આયોજાયેલી પથ્થરની જાળીઓ, અલંકૃત જગતી તથા પીઠમાન, સરાણ પર ઉતારેલા ગ્રેનાઈટના સ્તંભો, મંડોવર પર વિષ્ણુ શિવ તથા બ્રહ્માનાં શિલ્પો, મદનિકા તરીકે ઓળખાયેલા સ્તંભશીર્ષતબની ત્રાંસી ટેકણીઓ; હોયસળ મંદિરની આ મુખ્ય બાબતો સન ૧૧૧૮માં જેનું બાંધકામ શરૂ થયેલું તેવાં હળેબિડના મંદિરમાં પણ જોવા મળે છે. આ મંદિરમાં પણ બેલુરના મંદિરની જેમ શિખરની ગેરહાજરી ધ્યાન ખેંચે છે. દ્રવિડિયન શૈલીનાં મંદિરોનાં ગોપુરમ્ તથા વિતાનની રચનામાં જે પ્રકારે કોતરણી તથા શિલ્પકામ થયાં છે તે જોતાં બેલુર તથા હળેબિડના મંદિરોની સપાટ છત અસ્થાને લાગે છે. તે છતાં પણ મંદિરોના અન્ય ભાગ અને ખાસ કરીને મંડોવરની કોતરણીની બારીકાઈ તથા લાવણ્યને કારણે આ મંદિરો દક્ષિણ ભારતના સ્થાપત્યના ઉત્કૃષ્ટ



કેરળનું ઝૂંપડી નીચે વિશિષ્ટ શિવમંદિર

નમૂનાઓમાં લેખાય છે, જો કે સોમનાથપુરમ્‌માં બનેલ હોયસળ મંદિર શિખર સાથેનું સંપૂર્ણ છે. તારકઆકાર મંચ ઉપર બનેલું આ મંદિર પ્રમાણમાં ઓછું પ્રસિદ્ધિ પામેલું છે.

કર્ણાટકમાં તથા તામિલનાડુમાં જ્યારે ચાલુક્ય તથા દ્રવિડિયન મંદિર-શૈલી પ્રવર્તમાન હતી ત્યારે કેરાલાનાં મંદિરો તેમની આગવી શૈલીમાં વિકસ્યાં. અહીંના વરસાદને કારણે આ મંદિરો ઢળતાં છાપરાંવાળાં બનાવાયાં. આનાથી આ મંદિરો ઘરેલુ, નમ્ર તથા વધુ આત્મીય બન્યાં. શ્રીકોઈલ તરીકે ઓળખાતા આ મંદિરો લંબચોરસ, ચોરસ અથવા ગોળાકાર બનાવાતાં અને આ આકાર તેમની છતમાં પણ વ્યક્ત થતો. લાકડાના મુખ્ય ઉપયોગથી બનાવાયેલાં આ મંદિરોના એક અથવા દ્વિસ્તરીય છાપરાં આ મંદિરોને પરંપરાગત મંદિર-શૈલીથી અલગ પાડે છે. ઘણીવાર દૂરથી આ મંદિરને મંદિર તરીકે ઓળખવા મુશ્કેલ પડે. આ પ્રકારનાં મંદિરોમાં તિરૂમંડીકરા, વૈકોમ તથા ત્રીકોઠીયનમ્‌ના મંદિરો મુખ્ય છે. આમાંનું ત્રિકોઠીયનમ્‌નું મંદિર ૮૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. પ્રમાણમાં નાના તથા સાદગીમય લાગતાં આ મંદિરોની સ્થાપત્ય શૈલીમાં ત્રિચુરના મંદિર તથા પદ્મનાભપુરમ્‌ના રાજમહેલ સંકુલની રચનામાં પૂર્ણતા આવી. કેરાલાનાં આ મંદિરો કંઈક અંશે કાશ્મીરનાં મંદિરો સાથે સામ્ય ધરાવે છે.

દક્ષિણ ભારતની મુલાકાતે જનાર પ્રત્યેક વ્યક્તિ આ પ્રદેશને મંદિરોના પ્રદેશ તરીકે ઓળખવા પ્રેરાય તે સહજ છે. આમ તો ઉત્તર ભારતમાં પણ ઘણાં મંદિરો છે, પરંતુ વિન્ધ્યની દક્ષિણનો ભાગ પરદેશી અને ખાસ કરીને મુસ્લિમ આક્રમણકારો - શાસકોથી મુક્ત રહ્યો હોવાથી અહીંનાં મંદિરોની વિનાશની પ્રક્રિયા ઓછી રહી છે. પરિણામે અહીં મંદિર સ્થાપત્યનો ઇતિહાસ માત્ર એકધારો જ નહીં પણ તેના પ્રત્યેક ચરણના ઉત્કૃષ્ટ નમૂનાઓ પણ હયાત છે. વળી, દક્ષિણ ભારતની એક ખાસિયત નગર સમાન બની રહેતાં મંદિર-સંકુલોની છે.

વાસ્તુ-શાસ્ત્રના બધા જ નિયમો દક્ષિણભારતનાં મંદિરોમાં પ્રતિબિંબિત તો થાય છે જ પરંતુ તે ઉપરાંત આ મંદિરો સામાજિક વ્યવસ્થા, તેની ધાર્મિક વિચારસરણી, જીવનની ગૂઢ બાબતોનું તત્ત્વજ્ઞાન તથા નીતિમત્તાનાં ધોરણો પ્રતિબિંબિત કરે છે. અહીં મંદિર એ અર્થવ્યવસ્થા, રાજકીય પ્રથા તથા સામાજિક પરંપરાને આશ્રય આપતી સંસ્થા છે અને તેથી જ અહીં ઘણાં ગામ-નગરો મંદિરની આસપાસ મંદિરના કારણે જ વિકસ્યાં. અહીંનાં મંદિરો, ઘણીવાર શરાફી-પેઢી તરીકેનો ભાગ પણ ભજવતાં. અહીંના આ ઐતિહાસિક મંદિરો સ્થપતિઓના વ્યક્તિગત દૃષ્ટિકોણની રજૂઆત ન રહેતાં પરંપરાને આગળ વધારવાનું માધ્યમ બની રહ્યાં. તેથી જ મહાબલિપુરમ્‌ના રથોની રચના, મદુરાઈના મંદિરના ગોપુરમ્‌ની ભવ્યતા, તાંજોરના મંદિરના શિખરની આકર્ષકતા તથા હળેબિડનાં શિલ્પોના લાવણ્ય પાછળ કયા સ્થપતિની પ્રેરણા હશે તે ભાગ્યે જ જાણી શકાયું છે. □

---

અનુસંધાન ] ઇતિહાસધારા [ પૃ. ૨૨૨ પરથી

શાહઆલમ તરફથી કંપની સરકાર પર ચાલીસ લાખ રૂપિયાની માગણી કરતો પત્ર લખી મોકલ્યો. કંપની સરકારના તા. ૧૦મી નવેમ્બર ઈ. ૧૭૭૨ના બ્રિટિશ સરકાર પરના પત્રમાં લખવામાં આવ્યું :

'આ એક બહુ જ શરમ અને ચિંતાજનક હકીકત છે કે મેજર મૉરિસન જે આપણી નોકરીમાં હતો તે યુરોપ પાછા ફરવાના બહાને રાજીનામું આપી મુગલો સાથે ભળી ગયો છે. તેણે ૪૦ લાખ રૂપિયાની માગણી કરી છે, તો કંપનીએ શું એટલાં નાણાં તેને આપવા કે તે એક મજબૂત મુગલ ફોજ ઊભી કરીને પોતાના જ દેશની સેના સામે અવરોધ ઊભો કરે ?'

મેજર મૉરિસને શાહઆલમને અંગ્રેજોનું શરણું છોડી દેવા કહ્યું અને મરાઠાઓ સાથે સંધિ કરી શાહઆલમ પાછો દિલ્હી પહોંચી ગયો. મૉરિસને કંપની સરકારે રૂપિયા ૩૭ કરોડની ગોલમાલ કરી હોવાની ફરિયાદ બ્રિટિશ સમ્રાટ સમક્ષ કરવાની કંપનીને ધમકી આપતાં કંપનીએ એક ખાનગી પત્રમાં જણાવ્યું, 'મેજર મૉરિસનની આ કેટલી હદે ગદ્દારી છે કે પોતે એક અંગ્રેજ હોવા છતાં એક વિદેશી શાસક વતી પોતાના મહાન શાસકનો વિરોધ કરી રહેલ છે.'

પરંતુ પોતાને સર્વથા ભારતીય ગણતા મૉરિસનની શાહઆલમ પ્રત્યેની વફાદારીમાં કશો ફેર ન પડ્યો, અને શાહઆલમ વતી તેના ખાસ પ્રતિનિધિ તરીકે ઇંગ્લંડ પહોંચવા તેની પાસેથી રાજદૂત તરીકેનો પરિચયપત્ર મેળવી પોતે કલકત્તા આવે ત્યારે રાજદૂત તરીકે પોતાનું સન્માન કરવા ગવર્નર વૉરન હેસ્ટિંગ્સ પર તા. ૬ઠ્ઠી ડિસેમ્બર ઇ. ૧૭૭૨ના રોજ એક પત્ર મોકલી આપ્યો. વૉરન હેસ્ટિંગ્સે તેને હજુ પણ ઇંગ્લંડના સમ્રાટનો પ્રજાજન સમજી તેની માગણીનો અસ્વીકાર કર્યો, છતાં મેજર મૉરિસન તો ઇ. ૧૭૭૩માં ઇંગ્લંડ ઊપડી ગયો.

પરંતુ બ્રિટિશ સરકારે ન તેનો રાજદૂત તરીકે સ્વીકાર કર્યો કે ન શાહઆલમને કશો ન્યાય આપ્યો. નિરાશ મૉરિસને ભારત પાછા ફરી મુગલ સૈન્યની પુનર્રચના શરૂ કરી. પરંતુ રાજ્યનો ખજાનો ત્યારે તળિયાઝાટક થઈ ગયો હતો, અને અંગ્રેજોએ ઈ.સ. ૧૮૦૩માં ફરી આક્રમણ કરી શાહઆલમને પોતાના કબજે લઈ લીધો. આમ છતાં શાહઆલમ પ્રત્યેની મેજર મૉરિસનની વફાદારીમાં કશો ફેર ન પડતાં અંગ્રેજોએ ઈ.સ. ૧૮૧૫ના જાન્યુઆરીની ૩જીએ જીતગઢ નજીક તેની હત્યા કરાવી નાખી. ■

# ક્યૂ ગાર્ડન્સ

જયા મહેતા

સવારની શાંતિને જગાડતું એક પંખી કિલકિલ કરતું ઊડ્યું. ઘડિયાળ હજી પાંચને ટકોરે માંડ પહોંચ્યું હતું. અહીં ઘર પાસે પંખીઓની સંખ્યા ને પ્રકાર બહુ ઓછાં છે. એમની અલ્પ ઉપસ્થિતિ અહીંની શાંતિને વધારી મૂકે છે. આવી નિર્જીવ શાંતિ કઠે છે.

આજે ક્યૂ ગાર્ડન્સ જવાની છું. મામા કહેતા કે તડકો હોય એ દિવસે જ જજો, નહીં તો ફરવાની મઝા નહીં આવે. મામાને આ ગાર્ડન્સનું ખાસ આકર્ષણ પણ નહોતું; આશિષ ભારપૂર્વક કહે જ, 'ક્યૂ ગાર્ડન્સ જજો.'

વનરાજી અને જળ. કુદરતના ઉન્મેષ. જળ અને જળરાશિઓની વિવિધ છટાઓનું રમ્યરુદ્ર આકર્ષણ હોય છે. વનરાજીનું વૈભવી આકર્ષણ હોય છે. જળદર્શન કંઈક અંશે એકવિધ થાય, વનરાજી અનેકવિધ. મને બંને ગમે છે. જળની એકવિધતામાં હું અનેકતા નથી શોધતી, વનરાજીની અનેકવિધતામાં હું એક્તા નથી શોધતી. હું કાંઈ નથી શોધતી. પ્રકૃતિના કોઈ પણ રૂપ સાથે ધીરેધીરે એકતાનતા અનુભવું છું - એકલી હોઉં છું ત્યારે.

સત્તરમી સદીમાં ક્યૂ ગાર્ડન્સ ખાનગી માલિકીના હતા. વનસ્પતિશાસ્ત્રી સર હેન્રી કેપ્લ તેના માલિક હતા. એમણે આ ગાર્ડન્સનો કેટલોક ભાગ પછી રાજવી પરિવારને લીઝ પર આપ્યો હતો. સન ૧૭૫૯માં કિંગ જ્યોર્જ ત્રીજાનાં માતાએ ત્યાં રોયલ બોટનિકલ ગાર્ડનની સ્થાપના કરી. સન ૧૮૪૧માં રાણી વિક્ટોરિયાએ આ ગાર્ડન્સ રાષ્ટ્ર માટે ગૌરવ સમાન અને યુરોપભરમાં સૌથી વધુ પ્રસિદ્ધ થશે એવા ગર્વપૂર્વક દેશને એ ભેટ આપ્યો, ત્યારથી એ પબ્લિક પ્રોપર્ટી છે. આ ગાર્ડન્સમાં ક્વિન્સ કોટેજ છે, તે સન ૧૮૯૭ સુધી રાજવી પરિવારના સમર હાઉસ તરીકે વપરાતું હતું. રોયલ પેલેસોમાં સૌથી નાનો, પહેલા ડચ હાઉસ તરીકે ઓળખાતો હતો, એ ક્યૂ પેલેસ પણ અહીં જ છે.

ટેમ્સ નદી પર આવેલા આ ગાર્ડન્સનું આયોજન (lay-out) સ્વિડિશ આર્કિટેક્ટ્ વિલિયલ ચેમ્બર્સ (સન ૧૭૨૩-૯૬) કર્યું હતું. યુવાનીમાં એ વેપાર - અર્થે એશિયામાં રહ્યો હતો, પછી એણે પેરિસ અને રોમમાં આર્કિટેક્ચરની કેળવણી મેળવી હતી. એણે સન ૧૭૫૭માં 'ડિઝાઈન્સ ફોર ચાઈનીસ બિલ્ડિંગ્સ' પુસ્તક પ્રગટ કર્યું, ને ભવિષ્યના જ્યોર્જ ત્રીજાના ટ્યૂટર તરીકે એની નિમણૂક થઈ. આને લીધે ક્યૂ બોટનિકલ ગાર્ડન્સના લે-આઉટ અને મંદિરોને દશમજલી ચાઈનીસ પેગોડાથી ગાર્ડન્સની સજાવટનું કામ એને સોંપાયું.

આ પેગોડા ક્યૂ ગાર્ડન્સનું એક સુંદર ને આકર્ષક સ્થાપત્ય છે. સન ૧૭૬૧માં આ ૧૬૩ ફૂટ ઊંચો પેગોડા બંધાયો. તેમાં ઉપર ચડવાની લોકોને પરવાનગી નથી.

રોયલ બોટનિકલ ગાર્ડન્સ દુનિયાના સૌથી મોટા ગાર્ડન્સમાંનો એક છે ને પ્લાન્ટ કલેક્શન માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. એનાં જૂનાં પામ હાઉસીસમાં સમધારણ હવાખાન, ઉષ્ણમાને ભેજવાળા હવામાન, પહાડી પ્રદેશ અને દક્ષિણના દેશોની વનસ્પતિનાં વિશાળ હાઉસો છે.

આ હાઉસો એટલે લોખંડ અને કાચનું ક્રાંતિકારી બાંધકામ સન ૧૮૪૦માં એ બંધાયાં ત્યારે એ આ પ્રકારનાં વિશ્વનાં સૌથી મોટાં હાઉસ હતાં. સ્થપતિ ડેસિમસ બર્ટન (સન ૧૮૦૦-૮૧)નો સૌથી મહત્ત્વનો ને મૌલિક ફાળો તે આ પામ હાઉસ છે.

પામ હાઉસ : ઉષ્ણ ને ભેજવાળા, અતિ વરસાદવાળા પ્રદેશનાં વિવિધ વૃક્ષો અહીં પોતાની હંમેશની છટાથી ફૂલ્યાં-ફાલ્યાં છે. ઉષ્ણતામાન ૮૦° જાળવતું આ પામ હાઉસ જૂનામાં જૂનું છે. સન ૧૮૪૪-૪૯ દરમ્યાન ક્યૂ ગાર્ડન્સમાં નવું તૈયાર થયું તે પહેલાં એ બકિંગહામ પલેસનો એક ભાગ હતું. સન ૧૮૩૬માં તેને ક્યૂ ગાર્ડન્સમાં ખસેડવામાં આવ્યું હતું.

આલ્પાઈન પ્લાન્ટ કલેક્શન : અત્યંત નાજુક ને અનેકવિધ આકારોમાં પ્રકૃતિનો રંગબેરંગી આવિષ્કાર એટલે આ આલ્પાઈન પ્લાન્ટ કલેકશન. આપમેળા, સહજસ્ફૂર્તિથી અસંખ્ય રંગ-આકાર-છટા-સૌંદર્ય ધારણ કરતા અગણિત છોડ-ફૂલ-ફળ-પાન : જાણે કુદરતનું ઈકોબાના !

પાસેપાસે, ગીચોગીચ ઊગેલા-ફાલેલા ને જાણે રકાબી । કટોરો ઊંધો મૂક્યો હોય એવો આકાર ધારણ કરતા ને એવડા જ કદના એકદમ ઝીણકા લીલમલીલા છોડનો સમૂહ, એક ઈંચથીયે નાનકડા છોડ, સુંદર આકારોમાં ફેલાયેલી ડાળીઓ ને એની પર ઝૂલતાં કે રૂઆબથી ઊભેલાં - બેઠેલાં સુંદર સુંદર ફૂલો, કેસરી - લાલ - લીલા ઝીણાઝીણા દાણાથી ભરેલાં ડૂંડાં. જાણે મકાઈના ડોડા ! અનુકૂળ વાતાવરણ તૈયાર કરીને આ અવર્ણનીય ફૂલછોડલતાઓ અહીં ઉછેરાય છે, પ્રયોગો પણ થતા હશે.

પ્રકૃતિની રમ્ય લીલા મનુષ્યની સર્જકતા અને તેજા જ્ઞાનવિજ્ઞાનના સુમેળથી રમણીય, અતિરમ્ય રૂપ ધારણ કરે છે. નિહાળતાં આંખ ધરાતી જ નથી.

લંડનમાં બાળકો માટે તો તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. દશ્યશ્રાવ્ય માધ્યમો અને કમ્પ્યૂટરોનો ઘણો ઉપયોગ શાળાઓમાં થાય છે. કેટલાંક ગ્રંથાલયો, મ્યૂઝીઅમ્સ

વગેરેમાં પણ કમ્પ્યૂટર મૂકેલાં હોય છે, ને બાળકો પણ તેનો ઉપયોગ કરતાં જણાય છે. બાળકોને ક્યાંય કશી મનાઈ નથી. કેવળ આ ક્યૂ ગાર્ડન્સના, અત્યંત નાજુક છોડની પ્રયોગશાળા જેવા આ આલ્પાઈન પ્લાન્ટ કલેક્શન વિભાગમાં એવી સૂચના મુકાઈ છે કે બાળકો સાથે કોઈ વડીલ હોય એ અનિવાર્ય છે. અલબત્ત, બાળકોને મનાઈ તો નથી જ. શહેરમાં, બાળકો માટેના બગીચામાં આથી વિરુદ્ધ સૂચના ક્યાંક વાંચવા મળે : બાળક સાથે હોય તો જ પુખ્ત વયની વ્યક્તિએ પ્રવેશ કરવો !

અહીં, પામ હાઉસની સામે કૃત્રિમ તળાવ પણ બાંધવામાં આવ્યું છે – બાળકોના મનોરંજન માટે ! પૂનમની ભરતી વખતે ટેમ્સનાં જળથી તે ભરાય છે. તેમાં ઘણી માછલીઓ છે ને ખાવાના પદાર્થના ટુકડા નખાય એટલે તરત ઉપર આવે છે.

**પ્રિન્સેસ ઑવ વેલ્સ કોન્ઝરવેટરી :** આ હાઈટેક્ કોન્ઝરવેટરીનું નિર્માણ સન ૧૯૮૭માં થયું છે. તેમાં. જુદાં જુદાં દશ પ્રકારનાં હવામાનનું વાતાવરણ ઊભું કરાયું છે, ને તે તે કુદરતી વાતાવરણને અનુરૂપ ઝાડપાન ત્યાં ઉછેરાય છે. ભેજવાળી-સૂકી, ઠંડી-ગરમ, અતિવૃષ્ટિ અલ્પવૃષ્ટિ - જુદાંજુદાં પ્રકારની આબોહવામાં વનરાજી જે વૈવિધ્યથી ખીલે છે, તે આ ગ્રીન-હાઉસોમાં ખીલે છે. એક સેન્ટિમીટરથીયે ઓછી ઊંચાઈના, જમીન પર પથરાઈ જતા છોડથી માંડીને અનેક પ્રકારનાં ફૂલ-પાંદડીઓથી ભર્યાભર્યા છોડ, મોટાં વૃક્ષો, કેટલાયે પ્રકારના થોર, ... કહે છે કે દુનિયાભરના બધા જ પ્રકારનાં છોડ-ઝાડના નમૂના અહીં છે, કેવળ દશેક જાત બાકી છે, તે લાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. વીહલચેરમાં પણ અંદર ફરી શકાય એવી વ્યવસ્થા અહીં છે !

રોયલ બોટનિકલ ગાર્ડન્સનું મુખ્ય કાર્ય તો વૈજ્ઞાનિક સંશોધનોનું છે. એક વખત એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો કે થોડાંક વર્ષો માટે આ ગાર્ડન્સ સહેલાણીઓ માટે બંધ રાખવામાં આવે તો ક્યૂના વૈજ્ઞાનિકો વિશ્વને ખોરાકનો પૂરવઠો પૂરો પાડવાની સમસ્યાનો ઉકેલ આણી શકશે ! પણ કુદરતની વક્રતા : સન ૧૯૮૭ના ઑક્ટોબરની ૧૬મીએ વાવાઝોડાએ સર્જેલો વિનાશ. તેમાં ક્યૂ ગાર્ડન્સનાં ૯૦૦૦ વૃક્ષોમાંથી ૫૦૦ તો વૃક્ષો જમીનદોસ્ત થઈ ગયાં. બીજી ઘણી પાયમાલી થઈ તે તો જુદી. તેથી સંશોધનની કેટલીક અમૂલ્ય ને અપ્રાપ્ય સામગ્રી નષ્ટ થઈ ગઈ. દક્ષિણ ઈંગ્લન્ડમાં દોઢ કરોડ વૃક્ષો ઊખડી પડ્યાં ગાર્ડન્સના પ્રવક્તાએ આ વિનાશ અંગે રેડિયો-ઈન્ટર્વ્યૂઅરને અત્યંત વિષાદ સાથે કહ્યું કે હવે આ treescape પાછો ઊભો કરતાં તો દોઢ સદી લાગશે. થોડા જ કલાક પહેલાં જે હતું એ ફરીથી નિર્માણ કરતાં દોઢશો વર્ષ લાગશે !

કેથલીન રેઈનને મળવા ગઈ હતી, ત્યારે એમણે મારે અને સુરેશ દલાલ માટે ઘણાં પુસ્તકો ભેટ આપ્યાં હતાં. તેમાંનું એક છે, India Seen Afar – સર્જન અને વિસર્જનની કુદરતી લીલાને એ આ રીતે જુએ છે – ભારતીય પ્રજ્ઞાથી:

"...How, then, should we face the truth that the Destroyer is no less divine aspecthan the Creator or the Preserver ?...

an advaita that will embrace both ends and beginnings (which greek philosopher wrote 'Beginnings are better than endings ? No Indian philosopher would be so naive as to make any distinetion in an event between beginning and ending; the *lingam* of fertility already is the dancer in the crematorium)..."

આપણે એ હકીકતનો કેવી રીતે સામનો કરીશું કે વિનાશક રુદ્ર એ સર્જનહાર કે પાલનહાર કરતાં સહેજ પણ ઓછું દૈવી તત્ત્વ નથી ?....

અદ્વૈત આરંભ અને અંત બન્નેને આવરી લેશે જેના વિશે ગ્રીક તત્ત્વજ્ઞોએ લખ્યું કે શું આદિ એ અંત કરતાં ચઢિયાતા હોય છે ? કોઈ ભારતીય દાર્શનિક એટલો ભોળો નહિ હોય કે આરંભ અને અંત જેવી ઘટનાઓ વચ્ચે કોઈ તફાવત જુએ; સર્જકતાનો સ્રોત એ તો સ્મશાનભૂમિમાં નર્તી જ રહ્યો છે.

બોટનિકલ ગાર્ડન્સ : ફૂલછાયા મહાનગરનું એ પણ જાણે એક સુંદર ફૂલ !

ખૂબ વિશાળ જગા. નજર પહોંચે ત્યાં સુધી બસ હર્યાંભર્યાં મેદાનો ને સ્વચ્છ મોટા રસ્તા. હરવા-ફરવા, ખાવાપીવા, બેસવા, આરામ કરવાનું રમ્ય વાતાવરણ.

વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ટૂંકાં પેન્ટ્સ અને ગંજી પહેરીને કામ કરતાં દેખાય છે. બાંકડે બેસીને જોયા કરું છું. એક હોજમાં વિધવિધ પ્રકારનાં પોયણાં ખીલ્યાં છે. નામની ચબરકીઓ લગાડેલી છે, પણ તે વાંચવી નથી. ફૂલને 'ફૂલ' સિવાય બીજા કોઈ નામની અત્યારે જરૂર લાગતી નથી. લાલ... ગુલાબી... ધોળાં...પીળાં, ખીલેલાં...ખીલુંખીલું થતાં... અધખીલી કળીઓ... ક્યાંકથી અતિમધુર સુગંધ આવે છે.

મનુષ્યને પણ એનાં નામઠામ-દેશકાળ-ધર્મભાષા, નરનારીત્વ, હોદ્દા-પદવીઓ બધું લોપીને કેવળ 'મનુષ્ય' તરીકે ઓળખીએ એ જ મને ગમે છે, કારણ કે તો જ મનુષ્યત્વની સુગંધ માણી શકાય છે.

તૃણછાયાં મેદાનોમાં પક્ષીઓ દેખાય છે. પક્ષીઓને તો માણસનો ડર રહ્યો જ નથી. માણસની ઉપેક્ષા કરીને એ તો મનમોજથી ફરેચરે છે. કાળી ડોકવાળાં ને ભૂખર રંગનાં બતકો નાનાંમોટાં ટોળામાં ફર્યા કરે છે. તેમની વચ્ચેથી ચાલો તોય જરાયે આઘાંપાછાં થતાં નથી. માણસના અસ્તિત્વની એમને જાણ

જ નથી, એમ પણ ન કહેવાય. કંઈક ખાવાનું મળવાની આશાએ નજીક નજીક પણ આવતાં રહે છે.

આ વિશાળ ગાર્ડન્સમાં ફરવાનું ગમે છે. આસપાસ અનેક લોકો છે, પણ ભીડ નથી જણાતી. શોરબકોર, કોલાહલ, ઘોંઘાટ, અવાજ નથી. અસહ્ય શાંતિ પણ નથી.

ગાર્ડન્સમાં ક્યાં શું છે એનાં સૂચના-ફલકો ઠેકઠેકાણે છે, ને તેમ છતાં જે દરવાજેથી ગાર્ડન્સમાં દાખલ થઈ હતી એ દરવાજો પાછા ફરતાં જડતો નથી. બીજા જ દરવાજેથી બહાર અવાયું, એટલે અહીં આવતી વખતે જે બસરૂટમાં આવી હતી એ પણ નથી. ફરી શરુ થયું પૂછીપૂછીને આગળ ચાલવાનું. બગીચામાં મનમોજથી ફરતી હતી તે બંધ થયું.

ક્યૂ પાસેનો નદીનો મોટો પુલ ઓળંગ્યો. નદી દેખાતી નથી. પછી જરા આગળ ચાલું છું. ડાબે હાથે વળાંક લઉં છું ત્યાં જળદર્શન થયું. બે બાજુએ ઝૂકેલાં વૃક્ષોની વચ્ચે જળ શાંત વહે છે ને થોડે આગળ જતાં તેના બે ફાટા પડે છે. ટેમ્સ કેટલીયે વાર ઓળંગી છે. પટ બહુ જ પહોળો નથી ને વહેણ ધીમું છે. પાણી પણ ડ્હોળું છે.

આજે પણ ફક્ત બસમાં જ મુસાફરી કરી હતી. ગઈ કાલવાળો જ વૃદ્ધ દેખાયો હતો, કે કોઈ બીજો એના જેવી જ હેટ પહેરીને બેઠો હતો – એકલો, બાંકડા પર. રસ્તે ક્યાંક ક્યાંક બાંકડાં પર વૃદ્ધ પતિપત્ની કે મિત્રો બેઠેલાં દેખાય છે. ક્યાંય પણ ફરવાના સ્થળે આખું કુટુંબ દેખાતું નથી. વૃદ્ધ દંપતી હોય છે. યુવાન યુગલો હોય છે. બહુ જ નાનાં બાળકો ક્યારેક જ તેમની સાથે દેખાય છે. આવી અણુ - પરિવાર - સભ્યતામાં વસતાં કેથલીન રેઈન ભારતપ્રવાસ પછી લખે છે : India moves in families. અને મારી નજર સમક્ષ સવિશેષ આવે છે મુંબઈની મરીન ડ્રાઈવનું દૃશ્ય : પહોળી ફૂટપાથ છે, થોડા થોડા અંતરે બાંકડા છે. પારસી સજ્જન - સન્નારીઓ પોતાનાં વૃદ્ધ વડીલોને કાળજીપૂર્વક બાંકડા પર બેસાડીને પછી લટાર મારવા જાય છે.

અહીં યુવાનોને, અઢાર વર્ષ પૂરાં થયાં હોય એમને, સરકાર બેકારી ભથ્થું આપે, ઓછે પૈસે ઘર આપે, નોકરી મળી જાય એટલે તેઓ મા-બાપનું ઘર છોડી દે. ગરીબ મા - બાપ બાળક-ભથ્થું બંધ થતાં જ એમને કહે, પોતપોતાનું કરી લો. લગ્ન એ દરેકની વ્યક્તિગત બાબત છે, મા-બાપ ગોઠવતાં નથી. સંતાનો અને માબાપનો સંબંધ : સત્તર-અઢાર વર્ષે મમતાનો સંબંધ ક્યાં લુપ્ત થતો હશે ?

ક્યૂ ગાર્ડન્સથી ઘરે પહોંચી, ત્યાં જ ઝરમર વર્ષા શરૂ થઈ ગઈ. આખો દિવસ તડકો રહ્યો ને સાંજે વરસાદ શરૂ થયો, વાદળોના ગડગડાટ થયા, વીજળી પણ ચમકી, જોરદાર ઝાપટાં આવ્યાં. લંડનની ભાષામાં કહું તો Bombay rain ! મુંબઈનો વરસાદ થયો; પણ તે પહેલાં જ મામા ઘરે આવી પહોંચ્યા હતા, ને આશિષ કાર લઈને જાય છે એટલે એને પણ તકલીફ ન પડી.

લંડનની આબોહવા ને લંડનનાં કિલ્લા જેવાં ઘર મને બિલકુલ ગમ્યાં નથી. ઘર સરસ હોય છે, પણ એકદમ પેટી બની જાય છે. બારીઓ પણ ખૂલતી નથી. શિયાળો હોય ત્યારે બરાબર છે, પણ ! ત્યારે કાંઈ એવી ઠંડીયે નથી, ને બધું બંધઅ જાણે કોશેટામાં પુરાઈ જવાનું ! □

# પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

## ઈન્તઝામ હો રહા હૈ, હો જાયગા

**તા. ૪-૭-૮૨** હું ગોરખપુર જઈ આવ્યો. અત્યારે શિથિલતા તો આખા દેશના વહીવટીતંત્રમાં આવી ગઈ છે. પણ આ તો યુ.પી. (U.P.) ત્યાંના લોકો યુ.પી.નો અર્થ ઉત્તરપ્રદેશને બદલે મશ્કરીમાં ઊલટા પ્રદેશ કહે છે. અહીંની એન્જિનિઅરિંગ કૉલેજમાં સાપેક્ષતા, ગુરુત્વાકર્ષણ અને બ્રહ્માંડ-વિદ્યાના એક ઉચ્ચસ્તરીય ગ્રીષ્મ વર્ગમાં હું ગયો હતો. સોમવારે બપોરે ૩-૦૦ વાગે ઉદ્‌ઘાટન હતું પણ બપોરના ૨-૦૦ વાગ્યા તોયે લંચનું ઠેકાણું નહિ. જેને પૂછીએ એ કહે ઈન્તઝામ હો ગયા હૈ, થોડી દેર હોગી, હો જાયગા. એમ ને એમ અઢી વાગ્યા. પછી એક પ્રોફેસર મારી પાસે આવીને કહે, બધાંનાં લંચને તો હજુ વાર લાગશે, તમે મારે ઘેર ચાલો. હાઉં, હું તેને ઘેર જમી આવ્યો. તેને ઘેર ખબર પડી કે રવિવારે સાંજે રસોડું તૈયાર થઈ જાય તેવો પ્રિન્સિપાલે ઑર્ડર તો આપ્યો હતો. પણ રવિવારે સાંજે તો કાંઈ થયું નહિ. સોમવારે સવારે કડીઆ, કારીગરો આવ્યા અને ૯-૦૦ વાગ્યે ભઠ્ઠી ચણવાની શરૂઆત થઈ. ૧૧-૦૦ વાગે ભઠ્ઠી ચણાઈ રહી. પણ ભીની ભઠ્ઠીમાં કોલસા સળગે નહિ. ૧૨-૦૦ વાગે ભઠ્ઠી સૂકવવા માટેનાં લાકડાં આવ્યાં. ૨-૦૦ વાગે ભઠ્ઠી સુકાઈ રહી, પછી લંચ રાંધવાનું શરૂ થયું. બધાંને ૩-૩૦ વાગે લંચ મળ્યું અને ઉદ્‌ઘાટન ૪-૧૫ વાગે શરૂ થયું. 'ઈન્તઝામ હો રહા હૈ, હો જાયગા.'

એક વિદ્યાર્થીની પીએચ.ડી. થીસિસમાં કાંઈક ગરબડ હશે. રેફરી (પરીક્ષક)ના રિપોર્ટ આવી ગયા. મૌખિક પરીક્ષા થઈ ગઈ. બધો વિધિ પૂરો થયો. ફક્ત છેલ્લે યુનિવર્સિટીની એક રીસર્ચ કમિટીએ આ બધું મંજૂર કરવું જોઈએ. તે કમિટીમાં નિર્ણય જ ન લેવાય. આ વિદ્યાર્થીનો કેસ આવે એટલે કમિટી ઊઠી જાય. પણ વિદ્યાર્થી ઉસ્તાદ. તેનો બાપ રાજકારણમાં રાજકર્તા પક્ષમાં ભળેલો તે પહોંચ્યો સીધો ચીફ મિનિસ્ટર પાસે. (મને તે વિદ્યાર્થીએ જ આ વાત કરી છે.)

મુખ્ય પ્રધાને યુનિવર્સિટીના વાઈસ ચેન્સેલરને નહિ કે રજિસ્ટ્રારને નહિ પણ સીધા રીસર્ચ કમિટીના ચેરમેનને જ ફોન જોડ્યો અને ધમકી આપી કે આ વિદ્યાર્થીના કેસનો નિવેડો નહિ લાવો તો તમારી ખેર નથી. અને જલદી નિવેડો લાવશો તો તમને લાભ થશે. બસ, તાત્કાલિક રીસર્ચ કમિટીની મીટિંગ બોલાવાઈ અને તે વિદ્યાર્થીની થીસિસ મંજૂર થઈ! પંદર દિવસમાં રીસર્ચ કમિટીનો ચેરમેન તે યુનિવર્સિટીમાં એક્ટિંગ વાઈસ ચેન્સેલર તરીકે નિમાઈ ગયો.

આમ ઉ.પ્ર.નું રાજ્ય (કે રજવાડું) અમારા વિખ્યાત દાણચોર સુકર નારાયણ બખીઆના રાજ જેવું છે. દાણચોરીમાં મદદ કરે તેને તરત જ આર્થિક વળતર મળે અને જે આડખીલી નાખે તેને નુકસાન થાય. જાનથી પણ જાય. અહીં ઉ.પ્ર.માં પણ એવું જ છે. પંત પ્રધાનનું કહ્યું માન્યું તો તરત જ ફળ મળી ગયું ! ઈન્તઝામ હો ગયા !!

## બી.કૉમ. એમ.એમ.પી.

**તા. ૯-૧૦-૮૨.** મહાકાવ્ય 'કુમારસંભવ'ની શરૂઆતમાં જ કાલિદાસે હિમાલયનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે :

અસ્ત્યુત્તરસ્યાં દિશિ દેવતાત્મા
હિમાલયો નામ નગાધિરાજ : ।

એ નગાધિરાજ હિમાલય જે નાના નગો (પર્વતો) ઉપર આધિપત્ય ભોગવે છે એવા એક કુમાઉંના નગ ઉપર તળાવને કિનારે વસેલા નૈનિતાલથી આ પત્ર લખાય છે. હિમાલયની તળેટી સુધી પહોંચ્યા પછી આગળ તો ચઢવું નથી છતાં હિમાલય ચઢ્યાનો સંતોષ મળે તેથી હોટેલ 'એવરેસ્ટ'માં ઊતર્યા છીએ પણ એવરેસ્ટ તો સૌથી ઊંચું શિખર એટલે વધુ સંતોષ ખાતર સૌથી ઊંચી રૂમ (૭૫ પગથિયાં ચઢીને પહોંચાય તેટલી ઊંચી) અમને મળી છે ! અહીંના વિશિષ્ટ અનુભવો તો કદાચ આવતા પત્રમાં સ્થાન પામે, કારણ કે હજુ અનુભવો થવા બાકી છે.

અમદાવાદથી દિલ્હી અમે સર્વોદય એક્સપ્રેસમાં આવ્યાં. બીજા વર્ગના સ્લીપર ડબ્બાનાં એક ખાનામાં ૮ જણ બેસી-સૂઈ શકે. અમારા ખાનામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ જાળવી શકે તેવાં જ યુગલ હતાં. એક યુગલ તો ઉંમરમાં ૬૦ વર્ષની ઉપરનું (તેને તો તમે ઓળખો છો!) વિજ્ઞાન ઍકેડેમીની મીટિંગ માટે નૈનિતાલ જવાનું હતું. બીજું યુગલ ૪૫ વર્ષની આસપાસનું. અમદાવાદમાં ધ્યાનકેન્દ્ર ચલાવે છે અને આધ્યાત્મિક શાન્તિ અર્થે હરદ્વાર-હૃષીકેશ જઈ રહ્યું હતું. ત્રીજું અને ચોથું યુગલ ત્રીસ કે તેથી નીચેનું 'નગરચર્યા' (Sight Seeing) માટે નૈનિતાલ જઈ રહ્યું હતું. ગુજરાતની ગઈકાલ, આજ અને આવતીકાલના આ પ્રતિનિધિઓ. વિજ્ઞાન-પરિષદમાં જતા ગુજરાતીઓ કદાચ ગઈકાલની ઘટના બની રહી છે. આજકાલ તો હરે કૃષ્ણ હરે રામ, ભગવાન રજનીશ, રમણ મહર્ષિ, અરવિંદ વગેરે આધ્યાત્મિક નેતાઓની બોલબાલા છે. પણ ગુજરાતની આવતીકાલ તો બાપને પૈસે કે સરકારી લોન પર નાનાં કારખાનાં કાઢી 'નગરચર્યા' પર નીકળતા યુવાન ઉદ્યોગકારોની છે. અમારી સાથે જે યુવાન વેપારી અને કારખાનેદાર હતા તેમાંના એકની ડિગ્રી ખબર છે? બી.કૉમ. એમ. એમ.પી. (B. Com. M.M.P.) આ M.M.P.ની

ચોખવટ એમણે જ કરી. M.M.P એટલે માંડ, માંડ, પાસ ! આ ભાઈ પહેલાં એક સારી ગણાતી કૉલેજમાં ગયો. પણ ત્યાં તો લેક્ચરમાં આખો ક્લાસ ભરેલો. એ તો ન ફાવે. એટલે બીજા નંબરની કૉલેજમાં ગયા તો ત્યાં રોજે રોજ રોલ કૉલ (હાજરી) લેવાય તે પણ કેમ ફાવે ! એટલે એક ત્રીજી કૉલેજમાં ગયા. હાશ! ક્લાસમાં ૨૫-૩૦ વિદ્યાર્થી હાજર હોય-રોલ બોલ લેવાય નહિ. એટલે ત્યાં જ સ્થિર થયા અને બી.કૉમ. એમ.એમ.પી. થયા !!

નૈનિતાલ આવ્યાં અને રાત્રે ૭-૦૦ વાગે કડકડતી ઠંડીમાં એવરેસ્ટને ઉપલે માળે પહોંચ્યાં. બીજે દિવસે સવારે પરિષદને સ્થળે જવા માટે ચાર દાદરા નીચે ઊતરતાં માળે માળે ગુજરાતી સંભળાય! અને છેલ્લે ભૉંયતળિએ આવ્યાં ત્યાં તો રિસેપ્શન અને ભોજન ગૃહ છે એટલે ત્યાં ગુજરાતી નહિ સંભળાય એમ માન્યું હતું. પણ ત્યાં તો રિસેપ્શનના S.T.D. ટેલિફોન ઉપર એક ગુજરાતી બહેન ઘરનાને કોલ કરી ખબર-અન્તર પૂછતાં હતાં.

બહાર નીકળી અમારી બસમાં બેઠાં તો બાજુમાં જ એક મહિલા-આશ્રમ હતો, જ્યાં નાસ્તા-જમવાની સગવડ હતી અને છેલ્લે વાંકાચૂંકા ગુજરાતી અક્ષરોમાં લખ્યું હતું - શ્રેષ્ઠ ગુજરાતી ભોજન મળશે.

મને લાગે છે કે ગુજરાતના બી.કૉમ.એમ.એમ.પી.ઓએ નૈનિતાલમાં પણ અડ્ડો જમાવ્યો છે !

## ટીડા જોશીના વર્તારા

**તા. ૯-૫-૮૨** મે મહિનામાં અહીં મહત્તમ તાપમાન ૪૦° ડિગ્રી સેલ્સિઅસ હોય અને ન્યૂનતમ ૨૫ ડિગ્રી. પણ ત્રણ દિવસથી આકાશ વાદળઘેર્યું રહે છે અને રાત્રે વીજળીના કડાકા સાથે ત્રમઝટ વરસાદનાં ઝાપટાં પડે છે એટલે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને ન્યૂનતમ ૧૯ ડિગ્રી થઈ ગયું છે. રાત્રે ચાદર ઓઢવી પડે છે. અત્યારે (બપોરના ૪-૧૫ વાગે) તો તડકો પડે છે પણ રાતના વરસાદનાં ઝાપટાં આવવાની આગાહી છે !

આ 'આગાહી' શબ્દ વાપર્યો એટલે યાદ આવ્યું કે આપણા દેશમાં આગાહી તો જોશીઓ જ કુંડળી માંડીને કરે. હવામાન ખાતાની આગાહીની તો ઠેકડી ઉડાડવાનો રિવાજ પડી ગયો છે. હું બહારગામ હતો તેથી હવામાન ખાતાની આગાહી વાંચવા મળી નહોતી. આપણા ગુજરાતી છાપામાં તો 'ટીડા જોશી'ઓની, શનિ વક્રી, ગુરુમાર્ગી અને ફલાણા નક્ષત્રમાં ચંદ્ર આવ્યો તેથી વરસાદ પડશે તેવી જ આગાહી આવે ! પણ આવાં મે મહિનાનાં વાવાઝોડાં આગળ ટીડા જોશી લાચાર એટલે ગુજરાતી છાપાંઓ પણ લાચાર !

આ ટીડા જોશીનું વર્ચસ દેશના જાહેર જીવનમાં તો ખૂબ છે. ખબર છે કે આવા એક 'પ્રખર' જોશીને રાજકર્તા પક્ષે ટિકિટ આપી છે. અને તે પાર્લમેન્ટમાં ચૂંટાયા છે અને વડાપ્રધાનના રાજ-જ્યોતિષી તરીકે કામ કરે છે. એપ્રિલમાં વડાપ્રધાન સાઉદી અરેબિયાની મુલાકાતે ગયા ત્યારે અહીંથી ઊપડતાં તેમણે જાહેર કરેલું કે તે જૂનમાં રશિયાની અને જુલાઈમાં અમેરિકાની મુલાકાતો લેશે. પછી તો દેશનાં મોટાં-મોટાં અખબારોમાં આ મુલાકાતોનાં રાજકીય પરિણામો વિશે વિદ્વત્તાપૂર્ણ લેખો આવવા લાગ્યા. 'ટાઈમ્સે' તો આ મુલાકાતોથી થનારા રાજકીય લાભો વિશે અગ્રલેખ પણ લખ્યો. અને બીજે દિવસે સરકારે જાહેર કર્યું કે રશિયા-અમેરિકાની મુલાકાતો મુલતવી રહી છે. વિધિસર અપાયેલું કારણ તો એ હતું કે દેશમાં જૂનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી છે એટલે વડાપ્રધાન દેશ બહાર જવાનો સમય કાઢી શકે તેમ નથી. પણ તે કારણ કાંઈ ગળે ઊતરે તેવું નથી, કારણ કે પહેલાં જ્યારે મુલાકાત નક્કી કરી ત્યારે રાષ્ટ્રપતિની ચૂંટણી પણ નક્કી જ હતી. એમ કહેવાય છે કે પેલા 'રાજ-જ્યોતિષી' એ સલાહ આપી કે જૂન-જુલાઈમાં ગ્રહયોગ બરાબર નથી તેથી વડાપ્રધાને વિદેશ-પ્રવાસ કરવો નહિ !

ઈંગ્લન્ડમાં રાજ-ખગોળ શાસ્ત્રી (એસ્ટ્રોનોમર રૉયલ)ની ખાસ જગ્યા છે. મને લાગે છે કે ભારતમાં રાજ-જ્યોતિષી (એસ્ટ્રોલૉજર રૉયલ)ની જગ્યા ઊભી થશે! હવે વિધિસર તો આવી જગ્યા કેમ ઊભી કરાય! દુનિયામાં આપણે બડાશ હાંકીએ છીએ કે વિજ્ઞાન અને ટૅક્નોલૉજિમાં તાલીમ પામેલી વ્યક્તિઓની સંખ્યામાં ભારત દુનિયામાં ત્રીજે નંબરે છે! એટલે રાજ-જ્યોતિષીની જગ્યા તો ઊભી નથી કરી, પણ રાજકર્તા પક્ષ તરફથી જોશીને ચૂંટાવીને પાર્લમેન્ટનો સભ્ય તો બનાવી શકાય છે!!

અને અંધશ્રદ્ધાના આ વાતાવરણમાં દિવસે દિવસે વધારો થતો આવે છે. અમૃતસરમાં મંદિર પાસે મરેલા વાછરડાંનાં ડોકાં કાપીને કોઈ મૂકી ગયું એટલે શીખો અને હિન્દુઓ વચ્ચે હુલ્લડ થયું. ગુરુદ્વારામાં કોઈક સિગારેટનાં ખોખાં અને બીડીનાં ઠૂંઠાં નાખી ગયું એટલે હુલ્લડ આગળ ચાલ્યું.

જે દેશનાં વડાપ્રધાન મહાસત્તાની મુલાકાત ક્યારે લેવી તે નક્કી કરવામાં ટીડા જોશીની સલાહ લે ત્યાં આવું બધું તો ચાલ્યા જ કરે ને?

## અવકાશમાં કાવ્ય

**તા. ૧૯-૧૨-૮૦.** હમણાં અમદાવાદમાં પ્રોફેસર આર્થર ક્લાર્કનાં ભાષણો હતાં. ડૉ. વિક્રમ સારાભાઈની યાદમાં દર વર્ષે એક વ્યાખ્યાનશ્રેણી યોજાય છે. તેમાં તેમણે ભાષણો આપ્યાં હતાં. તેમના એક વ્યાખ્યાનનો વિષય હતો - Poetry In Space. (અવકાશમાં કાવ્ય). તેમાં પીટ્સબર્ગની એલીધની વેધશાળાની એક સરસ વાત તેમણે કહી હતી :

(અનુસંધાન પાન ૨૩૩ ઉપર)

# ઈતિહાસધારા

અશોક હર્ષ

આ દેશ પરની મુગલ હકૂમત દરમિયાન દેશના શાસન પર જ નહિ પરંતુ સામાન્ય જનજીવન પર પણ પોતાનો પ્રભાવ પાથરનાર જહાંગીરની માનીતી બેગમને એક અસધારણ મહિલા કહી શકાય. એની કલાદૃષ્ટિએ લેસ અને ગાલીચાઓને કલાત્મક વણાટ આપ્યો, તો વેશભૂષાને પણ કલાત્મક વળાંક આવ્યો. સોનાના અને ઝવેરાતના દાગીનાઓને એણે નવાં રૂપ આપ્યાં. એવી રીતે સુશોભનકલાને. પોતાના હાથી પરની સોનેરી ઝૂલ પર મુગ્ધ બનીને જહાંગીરે જ્યારે પૂછ્યું કે તે ક્યાંથી લાવવામાં આવેલી, ત્યારે જ ખબર પડી કે એ તો નૂરજહાંએ પોતાના હાથે તૈયાર કરેલી.

કુશળ રાજનીતિજ્ઞ અને મર્મજ્ઞ કલાજ્ઞ હોવા ઉપરાંત નૂરજહાં શસ્ત્રાસ્ત્રો ચલાવવામાં અને ધાર્યું નિશાન તાકવામાં પણ ભારે પ્રવીણ હતી. ખુદ સમ્રાટ જહાંગીરે તેની આત્મકથામાં નોંધેલો એક પ્રસંગ અહીં આપવા જેવો છે. નૂરજહાં એક વાર તેની સાથે શિકારે ઊપડેલી ત્યારે તેના જણાવ્યા પ્રમાણે, 'એણે માત્ર એક ગોળીએ બે વાઘને ઠાર કર્યા, અને બીજી ચાર ગોળીએ બીજા બે વાઘને. હાથી પરની અંબાડીમાં બેઠે બેઠે છ નિશાન તાકવામાં આવે અને એમાંનું એકે ખાલી ન જાય એવું આ જ સુધી જોવામાં નથી આવ્યું. આવી પ્રવીણતા દાખવવા બદલ મેં તેને એક લાખ રૂપિયાની કિંમતનાં હીરાજડિત બે કંકણો ભેટ આપ્યાં, અને તેના માથેથી એક હજાર અશરફીઓ ઓવારી ગરીબોમાં વહેંચી.'

*

ઈંદોરના મહારાજા જસવંતરાવ હૉળકરનું સૈન્ય જ્યારે ઉદેપુરથી પંદર માઈલ પરના ભિંદર નજીક પડાવ નાખી પડેલું ત્યારે તેમાંના કેટલાક અંગ્રેજ સૈનિકોએ સેનાપતિ હરનાથસિંહ છેલા તથા લશ્કરને પગાર ચૂકવતા લક્ષ્મણ નારાયણને ઘેરી લઈને તેમને મારકૂટ કરી. હરનાથસિંહ જસવંતરાવના માનીતા સેનાપતિ હતા. તેમણે જસવંતરાવને જણાવ્યું કે અંગ્રેજો સાથે યુદ્ધ જ્યારે તોળાઈ રહ્યું હતું ત્યારે તે અંગ્રેજ સૈનિકો ને સરદારો પર વિશ્વાસ ન રાખે.

જસવંતરાવે અંગ્રેજ સૈનિકોના ત્રણ વડા ડોડ, વિકર્સ અને રાયનને બોલાવી પૂછ્યું કે, પોતે અંગ્રેજોની સાથે યુદ્ધમાં ઊતરે તો તેઓ તેમની સામે લડશે ખરા ? તેમણે તે બદલ ચોખ્ખી ના સંભળાવતાં જસવંતરાવે નાહર મધાના મુકામે ત્રણેનો શિરચ્છેદ કરાવી નાખ્યો અને તમામ અંગ્રેજોને ગોવાનીઝોને સૈન્યમાંથી વગર પગારે છૂટા કરી દીધા.

*

ઈ. ૧૭૫૬ના એપ્રિલમાં બંગાળની મસનદ પર આવેલા સિરાજ ઉદ્દૌલાએ અંગ્રેજોને મરાઠા ખાઈ ('મરાઠા ડિચ') પુરાવી દેવા કહ્યું. મરાઠાઓની ધાક ત્યારે પટણાથી મુર્શીદાબાદ સુધી ચાલુ હતી. કલકત્તા નજીકની ખાઈ અંગ્રેજોએ એમની જ ધાકથી ઈ.સ. ૧૭૪૩ના માર્ચ માસમાં ખોદાવેલી. અંગ્રેજોએ આ ખાઈ પુરાવી દેવાની ના પાડતાં સિરાજે બંગાળામાંથી અંગ્રેજોની જડ ઉખેડી નાખવાનું નક્કી કર્યું અને ત્યાર પછી બનેલી ઘટનાઓનું પરિણામ છેવટે પલાશીના યુદ્ધમાં આવ્યું, જેમાં તેના ત્રણ સેનાપતિઓ મીર જાફર, રાય દુર્લભ અને લતીફ ખાન અંગ્રેજો સાથે ભળી જતાં અને નવાબ સિરાજુદ્દૌલાના વફાદાર સેનાપતિઓ મીર મદન, બહાદુરઅલીખાન અને નૌવેસિંગ હઝારી માર્યા જતાં પરાજય વેઠીને નાસી જવું પડ્યું, જે નાસભાગમાં મીર જાફરના પુત્ર મીરતના હાથે તે માર્યો ગયો. જોકે પરાજિત થયેલા નવાબની સહાયે મ. લૉની સરદારી નીચે ફ્રેન્ચ ટુકડી ઊપડી ચૂકી હતી, પણ તે ત્રણ કલાક મોડી પડી અને નવાબના પરાજયની જાણ થતાં મ. લૉએ આગળ વધવાને બદલે પોતાની ટુકડી પટણા તરફ વાળી લીધી.

પાછળથી ગવર્નર-જનરલ લૉર્ડ વેલેસ્લીએ આ મરાઠા ખાઈ પુરાવી દીધી.

*

આ દેશમાં અઢારમી સદીમાં એક એવો અંગ્રેજ આવી ચડેલો જેણે પોતાને આ દેશનો જ નાગરિક માની લીધેલો અને આ દેશની ખાતર ખુદ પોતાના જાતભાઈ અંગ્રેજો સામે લડેલો.

આ અંગ્રેજનું નામ રિચાર્ડ મૉરિસન. તે વખતના કંપની સરકારના અધિકારીઓ, રાજાઓ તથા નવાબો પાસેથી લાંચ લેતા થઈ ગયેલા હોઈ મૉરિસને તેની પ્રામાણિકતા બદલ સૈન્યમાં મેજરના પદે લઈ લેવામાં આવેલો. અહીં અંગ્રેજ સેનાધિકારીઓની બેઈમાની જોઈ એ ઊકળી ઊઠ્યો. મુગલ સમ્રાટ શાહઆલમને અલહાબાદ ખસેડ્યા પછી કંપની સરકારની તેના પ્રત્યેની ચાલબાજી જોઈ તેણે સરકારને સ્પષ્ટ જણાવી દીધું કે, 'આપણે અહીં વેપાર માટે રહ્યા છીએ, પરંતુ તેના પ્રત્યેનો વર્તાવ માત્ર કંપનીને જ નહિ પણ સારાયે બ્રિટિશ રાષ્ટ્રને હાનિ પહોંચાડશે. ભારતમાં તેને વિશ્વાસઘાતી, બેઈમાન અને સ્વાર્થી જ સમજવામાં આવશે.'

પરંતુ તેનો સઘળો ઊકળાટ વ્યર્થ નીવડતાં તેણે અંગ્રેજ સૈન્યમાંથી રાજીનામું આપી દીધું અને શાહઆલમની સહાયે પહોંચી ગયો. શાહઆલમે તેને સેનાપતિપદે મૂકી દેતાં તેણે

(અનુસંધાન પાન ૨૧૬ ઉપર)

——— સાડા ત્રણ સો વર્ષથી સ્વાતંત્ર્ય માટે ઝઝૂમતી અશ્વેત જાતિએ આરંભેલો ———

# દક્ષિણ આફ્રિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ

## જેની ફલશ્રુતિ રૂપે ગયા મે માસમાં ત્યાં સ્વદેશી સરકારની સ્થાપના થઈ તેને આ માસે વર્ષ પૂરું થયું

——— ડૉ. જયકુમાર ર. શુક્લ ———

**આ**ફ્રિકા ખંડના દક્ષિણ છેડે દક્ષિણ આફ્રિકા દેશ આવેલો છે. તેની પશ્ચિમે આટલાંટિક મહાસાગર તથા પૂર્વે હિંદ મહાસાગર આવેલા છે. તેનો વિસ્તાર ૧૧,૨૩,૨૨૬ ચોરસ કિ.મી. અને વસતી ૩,૧૩,૯૪૦૦૦ની છે, જેમાં ચાર પ્રજાસત્તાકોનો સમાવેશ થતો નથી. તેનું વહીવટી પાટનગર પ્રિટોરિયા, ન્યાયતંત્રનું મુખ્ય મથક બ્લોમફોન્ટિન તથા લેજિસ્લેટિવ પાટનગર કેઈપ ટાઉન છે. તેની સરકારી ભાષાઓ અંગ્રેજી તથા આફ્રિકન છે, અને મુખ્ય આફ્રિકન ભાષાઓ ઝોસા, ઝૂલુ તથા સિસોથો છે. ત્યાંનાં લોકોમાં ૭૫.૬ ટકા આફ્રિકન, ૧૩ ટકા ગોરા, ૮.૭ ટકા રંગીન અથવા મિશ્ર પ્રજા તથા ૨.૭ ટકા ભારતીયો છે. ભારતીયો આફ્રિકામાં એશિયન તરીકે ઓળખાય છે. દક્ષિણ આફ્રિકા વસાહતી ગોરાઓના આધિપત્યવાળો દેશ હતો.

દક્ષિણ આફ્રિકાની અશ્વેત પ્રજા ભાષાકીય જૂથોમાં વહેંચાયેલી છે તથા તે દરેકને પોતાના અલગ જનજાતીય પ્રદેશો પણ છે. આ અશ્વેત પ્રજા ભૂમિવિહોણી, ઔદ્યોગિક તાલીમ વગરની, વહીવટી તંત્રથી દૂર ધકેલી દેવાયેલી અને લશ્કરી તાકાત ગુમાવી બેઠેલી હોવાથી કંગાળ તથા દુઃખી જીવન જીવે છે. તેઓમાંનાં મોટા ભાગનાં લોકો અનામત પ્રદેશોમાં કષ્ટદાયી તથા પરંપરાગત જીવન ગુજારે છે પુરુષો, પાસેનાં ખેતરોમાં, ખાણોમાં કે શહેરોમાં મજૂરી કરીને પેટિયું રળે છે. તેઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે.

ત્યાંના ગોરાઓમાં મુખ્યત્વે અંગ્રેજો છે. તેઓમાં ડચ, ફ્રેન્ચ અને જર્મન જેવાં લોકો પણ એકરૂપ થઈ ગયેલાં છે. અશ્વેત પ્રજાને ભોગે તેઓને અનેક વિશેષાધિકારો આપવામાં આવ્યા હતા. પ્રથમ વિશ્વવિગ્રહના અંતે ત્યાં બૅન્કિન્ગ, વ્યવસાયો, વ્યાપાર, ખાણો, તાલીમબદ્ધ કાર્યો વગેરે ગોરાઓ હસ્તક હતું. શ્વેત અને અશ્વેત લોકોના સહવાસથી મિશ્ર અથવા રંગીન પ્રજા ઉદ્‌ભવી. આરંભમાં આવેલા શ્વેત વસાહતીઓ તથા મજૂરી કરવા રાખેલી અશ્વેત પ્રજાઓ વચ્ચેના મુક્ત સહચારથી પેદા થયેલી આ પ્રજા પોતાને અશ્વેત કરતાં ઊંચી માને છે. ગોરાઓ તેમને સમાનતાથી સ્વીકારતા નથી.

દક્ષિણ આફ્રિકામાં ભારતીયો ૧૮૭૦થી વસે છે અને તેમની સંખ્યા અન્ય જૂથો કરતાં સૌથી ઓછી છે. તેઓ આરંભમાં નાતાલ પ્રાન્તમાં વસ્યા હતા. તેમના પૂર્વજો ત્યાં મંજૂરી કરવા ગયા હતા. તેઓ ધનિક વેપારીઓ હોવાનું માનવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં તેઓ ધંધો-રોજગાર કરીને કમાવાના સતત પ્રયાસો કરે છે. તેમને હવે પોતાનો બીજો દેશ ન હોવા છતાં, તેમને બધાને ત્યાં વિદેશી માનવામાં આવે છે. તેમના તરફ પહેલેથી દમનકારી ભેદભાવ આચરાવમાં આવ્યો છે. ગાંધીજીએ ભારતીયોનું સ્વમાન સાચવવા માટે ત્યાં સત્યાગ્રહ કર્યો હતો. તેમના સત્યાગ્રહોનો સીધો પ્રભાવ ત્યાંની અશ્વેત પ્રજાનાં આંદોલનો પર પડ્યો હતો. તે પછીના દાયકાઓમાં ભારતીયોની સ્થિતિ ઉત્તરોત્તર બગડતી ગઈ હતી.

ઈ.સ. ૧૯૧૦માં 'યુનિયન ઑફ સાઉથ આફ્રિકા'નું વિશાળ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આ નવું રાષ્ટ્ર, નવો સંઘ તથા નવું બંધારણ સંપૂર્ણપણે વિવિધ શ્વેત પ્રજાઓ વચ્ચેની સમજૂતી હતી. તેમાં ભારતીય તથા અશ્વેત પ્રજાની પૂર્ણપણે અવગણના કરવામાં આવી હતી. તેના પ્રત્યાઘાત તરીકે ૮મી જાન્યુઆરી ૧૯૧૨ના રોજ તમામ અશ્વેત જાતિઓના તથા બૌદ્ધિકો, મજૂરો તથા ખેડૂતોના આગેવાનોએ એક ઐતિહાસિક અધિવેશન ભરીને આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસની સ્થાપના કરી.

શ્વેત લઘુમતી સરકારે ૧૯૧૩માં નેટિવ લેન્ડ્ઝ ઍક્ટ ઘડીને દેશની ૮૭ ટકા જમીન શ્વેત પ્રજા માટે અનામત રાખી તથા બાકીની આશરે ૧૩ ટકા જમીન બાકીના ૮૨ ટકા અશ્વેત લોકો માટે રાખવામાં આવી. તેના ફલસ્વરૂપે અશ્વેત લોકોએ શ્વેત લોકોનાં ખેતરો, ખાણો, કારખાનાં તથા વ્યાપારી મથકોમાં માત્ર મજૂરી કરવી પડતી. તેથી આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસે આ ભેદભાવભર્યા તથા અન્યાયી ધારાને નાબૂદ કરવાની માગણી કરી, પરંતુ કંઈ પરિણામ આવ્યું નહીં. શહેરોમાં દાડિયું કમાવા ગયેલા હજારો કામદારોએ સંઘ સ્થાપીને શોષણ વિરુદ્ધ હડતાળો પાડી. તેને લશ્કર તથા પોલીસે ક્રૂરતાથી દાબી દીધી. આ.ને. કૉન્ગ્રેસે કામદારોને ટેકો આપવા માટે ઘણી ચળવળો ચલાવી. રેલવેમાં મુસાફરી કરવાનો તથા ફૂટપાથ પર ચાલવાનો અધિકાર પ્રાપ્ત કરવા વાસ્તે આ.ને. કૉન્ગ્રેસે બધા પ્રાન્તોમાં કાનૂનભંગની ચળવળ ચલાવી. અશ્વેત પ્રજા માટે પાસ રાખવાની ફરજ પાડતા ધારાના વિરોધમાં દેખાવો કરવામાં આવ્યા. તે દરમિયાન ત્રણ નેતાઓનાં પોલીસે ખૂન કરાવ્યાં તથા ૨૦૦ આફ્રિકનોને ડરબન

શહેરમાંથી તડીપાર કરવામાં આવ્યા.

દક્ષિણ આફ્રિકાનો સંઘ અસ્તિત્વમાં આવ્યો ત્યારે કેપ પ્રાન્તમાં અશ્વેત પ્રજાને મર્યાદિત પ્રમાણમાં મતાધિકાર પ્રાપ્ત થયો હતો. તેઓનો આ મતાધિકાર ૧૯૩૫માં રદ કરવામાં આવ્યો ત્યારે દેશના ઇતિહાસની સૌથી મોટી ચળવળ ચલાવવામાં આવી. પરંતુ આ ચળવળને લોકોનું વ્યાપક પ્રમાણમાં સમર્થન પ્રાપ્ત ન થયું અને આફ્રિકનોએ મતાધિકાર જવા દેવો પડ્યો. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન સત્તા ભોગવતી જનરલ સ્મટ્સની યુનાઈટેડ પાર્ટીનો યુદ્ધ પૂરું થાય બાદ પરાજય થયો. દક્ષિણ આફ્રિકામાં ૧૯૪૮થી સત્તા ભોગવતી નૅશનાલિસ્ટ પાર્ટીએ રંગભેદ અને જાતિભેદ દ્વારા અશ્વેત લોકો વિરુદ્ધ અનેક કાયદા પસાર કર્યા. તે કાયદા અત્યાચારી હોવા ઉપરાંત શ્વેત પ્રજાનું અભિમાન તથા અહમ્ જાળવી રાખવાના મરણિયા પ્રયત્નોનું વિકરાળ સ્વરૂપ વ્યક્ત કરે છે.

નૅશનાલિસ્ટ પાર્ટીએ ભારતીયોનું સંસદમાંનું પ્રતિનિધિત્વ રદ કર્યું. ભારતીયોને નાતાલ તથા ટ્રાન્સવાલના નગરવિસ્તારોમાં અને કેપ પ્રાન્તમાં દાખલ થવાની મનાઈ કરતો, તથા સ્થળાંતર કરી નગરોમાં જતા મજૂરોને બેકારીના કાનૂની લાભોથી વંચિત રાખતા કાયદા કર્યા. આ કાયદાનો ઉદ્દેશ અશ્વેતોને નગરોમાં જતાં અટકાવવાનો હતો. શ્વેત તથા અશ્વેત વચ્ચેનાં લગ્નોને બિનકાનૂની ગણવામાં આવ્યાં. ત્યાર બાદ શ્વેત તથા અશ્વેત વચ્ચેના દેહસંબંધને ગુનો ગણીને સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી.

નૅશનાલિસ્ટ પાર્ટીની સરકારે પોપ્યુલેશન રજિસ્ટ્રેશન ઍક્ટ પસાર કરીને દેશનાં બધાં લોકોને યુરોપીય, રંગીન, આફ્રિકી એવાં જૂથોમાં વહેંચી દેવામાં આવ્યાં. પ્રત્યેક વ્યક્તિને તેની જાતિ જણાવતું ઓળખપત્ર આપવામાં આવ્યું. એ રીતે શહેરો તથા ગ્રામવિસ્તારોને જાતિ મુજબ વિભાજિત કરી, એક જાતિનાં લોકો જ એક વિસ્તારમાં સાથે રહી શકે એવો નિયમ કર્યો.

યુનિવર્સિટીઓમાંથી અશ્વેત લોકોને બાકાત રાખી રંગીન, ભારતીય, આફ્રિકી વગેરે માટે અલગ કૉલેજો સ્થાપી. પ્રત્યેક આફ્રિકીને ઓળખપત્ર સહિત એક રેફરન્સ બુક આપવામાં આવી, જે તેણે હંમેશાં પોતાની સાથે રાખવી પડતી અને તે ન હોય તો પોલીસ તેની ધરપકડ કરતી. કાયમી વસવાટ વગરના આફ્રિકીને નગરમાં ત્રણ દિવસથી વધારે રહેવાની મનાઈ કરી. તે કોઈ પણ કામ રોજગાર બ્યૂરો દ્વારા જ મેળવી શકે. તેમ ન કરે તો તેને નગરની બહાર કાઢી મૂકી શકાય. પચાસ વર્ષથી નીચેના ગુનેગારને ચોરી કે લૂંટના ગુના માટે કારાવાસ તથા ૧૦ ફટકા સુધીની સજા ફરમાવવામાં આવી. આ ધારા મુજબ પ્રતિવર્ષ ૧૭,૦૦૦ આફ્રિકીઓને ૧૨,૦૦૦ ફટકા મારવામાં આવ્યા હતા.

સરકારે મજૂર સંઘોની ચળવળમાં દરમિયાનગીરી કરી અને મજૂર સંઘોને લોકોની જાતિ મુજબ વિભાજિત કરીને જાતિ પ્રમાણે કામધંધા અનામત રાખ્યા. તેમણે 'અયોગ્ય' જણાતા આફ્રિકીઓને શહેરોમાંથી દૂર કરવાની અધિકારીઓને સત્તા આપી. આફ્રિકીઓને નાનામોટા ગુના માટે ખાનગી શ્વેત ખેડૂતોનાં ખેતરોમાં મજૂરી કરવા મોકલી આપતા. ત્યાં તેમને ઘણું ઓછું વેતન આપતા. સરકાર અને શ્વેત માલિકોની આ પજવણી તથા શોષણનો વિરોધ કરવા આ.ને. કૉન્ગ્રેસે ચળવળ ચલાવી તે 'બટાટા બહિષ્કાર' નામથી જાણીતી થઈ. આ ચળવળ સમગ્ર દેશમાં ફેલાઈ.

ભારતીયોને પરવાનગી વિના પોતાની પત્ની તથા સંતાનોને દક્ષિણ આફ્રિકા લઈ જવાની મનાઈ કરી. આફ્રિકી મજૂરો માટે હડતાળ પાડવાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો. પોલીસને વૉરંટ વગર કોઈ પણ મકાનમાં દાખલ થઈ તપાસ કરવાનો હક આપવામાં આવ્યો. ગેરલાયક જાહેર કરેલ વ્યક્તિ હોટલ, રેસ્ટોરાં, ક્લબ, સિનેમા થીએટરમાં દાખલ થઈ શકે નહીં. અગાઉ નહોતી ત્યાં એટલે કે ટ્રેન, બસ, પોસ્ટ ઑફિસ, ગ્રંથાલય, થીએટર વગેરે ઠેકાણે અલગતા વિસ્તારવામાં આવી.

૧૯૬૦ના એક ધારા મુજબ કારખાનાંમાં મજૂરોની જાતિ અનુસાર દરવાજા, સંડાસ, દવાખાનાં, પોશાકો તથા કામનાં સ્થળો અલગ રાખવાની સરકારને સત્તા આપવામાં આવી. દેશમાં અશ્વેત પ્રજા દ્વારા વધતી જતી ભાંગફોડની પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને તે ગુના માટે પાંચ વર્ષથી દેહાંત દંડ સુધીની સજા ઠરાવવામાં આવી.

દક્ષિણ આફ્રિકાની રંગભેદની આ જુલમી નીતિનો કેટલાક શ્વેત લોકો પણ વિરોધ કરતા હતા. તેઓમાં યુનાઈટેડ પાર્ટી, નૅશનાલિસ્ટ પાર્ટીનો એક વર્ગ, પ્રોફે. વી.એલ. પિસ્ટોરિયસ, પ્રોફે. મરાયસ વગેરે બૌદ્ધિકો તથા કેટલાક પાદરીઓનો સમાવેશ થતો હતો. આ.ને. કૉન્ગ્રેસે રંગભેદના સર્વે કાયદા દૂર કરાવવા તથા સંસદમાં અશ્વેત પ્રજાનું પ્રતિનિધિત્વ મેળવવાનો ઉદ્દેશ રાખ્યો. તેણે વિરોધી દેખાવો યોજ્યા, હડતાળો પાડી, આવેદનપત્રો આપ્યાં તથા કૂચ યોજી. તેને કારણે તેના કાર્યકરોએ વારંવાર ધરપકડો વહોરી તથા પોલીસની પજવણીનો ભોગ બન્યા. આ ચળવળમાં તેઓને રંગીન અને એશિયન કૉન્ગ્રેસો તથા કેટલાક શ્વેત લોકોનો પણ સહકાર મળ્યો. ૧૯૫૨-૫૩માં હજારો આફ્રિકીઓએ અન્યાયી કાયદા વિરુદ્ધ શાંત પ્રતિકાર કરીને ધરપકડો વહોરી લીધી.

અશ્વેત, રંગીન તથા ભારતીય પ્રજા અને મજૂર સંગઠનોના ૩૦૦૦ પ્રતિનિધિઓ ૨૬ જૂન ૧૯૫૫ના રોજ જોહાનિસબર્ગ નજીકના ક્લિપટાઉનમાં ભેગા મળ્યા અને 'સ્વતંત્રતાનો ખતપત્ર'

તૈયાર કર્યો. તેના પરિણામે ૧૫૬ અશ્વેત આગેવાનોની ધરપકડ કરીને તેમના ઉપર ઉપર્યુક્ત 'સ્વતંત્રતાના ખતપત્ર'ના આધારે ગંભીર રાષ્ટ્રદ્રોહનું આરોપનામું મૂકવામાં આવ્યું. બસભાડામાં કરવામાં આવેલા વધારા સામે ૧૯૫૭માં આ.ને. કૉન્ગ્રેસે બહિષ્કારની ચળવળ ચલાવી. તદનુસાર જોહાનિસબર્ગ તથા પ્રિટોરિયામાં ૪૫,૦૦૦ આફ્રિકીઓ અઢી મહિના પર્યંત પોતાને ઘેરથી કામના સ્થળે પગે ચાલીને ગયા. આ દરમિયાન દેશના વિવિધ વિસ્તારોમાં આફ્રિકીઓને પોલીસો સાથે રમખાણો અને અથડામણો થઈ. ૧૯૬૦માં આવાં રમખાણો પરાકાષ્ઠાએ પહોંચ્યાં.

આ.ને. કૉન્ગ્રેસમાંથી અલગ થયેલ ઉદ્દામવાદીઓની સંસ્થા પાન-આફ્રિકનિસ્ટ કોન્ગ્રેસે માર્ચ ૧૯૬૦માં પાસ રાખવાના કાયદા વિરુદ્ધ દેશવ્યાપી ચળવળ શરૂ કરી. તેણે શરૂ કરેલ સવિનય કાનૂનભંગ કરનારા ઉપર જોહાનિસબર્ગ નજીકના શાર્પવિલેમાં પોલીસે આડેધડ ગોળીબારો કર્યા. તેમાં ૬૯ આફ્રિકીઓ શહીદ થયા તથા ૧૭૮ જણ ઘાયલ થયા. આ ઉપરાંત કેપટાઉન તથા અન્યત્ર ગોળીબાર કરી નિર્દોષ લોકોને કચડવાના પ્રયાસો કરવામાં આવ્યા. આ.ને. કૉન્ગ્રેસે ૧૯૬૦ની ૨૮મી માર્ચે શોકદિન પાળવાનું જાહેર કરી પાસની સામૂહિક હોળી કરવા જણાવ્યું. આ ચળવળથી ગભરાઈ ગયેલી સરકારે આ.ને. કૉન્ગ્રેસ તથા પાન-આફ્રિકનિસ્ટ કૉન્ગ્રેસને ૧૯૬૦માં ગેરકાયદે સંસ્થાઓ જાહેર કરી.

દેશની ૧૯૬૧-૬૪ દરમિયાનની ભાંગફોડની પ્રવૃત્તિ દાબી દેવા માટે સરકારે કાયદા ઘડીને કોઈપણ સંગઠન કે વ્યક્તિની જાહેર પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવાનો હક અધિકારીઓને આપ્યો, તથા કોઈ વ્યક્તિની ધરપકડ કરવાની તથા કેસ ચલાવ્યા વિના જેલમાં પૂરી રાખવાની સત્તા આપી. તેના ફલસ્વરૂપે ૧૯૬૪ના અંત સુધીમાં સર્વે જાણીતા ક્રાન્તિકારી આગેવાનો કારાવાસમાં અથવા દેશબહાર હતા અને સર્વે પ્રસિદ્ધ ક્રાન્તિકારી સંગઠનો અદૃશ્ય થઈ ગયાં.

વડાપ્રધાન વેરવુડની સપ્ટેમ્બર ૧૯૬૬માં કતલ કરવામાં આવી અને એના સ્થાને નેશનાલિસ્ટ પાર્ટીની જ જમણેરી પાંખનો નેતા બી.જે. વોર્સ્ટર વડાપ્રધાન બન્યો. તેની સરકારે અશ્વેત લોકો પરનાં નિયંત્રણો વધારી દીધાં અને અલગતાનો અમલ સખતાઈથી કરવા માંડ્યો. તેનાથી આફ્રિકી, રંગીન તથા ભારતીયોમાં અશાંતિ વધી અને તેમની પાસે રહેલા થોડાઘણા હક્કો પણ ચાલ્યા‌જતા જણાયા. આ દરમિયાન અશ્વેત લોકોની ચળવળ કચડી નાખવા પોલીસોની સંખ્યા તથા તે માટેના ખર્ચમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો.

દક્ષિણ આફ્રિકાની ટરફલોપ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં (૧૯૭૨માં) શ્વેત વિદ્યાર્થી નેતાએ રંગભેદની જુલમી નીતિ સામે વિરોધ કરવાથી તેને તથા તેને સાથ આપનાર વિદ્યાર્થી સંઘના કાર્યકરોને બરતરફ કરવામાં આવ્યા. તે પગલાનાં વિરોધમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ દેખાવો યોજ્યા. ભારતીયોની ડરબનમાં આવેલી વેસ્ટવિલે યુનિવર્સિટી, ઝૂલુ લોકોની ફોર્ટહેર યુનિવર્સિટી તથા મિશ્ર (રંગીન) પ્રજાની વેસ્ટ કેપ યુનિવર્સિટીમાં તે બનાવના પડઘા પડ્યા. એક ચાની કંપનીમાં જાન્યુઆરી ૧૯૭૩માં હડતાલ પડી, તેમાં બીજી સો જેટલી કંપનીઓના તથા ગોદીના આશરે ૪૦,૦૦૦ મજૂરો જોડાયા. આ રીતે ઉત્તરોત્તર હડતાલો વધવા લાગી. દક્ષિણ આફ્રિકાના ઇતિહાસના સૌથી ખરાબ જાતિભેદનાં રમખાણો જૂન ૧૯૭૬માં, આફ્રિકીઓના અનામત વિસ્તારો સાઉથ વેસ્ટર્ન ટાઉનશિપ્સ SOWETOમાં ફાટી નીકળ્યાં. આફ્રિકન શાળાઓમાં આફ્રિકન ભાષાને જ શિક્ષણના માધ્યમ તરીકે ફરજિયાત બનાવવામાં આવી. તે નિયમ સામે વિરોધ દર્શાવવા આફ્રિકન વિદ્યાર્થીઓએ કૂચ કરી ત્યારે રમખાણો થયાં. પોલીસે દેખાવકારો પર અશ્રુવાયુ છોડ્યો તથા સામટી ધરપકડો કરી. લડતમાં દરરોજ ભાંગફોડ કરવામાં આવતી, ધરપકડો થતી અને યુવાનો જાન ગુમાવતા. ત્રણ સપ્તાહની લડાઈ અને પોલીસના અત્યાચારો બાદ રમખાણો અંકુશમાં લેવામાં આવ્યાં.

વડાપ્રધાન વોર્સ્ટરે ૧૯૭૮માં રાજીનામું આપ્યું અને નેશનાલિસ્ટ પાર્ટીનો બીજો નેતા પી.ડબ્લ્યૂ. બોથા વડો પ્રધાન બન્યો. નવેમ્બર ૧૯૮૩માં શ્વેત મતદાર મંડળે રેફરેન્ડમ (લોકમત)થી નવું બંધારણ પસાર કર્યું. તેનો અમલ ૧૯૮૪માં શરૂ થયો. તે મુજબ સંસદના શ્વેત, રંગીન તથા ભારતીયોના પ્રતિનિધિઓનાં ત્રણ અલગ ગૃહ રાખવામાં આવ્યાં.

દક્ષિણ આફ્રિકાના ૩૦ જિલ્લામાં જૂન ૧૯૮૬ થી કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી અને તે ૧૯૮૭ અને ૧૯૮૮નાં વરસોમાં પણ ચાલુ રાખવામાં આવી હતી. સપ્ટેમ્બર ૧૯૮૪થી અશ્વેત પ્રજામાં અશાંતિ પેદા થઈ હતી. આશરે ૨૩,૦૦૦ લોકોને અટકાયતમાં રાખવામાં આવ્યાં, તેમાં ઘણાં ૨૫ વરસનાં તથા હજારો ૧૬ વરસની નીચેનાં હતાં. શાળાઓનો બહિષ્કાર, હડતાલો, ગ્રાહકોનો બહિષ્કાર તથા સરકારી અધિકારીઓ અને સલામતી દળો પર હુમલા કરવામાં આવતા. છેલ્લાં બે વર્ષ, સપ્ટેમ્બર ૧૯૮૬ સુધી બંને પક્ષે હિંસા ચાલુ રહી. તેમાં ૫૬ સલામતી દળના સહિત ૧૭૭૬ લોકો માર્યા ગયા.

પ્રતિબંધિત આ.ને. કૉન્ગ્રેસે શરૂમાં સુધારાવાદી તથા સમાધાનકારી નીતિ અખત્યાર કરી. પરંતુ રંગભેદના તીવ્ર અમલને કારણે તેણે જહાલ સ્વરૂપ ધારણ કર્યું. તે દેશનાં બધાં લોકોની સમાનતા તથા સહકાર ધરાવતો સમાજ રચવામાં માને છે. દક્ષિણ આફ્રિકામાં સામ્યવાદી પક્ષ પર પ્રતિબંધ મુકાયા બાદ કેટલાંક

તત્ત્વો આ.ને. કૉન્ગ્રેસમાં ભળી ગયાં. તેનું નેતૃત્વ આલ્બર્ટ લુથુલી, ઑલિવર તામ્બો, નેલ્સન મૅન્ડેલા જેવા નેતાઓના હાથમાં રહ્યું છે. તેના ઉપર ૧૯૬૦માં પ્રતિબંધ ફરમાવ્યા બાદ આ.ને. કૉન્ગ્રેસે ભૂગર્ભ સંગઠન તરીકે સંઘર્ષ ચાલુ રાખ્યો. દેશમાં સ્વતંત્રતાની ચળવળને ચાલુ રાખવા ૧૬ ડિસેમ્બર ૧૯૬૧ના રોજ Umkhnoto We Sizwe - 'રાષ્ટ્રનો ભાલો' નામની ભૂગર્ભ ક્રાન્તિકારી સંસ્થા સ્થાપી, ગુપ્ત પત્રિકાઓ વહેંચી તથા સરકારી મકાનોમાં બૉમ્બના ધડાકા કરવામાં આવ્યા. આ.ને. કૉન્ગ્રેસ દ્વારા ૧૯૮૫માં ૧૩૬ તથા ૧૯૮૬માં ૧૭૦ હુમલા ગેરીલા દ્વારા કરવામાં આવ્યા. અશ્વેત તકેદારી જૂથો દ્વારા શહેરો તથા ગામડાંમાં અનેક ઠેકાણે હિંસા આચરવામાં આવી.

સરકાર સામેના પ્રતિકારની અશ્વેત લોકોની મોટા ભાગની પ્રવૃત્તિઓ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના નેજા હેઠળ યોજવામાં આવતી. તેમાં અનેક સંગઠનો જોડાયાં હતાં અને તેની સભ્ય-સંખ્યા વીસ લાખની હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. અટકાયતમાં રાખવામાં આવેલા કેદીઓમાંના આશરે ૧૩,૦૦૦ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના સમર્થકો હતા. આ દરમિયાન બે મોટી રાષ્ટ્રિય હડતાલો પાડવામાં આવી. તેમાં 'મે દિન'ની પગાર સહિતની જાહેર રજા મેળવવા ૧લી મેના રોજ ૧૫ લાખ કામદારોએ હડતાલ પાડી. તથા જૂનની ૧૬મીએ સાઉથ વેસ્ટર્ન ટાઉનશિપ્સ (Soweto)ની કતલની દસમી સંવત્સરી નિમિત્તે બીજી દેશવ્યાપી હડતાલ પાડવામાં આવી. તે સમયે આ.ને. કૉન્ગ્રેસ સૌથી વધુ લોકપ્રિય રાજકીય સંસ્થા હતી અને તેના ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવાની વ્યાપક માગણી જોર પકડતી હતી.

સરકારે સમગ્ર દેશમાં જાહેર કરેલી કટોકટીની સ્થિતિ ૧૯૮૭ના વર્ષમાં ચાલુ રહી. પોલીસ અને લશ્કરના અત્યાચારોને લીધે હિંસક પ્રવૃત્તિમાં ઓટ આવી. યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટની ૧૯૮૩માં, કૉન્ગ્રેસ ઑફ સાઉથ આફ્રિકન ટ્રેડ યુનિયન્સ (COSATU)ની ૧૯૮૫માં તથા સાઉથ આફ્રિકન યુથ કૉન્ગ્રેસની માર્ચ ૧૯૮૭માં સ્થાપના કરવામાં આવી હતી. આ બધાં સંગઠનોએ 'સ્વતંત્રતાનો ખતપત્ર' સ્વીકાર્યો હતો. શ્વેત લઘુમતી સરકાર સામેનો સામૂહિક વિરોધ વ્યક્ત કરવા માટે તા. ૫ અને ૬ મે ૧૯૮૭ના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાલ પાડવામાં આવી. તેમાં ૩૦ લાખ કામદારો તથા વિદ્યાર્થીઓ જોડાયા. પોલીસે કામદાર-સંઘોનાં કાર્યાલયો પર દરોડા પાડ્યા તથા રેલવેના કામદારો પર ગોળીબારો કર્યા. ત્યાર બાદ રેલવેના ૨૫,૦૦૦ કામદારોએ ત્રણ મહિના લાંબી હડતાલ પાડી, જે દક્ષિણ આફ્રિકાના ઈતિહાસની મહત્ત્વની ઘટના હતી.

ઉપર્યુક્ત હડતાલોના ફલસ્વરૂપે સરકાર દ્વારા ૧૯૬૪માં નેલ્સન મૅન્ડેલા સાથે સજા કરીને જેલમાં પૂરેલા આ.ને. કૉન્ગ્રેસના આગેવાન ગોવન મબેકીને બિનશરતે મુક્ત કરવામાં આવ્યા.

યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ સહિત સોળ મુખ્ય વિરોધી સંગઠનો પર અસરકારક પ્રતિબંધ ફરમાવતાં પગલાં ૨૪ ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ સરકારે જાહેર કર્યાં. આ ઉપરાંત આઠ લાખની સભ્ય-સંખ્યા ધરાવતી કૉન્ગ્રેસ ઑફ સાઉથ આફ્રિકન ટ્રેડ યુનિયન્સની પ્રવૃત્તિઓ ઉપર કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં. શાર્પવિલેના બનાવોના ખૂનકેસમાં સજા પામેલા છ અશ્વેત યુવાનોને સરકાર ફાંસીએ લટકાવવાની હતી. પરંતુ આંતરરાષ્ટ્રિય વિરોધને ધ્યાનમાં લઈને પ્રમુખ બોથાએ તેમની સજા ઘટાડીને ૧૮ થી ૨૫ વર્ષના કારાવાસની કરી. શ્વેત સરકારના જુલમોના સમાચાર દબાવી દેવા માટે સરકારે અખબારો પર નિયંત્રણો લાદ્યાં અને ત્રણ અખબારોના પ્રકાશન પર પ્રતિબંધ મૂક્યો.

સરકારે ૧૬ વિરોધી સંગઠનો પર મૂકેલાં નિયંત્રણોના વિરોધમાં કૉન્ગ્રેસ ઑફ સાઉથ આફ્રિકન ટ્રેડ યુનિયને ૬ થી ૮ જૂન ૧૯૮૮માં ત્રણ દિવસની રાષ્ટ્રિય હડતાલનું એલાન આપ્યું. તેને દેશના ૩૦ લાખ અશ્વેત કામદારો તથા ૨૦ લાખ અશ્વેત યુવકોએ સમર્થન આપ્યું. આ હડતાલમાં સૌથી મોટી સંખ્યામાં લોકો જોડાયાં હતાં, એ રીતે હડતાલ અદ્વિતીય હતી. આ દરમિયાન દેશની સૌથી લોકપ્રિય રાજકીય સંસ્થા આ.ને. કૉન્ગ્રેસની ગુપ્ત સશસ્ત્ર પાંખ 'રાષ્ટ્રનો ભાલો' Umkhonto We Sizwe દ્વારા ગેરીલા પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી. સરકારના જણાવવા મુજબ ૧૯૮૬માં ૨૩૦, ૧૯૮૭માં ૨૩૫ અને ૧૯૮૮માં ૨૬૨ આતંકવાદી હુમલા કરવામાં આવ્યા હતા. એમાં રેસ્ટોરાં, બસ સ્ટેશનો તથા અન્ય જાહેર સ્થળોએ બૉમ્બ ધડાકાનો સમાવેશ થતો હતો. તેમાંના કેટલાકની જવાબદારી આ.ને. કૉન્ગ્રેસે સ્વીકારી હતી. તેના પ્રતિકારમાં યુરોપ તથા આફ્રિકાના દેશોમાં આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસનાં કાર્યાલયો પર હુમલા કરવામાં આવ્યા અને ફ્રાન્સમાં તેના એક નેતાનું ખૂન કરવામાં આવ્યું. દેશવટો ભોગવતા આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસના નેતાઓએ ભવિષ્યના જાતિભેદ વગરના બંધારણની દરખાસ્તો, 'સ્વતંત્રતાના ખતપત્ર'ની પુરવણી તરીકે તૈયાર કરી. તેમાં મિશ્ર અર્થતંત્ર તથા હકોના ખરડાની હિમાયત કરી.

* * *

પી.ડબ્લ્યૂ. બોથા ૧૯૭૮થી સરકારનો વડો હતો. તેને સ્થાને ટ્રાન્સવાલની નેશનલ પાર્ટીનો નેતા તથા માજી શિક્ષણ મંત્રી ફ્રેડરિક ડી કલર્ક ૧૯૮૯માં દક્ષિણ આફ્રિકાનો પ્રમુખ બન્યો. તે સાથે શ્વેત લઘુમતી સરકારની અશ્વેત લોકો પ્રત્યેની નીતિમાં ધરખમ ફેરફારો થવાની શરૂઆત થઈ. પ્રમુખ ડી કલર્ક બહુમતી અશ્વેત પ્રજાની અદ્ભુત તાકાત અને દુનિયાના દેશોમાંથી અશ્વેતોને પ્રાપ્ત થતા અપૂર્વ સમર્થનને સમજી શકવામાં સફળ નીવડ્યો. તેથી દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં અતિ મહત્ત્વનાં ઝડપી

પરિવર્તનો થવા માંડ્યાં.

ટ્રાન્સવાલનાં અશ્વેત લોકોનાં નગરો બોક્સબર્ગ અને કાર્લટનવિલે, સાઉથ વેસ્ટર્ન ટાઉનશિપ્સ વગેરે સ્થળોએ સરકારને પડકારવા માટે બહિષ્કારો, રાજકીય અટકાયતીઓ દ્વારા ભૂખ-હડતાલો, મજૂરસંઘો વિરોધી કાયદા વિરુદ્ધ ચળવળ, આફ્રિકન અને મિશ્ર (રંગીન) લોકોની અલગ શાળાઓમાં બહિષ્કારનું આંદોલન તથા 'મે દિન', 'શાર્પવિલે દિન' અને 'સોવેટો દિન'ની જાહેર રજાઓ તરીકે માગણીના કાર્યક્રમો ૧૯૮૯ના વર્ષમાં ચાલુ રહ્યા. એ વરસે ઑગસ્ટ માસમાં અલગતા વિરોધી આંદોલન ચલાવી હૉસ્પિટલો, બગીચા, દરિયાકિનારા વગેરે અલગતાથી મુક્ત રાખવાની માગણી કરવામાં આવી. ત્યાર બાદ તે માગણીના સમર્થનમાં બધાં શહેરો તથા ગામામાં લાખો લોકોએ કૂચ કરીને દેખાવો યોજ્યા. તેમાં આ.ને. કૉન્ગ્રેસના ધ્વજ સર્વત્ર નજરે પડતા હતા. આ.ને. કૉન્ગ્રેસના મહામંત્રી વૉલ્ટર સિસુલુ તથા બીજા સાત રાજકીય નેતાઓને સપ્ટેમ્બર ૧૯૮૯માં મુક્ત કરવામાં આવ્યા. તેમાંના એક સિવાય બધા ૧૯૬૦થી કારાવાસ ભોગવતા હતા. તે બનાવને દેશના સૌથી વધુ પ્રસિદ્ધ રાજકીય નેતા નેલ્સન મૅન્ડેલાની મુક્તિની પૂર્વકસોટી તરીકે જોવામાં આવ્યો હતો.

વૉલ્ટર સિસુલુ સહિત આ.ને. કૉન્ગ્રેસના નેતાઓએ ઑક્ટોબર માસમાં સોવેટોમાં ૭૦,૦૦૦ની માનવ મેદનીને સંબોધન કરવા છતાં, અગાઉની જુલમી શ્વેત સરકારની તુલનામાં ડી ક્લર્કની સરકારે દાખવેલી સહિષ્ણુતાએ અણસાર આપ્યો કે આ.ને. કૉન્ગ્રેસ પરના પ્રતિબંધો તથા દેશમાંથી કટોકટી દૂર કરવાનો સમય નજીક આવ્યો છે. ત્યારબાદ સમગ્ર દેશના સમુદ્ર-કિનારા તથા રહેઠાણના ચાર વિસ્તારોને સર્વે જાતિનાં લોકો માટે સરકારે ખુલ્લા જાહેર કર્યા. પ્રમુખ ડી ક્લર્ક મૅન્ડેલાને મળ્યા અને દેશના ભાવિ વિષે મંત્રણા કર્યા બાદ ૨ ફેબ્રુઆરી, ૧૯૯૦ના દિવસે આ.ને. કૉન્ગ્રેસ, પાન આફ્રિકનિસ્ટ કૉન્ગ્રેસ, સાઉથ આફ્રિકન કમ્યૂનિસ્ટ પાર્ટી, યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ સહિત ૩૦થી વધુ સંગઠનો પરના પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૦ના દિવસે મૅન્ડેલા અને બીજા ૧૨૦ રાજકીય કેદીઓને મુક્ત કરવામાં આવ્યા તથા અશ્વેત પ્રજાનાં નગરોમાંથી લશ્કર ખેંચી લેવામાં આવ્યું. તે બનાવે દુનિયાના અનેક દેશોનાં લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. દેશમાં જૂન ૧૯૮૬થી જાહેર કરેલી કટોકટીની સ્થિતિ જૂન ૧૯૯૦માં, એટલે ચાર વર્ષ બાદ દૂર કરવામાં આવી. આ દરમિયાન, ૧૯૮૮ સુધી કટોકટીના નિયમો હેઠળ ૫૦,૦૦૦ લોકો જેલમાં હતા. આ.ને. કૉન્ગ્રેસ સાથેની મંત્રણામાં ઑગસ્ટ ૧૯૯૦માં ડી ક્લાર્કે ૩૦૦૦થી વધુ રાજકીય કેદીઓને જેલમુક્ત કરવા તથા દેશવટો ભોગવતા ૪૦,૦૦૦ અશ્વેતોને દેશમાં આવવા દેવાની જાહેરાત કરી. તદનુસાર ૩૦ વર્ષથી વધુ સમય સુધી વિદેશોમાં રહી શ્વેત સરકાર સામે અવિરત ઝૂઝતા રહેતા આ.ને. કૉન્ગ્રેસના પ્રમુખ ઑલિવર તામ્બો અને બીજા હજારો સ્વાતંત્ર્ય સૈનિકો સ્વદેશ પાછા ફર્યા.

ઝૂલુ લોકોની ઇનકાથા ફ્રિડમ પાર્ટીની ૧૯૮૬માં સ્થાપના કરવામાં આવી હતી. આ.ને. કૉન્ગ્રેસ તથા ઇનકાથાના ટેકેદારો સામસામે હિંસક અથડામણોમાં મોટી સંખ્યામાં માર્યા જતા હતા. અશ્વેત પ્રજાનાં આ બે જૂથ વચ્ચેની લડાઈઓમાં હજારેક માણસોએ જાન ગુમાવ્યા હતા. નેલ્સન મૅન્ડેલા તથા ઇનકાથા ફ્રિડમ પાર્ટીના વડા બુથેલેઝી દક્ષિણ આફ્રિકામાં રંગભેદ તથા શ્વેત લઘુમતી સરકારનો અંત લાવવા અને તેઓ વચ્ચેની સ્પર્ધા બંધ કરવા કબૂલ થયા. શ્વેત સરકારે ભવિષ્યમાં કબૂલ કર્યું હતું કે ઇનકાથાને તેણે ગુપ્ત આર્થિક મદદ કરી હતી. જૂથ અથડામણોમાં ૮૦ ટકા બનાવોમાં આક્રમક ઇનકાથા અને પોલીસ હોવાનો દાવો દેશનાં વર્તમાનપત્રોમાં કરવામાં આવ્યો હતો.

આ.ને. કૉન્ગ્રેસની સલાહકાર સમિતિએ ૧૯૯૧ના વર્ષને સત્તાની ફેરબદલી કરાવવા માટે સામૂહિક ચળવળનું વર્ષ જાહેર કર્યું. પાર્લમેન્ટની બેઠક ૧૯૯૧માં શરૂ થઈ ત્યારે પાટનગર કેપ ટાઉનમાં ૨૦,૦૦૦ લોકોએ દેખાવો યોજી પાર્લમેન્ટ વિખેરી નાખી, નવું બંધારણ ઘડવા બંધારણસભાની રચના કરવા તથા રંગભેદના સર્વે કાયદા રદ કરવાની માગણી કરી. જૂન ૧૯૯૧માં પાર્લમેન્ટે દક્ષિણ આફ્રિકાની જાતિઓનું વર્ગીકરણ કરતો ૪૧ વર્ષ જૂનો વસતી નોંધણી ધારો, ૮૭ ટકા જમીન શ્વેત પ્રજા માટે અનામત રાખતો જમીન ધારો તથા જાતિ અનુસાર રહેઠાણના વિસ્તારો સૂચવતો જૂથ વિસ્તાર ધારો નાબૂદ કર્યો.

ઇનકાથા સાથે કરાર કરવા છતાં હિંસક અથડામણો ચાલુ રહેવાથી આ.ને. કૉન્ગ્રેસે ઇનકાથા તથા સરકારને આખરીનામું આપ્યું અને પોતાના ટેકેદારોની હત્યા કરવાનો તેમના ઉપર આરોપ મૂક્યો. આ દરમિયાન જુલાઈ ૧૯૯૧માં આ.ને. કૉન્ગ્રેસના ૨૫૦૦ પ્રતિનિધિઓના મળેલા અધિવેશનમાં ઑલિવર તામ્બોની બગડતી જતી તબિયતને કારણે મૅન્ડેલાને બિનહરીફ પ્રમુખપદે ચૂંટવામાં આવ્યા. તે સાથે વૉલ્ટર સિસુલુને ઉપપ્રમુખ તથા સિરિલ રેમફોસને મહામંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા. ઑગસ્ટ ૧૯૯૧માં દેશવટો ભોગવતા બાકીના બધા રાજકીય કાર્યકરોને સરકારે માફી જાહેર કરી. ત્યાર બાદ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટને વિખેરી નાખવામાં આવી.

ડિસેમ્બર ૧૯૯૧માં દક્ષિણ આફ્રિકાની વિવિધ જાતિઓનું પ્રતિનિધિત્વ ધરાવતા ૧૯ ડેલિગેટોએ ડિસેમ્બર ૧૯૯૧માં લોકશાહી બંધારણ ઘડવા માટે મંત્રણા શરૂ કરી. તેઓ માર્ચ ૧૯૯૨થી બહુજાતીય પ્રધાનમંડળ રચવા કબૂલ થયા. પ્રમુખ ડી ક્લર્કે લોકશાહી બંધારણ વિષે શ્વેત પ્રજાનો અભિપ્રાય

જાણવા લોકમત લીધો. તેમાં તેઓએ સુધારાની પ્રક્રિયા ચાલુ રાખવા જણાવી, પોતાનો નૈતિક ટેકો જાહેર કર્યો. ત્યાર બાદ આ.ને. કૉન્ગ્રેસ તથા સરકાર વચ્ચે બંધારણ ઘડવા માટે મંત્રણા કરવામાં આવી; રાજકીય કેદીઓને છોડવા તથા હિંસા અટકાવવા માટે સમજૂતી સાધવામાં આવી. ચૂંટણી અગાઉ આફ્રિકનોને પ્રધાનમંડળમાં લેવા બંધારણમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા.

આ.ને. કૉન્ગ્રેસે સરકાર સાથે વાટાઘાટ કરી. તે પછી એપ્રિલ ૧૯૯૪ સુધીમાં બહુપક્ષી ચૂંટણીઓ યોજવા, ૧૦થી ૧૫ ટકા મત મેળવનાર પક્ષને મિશ્ર સરકારમાં પ્રતિનિધિત્વ આપવા તથા બંધારણસભા દ્વારા નવું બંધારણ ઘડવા બંને પક્ષો કબૂલ થયા. દેશની પ્રથમ બહુજાતીય ચૂંટણીની ભૂમિકા ઘડવા પ્રમુખ ડી ક્લર્કે તેના પ્રધાનમંડળની પુનર્રચના કરી. તે પ્રધાનમંડળમાં સૌપ્રથમવાર એક ભારતીય ભાંડરા રણછોડ સહિત અશ્વેત સભ્યોને નીમવામાં આવ્યા. આ દરમિયાન ૨૪ એપ્રિલ, ૧૯૯૩ના રોજ, ૧૯૬૯થી ૧૯૯૧ સુધી આ.ને. કૉન્ગ્રેસનું પ્રમુખપદ સંભાળનાર ઑલિવર તામ્બોનું અવસાન થયું.

વિશ્વના દેશોની નજર દક્ષિણ આફ્રિકામાં થઈ રહેલ મહાન શાંત પરિવર્તન તરફ મંડાયેલી હતી. દેશના બે મહાન નેતાઓ નેલ્સન મૅન્ડેલા તથા ફ્રેડરિક ડી ક્લર્કને જાતિભેદ વિનાની લોકશાહી વ્યવસ્થામાં શાંતિપૂર્વક પરિવર્તન લાવવાના અવિરત પ્રયાસો કરવા બદલ ૧૯૯૩નું શાંતિ માટેનું વિશ્વવિખ્યાત નૉબેલ પારિતોષિક આપવાની જાહેરાત થઈ.

ભારતે સૌપ્રથમવાર ૧૯૪૬માં દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં રજૂ કર્યો તથા ૧૯૫૨માં જાતિભેદનો વિરોધ કરતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આફ્રિકાના સ્વતંત્ર થયેલા દેશોનું દબાણ વધવાથી ૩૧ જુલાઈ, ૧૯૬૩ના રોજ સલામતી સમિતિએ દક્ષિણ આફ્રિકાને લશ્કરી વાહનો, શસ્ત્રો તથા દારૂગોળો ન વેચવાનો પ્રસ્તાવ પસાર કર્યો. નવેમ્બર ૧૯૭૧માં સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ જાતિભેદ વિરુદ્ધ મોટી બહુમતીથી નવ ઠરાવો પસાર કર્યા હતા. તથા અશ્વેત આફ્રિકીઓને ફરજિયાત ધોરણે બાન્ટુસ્તાનોમાં ધકેલવાની નીતિને વખોડવામાં આવી હતી. આ રીતે વિશ્વમત દક્ષિણ આફ્રિકી શ્વેત તાનાશાહીની વિરુદ્ધમાં હતો. ઍંશીના દાયકામાં દક્ષિણ આફ્રિકાનાં રંગભેદ વિરોધી સંગઠનોએ વિદેશોને વિનંતી કરી દક્ષિણ આફ્રિકા પર આર્થિક પ્રતિબંધો મૂકવા જણાવ્યું. તેમ છતાં પશ્ચિમના દેશો સાથેનો તેનો વેપાર ચાલુ રહ્યો. તેના ઉદ્યોગોમાં વિદેશી મૂડીરોકાણ થયું હતું. પરંતુ ૧૯૮૪-૮૫માં હિંસક બનાવો વધવાથી યુનાઈટેડ સ્ટેટ્સે આર્થિક પ્રતિબંધો લાદ્યા. યુરોપીય કમ્યૂનિટી તથા સ્કેન્ડિનેવિયન દેશો ઑગસ્ટ ૧૯૮૬માં તેને અનુસર્યા. રાષ્ટ્રસમૂહના દેશો તથા જાપાને પણ ત્યારબાદ પ્રતિબંધો મૂક્યા.

દક્ષિણ આફ્રિકામાં ફેબ્રુઆરી ૧૯૯૦થી થતા રાજકીય સુધારાને ધ્યાનમાં લઈને ડિસેમ્બર ૧૯૯૦માં યુરોપીય કમ્યૂનિટીના દેશોએ ત્યાં નવા રોકાણના પ્રતિબંધો દૂર કર્યા. જુલાઈ ૧૯૯૧માં યુનાઈટેડ સ્ટેટ્સે લાદેલા પ્રતિબંધો દૂર કર્યા. એ વર્ષે તેને આંતરરાષ્ટ્રિય રમતોત્સવમાં, ઘણાં વર્ષો બાદ પ્રવેશ મળ્યો. જાન્યુઆરી ૧૯૯૨થી યુરોપીય કમ્યૂનિટીએ તેમના બધા આર્થિક પ્રતિબંધો પાછા ખેંચ્યા. સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ ઠરાવ કરીને દક્ષિણ આફ્રિકા સામેના બધા પ્રતિબંધો દૂર કર્યા.

આ દરમિયાન વચગાળાનું બંધારણ તૈયાર કરીને પસાર કરવામાં આવ્યું. ચૂંટણીમાં ભાગ લેવા માટે આ.ને. કૉન્ગ્રેસ, પાન-આફ્રિકનિસ્ટ કૉન્ગ્રેસ, નૅશનલ પાર્ટી, ડેમોક્રેટિક પાર્ટી, આફ્રિકન ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પાર્ટી વગેરે પક્ષોએ નોંધણી કરાવી. ૧૯૯૪ના માર્ચ મહિનામાં જોહાનિસબર્ગ, ડરબન વગેરે સ્થળોએ આંતરિક રાજકારણને લીધે હિંસા ફાટી નીકળી. તેથી નાતાલ પ્રાન્તમાં અસાધારણ સ્થિતિ જાહેર કરવી પડી. માનવ અધિકાર આયોગની નોંધ અનુસાર માર્ચમાં નાતાલ પ્રાન્તમાં ૨૬૬ રાજકીય હત્યાઓ થઈ હતી. ૨૬-૨૯ એપ્રિલ, ૧૯૯૪ દરમિયાન ત્યાં સૌ પ્રથમ નીતિભેદ વિનાની ચૂંટણીઓ નૅશનલ એસેમ્બલી તથા નવ પ્રાન્તિક ધારાસભાઓ માટે યોજવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રોએ સલામતી દળો મૂક્યાં હોવા છતાં ચૂંટણી અગાઉ રાજકીય હત્યાઓ થઈ. પરંતુ ચૂંટણીના દિવસો દરમિયાન ઘણુંખરું શાંતિ જળવાઈ. કેટલાક વિસ્તારોમાં પોલિંગ સ્ટેશનોએ બે કિ.મી. લાંબી કતારોમાં મતદારોને મતદાન માટે આઠ કલાક રાહ જોવી પડી. મતદાનનો સમય ખાસ સંજોગોમાં વધારવામાં આવ્યો હતો.

આ.ને. કોંગ્રેસને ચૂંટણીમાં ૬૨.૬ ટકા મત અને નૅશનલ એસેમ્બલીમાં ૪૦૦માંથી ૨૫૨ બેઠકો મળી. તેને નવમાંથી સાત પ્રાંતોમાં બહુમતી મળી. પ્રિટોરિયામાં ૧૦ મે, ૧૯૯૪ના રોજ આ.ને. કૉન્ગ્રેસના નેતા નેલ્સન મૅન્ડેલાની પ્રથમ અશ્વેત પ્રમુખ તરીકે સોગંદવિધિ થઈ ત્યારે ૧૪૦ દેશોના રાજકીય પ્રતિનિધિઓએ તેમાં હાજરી આપી. આ રીતે દક્ષિણ આફ્રિકામાં ૩૫૦ વર્ષના શ્વેત પ્રજાના આધિપત્યનો અંત આવ્યો. મૅન્ડેલાના પ્રથમ પ્રધાનમંડળમાં દક્ષિણ આફ્રિકાના ટ્રેડ યુનિયનના નેતા અને આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસના મહામંત્રી ભારતીય મૂળના જયસિલન નાયડુને ખાતા વિનાના પ્રધાન તરીકે લેવામાં આવ્યા. દક્ષિણ આફ્રિકાના સ્વાતંત્ર્ય સંગ્રામ પર મહાત્મા ગાંધી તથા અહિંસા અને સત્યાગ્રહોની ઊંડી અસર પડી હતી. આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસના વિવિધ કાર્યક્રમોમાં તેનું સ્પષ્ટ પ્રતિબિંબ જણાય છે. □

સ્થિર નદી, સરતાં નીર

# કસબ અને કારીગરી



**પ્રીતિ સેનગુપ્તા**

પહેલું રાત્રીભોજન. શાકાહારીને નડતો શાપ. કોઈ પણ રીતે ટકી જઈશ - ટકી જવું પડશે.

મને તો ખાસ કશું ખાવા જ ન મળ્યું, પણ બીજાં બધાંને પણ ખાધું ના ખાધું કરીને ભાગવું પડ્યું. અમને સરસ, આધુનિક, ગોળાકાર ભવનમાં કસરતના સાહસી, ચપળ અને અવનવા ખેલ જોવા લઈ જવાયાં. 'એક્રોબેટિક્સ' માટે ચીન વિશ્વવિખ્યાત છે. હજારેક જણ સમાય તેટલી બેઠકો તો હશે જ. બધી જ ભરાયેલી, પણ પ્રેક્ષકોનું વર્તન જરા પણ તોફાની, ઉદ્ધત કે ધમાલિયું નહીં. બસમાં ત્યાં પહોંચ્યાં ત્યારે આટલી બધી સાઈકલો જોઈને ચિંતા થયેલી કે 'બાપરે, ક્યારે આ બધાં જશે ? ને ક્યારે અમે નીકળી શકીશું ? (અમદાવાદમાં નાટક છૂટે ત્યારે જે ઘોંઘાટ, ધમાલ ને ત્રાસ થાય છે તે કઈ રીતે ભુલાય?) પણ કાર્યક્રમ પૂરો થતાં બધાં વ્યવસ્થિત રીતે બહાર નીકળી ગયાં. પોતપોતાની સાઈકલ લીધી ને શાંતિથી ચાલવા મંડી ગયાં. નહીં ઘંટડી, નહીં ઘાંટાઘાંટ. અમે નીકળીને બહાર આવ્યાં ત્યાં સુધીમાં તો ચોગાન ખાલી થઈ ગયું હતું. ત્યારે પાછું મને થયું, 'ઓત્તારી ! બધાં આટલાં જલદી જતાં ક્યાં રહ્યાં ?' આ શિસ્ત મને બહુ ગમે છે.

ખેલ પણ બહુ જ સરસ. મનોરંજક. અમુક વખતે તો એવા બહાદુરીભર્યા કે જોતાં ડર લાગે. ને કેટલાક તો એટલા સમકમિક ને તાલબદ્ધ કે જોયા પછી પણ માની ના શકાય ! જુદી જ જાતનો કાર્યક્રમ. કસરતના ખેલમાં શરીરો તો એવાં વાળે કે જાણે હાડકાં ક્યાંય છે જ નહીં. યુવાન કલાકારો - બે સેર વાળેલી છોકરીઓ તો એવી નાની લાગે ! કેટલી મહેનત લીધી હશે એ બધાંએ, કે આવું ઉત્તમ કક્ષાનું પ્રદર્શન રજૂ કરી શકે. નાનપણમાં ક્યાંકથી એક વાક્ય વાંચેલું, તે યાદ આવે છે : 'નિષ્ફળતા અને સફળતામાં તફાવત એ કે કામ'કરવું, અને કામ સારી રીતે કરવું.' ચીની સરકારને આ સિદ્ધાંત બધી જ બાબતે અભિપ્રેત હોય તેમ લાગે છે. ચીની પ્રજાજનને સરકારે આ સિદ્ધાંતના ઢાંચામાં મૂર્તિમંત થવા જાણે ફરજ પાડી છે. વ્યક્તિને માટે આનું પાલન કઠિન અને કંટાળાજનક હશે જ, પણ દેશના સંદર્ભમાં વિચારીએ તો શિસ્ત અને શાંતતાનાં આ તત્ત્વો પ્રવાસીને તો હૃદ્ય બને છે.

શનિવારની રાત. અમેરિકામાં તો શોખ અને મનોરંજન માટેનો મુખ્ય સમય ગણાય. બધાં ટાપટીપ કરીને, સારાંસારાં કપડાં પહેરીને બહાર નીકળે. આ ચીની લોકો આનંદ-પ્રમોદ માટે ખેલ જોવા આવેલાં ખરાં, પણ રોજનાં જ કપડાંમાં. ઝાંખા પડી ગયેલાં રંગોવાળાં સાદાં, એકસરખાં ગણવેશી વસ્ત્ર. કેટલાં બધાં પ્રેક્ષકો, પણ એમની પ્રતિક્રિયા પણ શાંત રીતની. તાળીઓ નહીં, અવાજ નહીં, કૂદાકૂદ નહીં, એકીટસે જોઈ રહેવાનું; બહુ બહુ તો મોઢા પર સ્મિત આવી જાય.

ખરી દઢતા છે આ પ્રજાના સામૂહિક વ્યક્તિત્વમાં. એમનાં જીવનમાં સાદગી છે અને આમ તો બધાં સંતોષપૂર્વક રહેતાં દેખાય છે. એમ કહેવાય છે કે કોઈ કશું જ પોતાની પસંદથી કરી નથી શકતું. સરકારે નિમેલા 'જાસૂસ' બધે જ હોય છે - બહુમાળી મકાનમાં, મહોલ્લામાં, પરામાં, શહેરમાં. કોણ સરકારી બાતમીદાર છે ને કોણ નહીં, તે જાણી જ ના શકાય. પ્રજાને હંમેશાં સભાન રહેવું પડે. કઈ વ્યક્તિ ક્યાં રહે, શું કામ કરે - તે સરકાર નક્કી કરે. કોઈને એક ગામ છોડીને બીજે ગામ રહેવું હોય તો અરજી કરવી પડે, ને સરકારી પરવાનગી મેળવવી પડે. આવી બધી બાબતો સાંભળીને આશ્ચર્ય થાય, આઘાત લાગે, એક આખો દેશ આ જાતનો હોઈ શકે ? પણ છે - એમ મિશ્રિત ભાવો અનુભવું છું.

આ દેશ, ને પ્રજાનું જીવન - જે હોય તે, પણ મને કલાકારોની ઉત્કૃષ્ટ નિપુણતા અને પ્રેક્ષકોની સુશાંત પ્રતિક્રિયા અત્યંત હૃદયંગમ લાગ્યાં.

દિવસ બીજો - સવારનો નાસ્તો આજે ચીની રીતનો. તાંદળજાની ભાજીનો શોરબા અને નૂડલ્સ, સ્વાદિષ્ટ કેક. મઝા આવી. ગઈ કાલે ખાસ કશું ખાવા મળ્યું ન હતું. તેથી આજથી સવારે દૂધ મંગાવવાનું શરૂ કર્યું છે. એક ગ્લાસ દૂધ પીઉં તો પેટમાં થોડું સત્ત્વ તો જાય.

અમુક મંદિરોમાં શાકાહારી ભોજન મળે છે, પણ ત્યાં

જવાનો સવાલ જ ઊભો નથી થતો. જાપાનમાં બુદ્ધ મંદિરોમાં તો મેં આવાં ભોજન લીધાં છે, પણ આ સમૂહપ્રવાસમાં આવી શક્યતા ક્યાં મળવાની ? એમ તો આજે અમને શાંઘાઈનું 'મરકત મણિ બુદ્ધ મંદિર' જોવા લઈ તો જવાયાં, પણ તે મંદિર જોવા જ. ખૂબ વિખ્યાત ગણાય છે. અંદર પગ મૂકતાં જ નિર્વાણ પામ્યાનો ભાવ થશે, એમ શાંઘાઈ પ્રવાસખાતાના પ્રચાર-વિભાગના નાના ચોપાનિયામાં લખ્યું છે.

બહાર મોટી દીવાલ છે. અંદરની તરફ ચોક જેવું છે. મંદિરનું સ્થાપત્ય લાક્ષણિક ચીની શૈલીમાં-ઢળતું છાપરું, સ્તંભ. આમ તો ૧૮૮૨માં એ બંધાયેલું. ૧૯૧૮ના અરસામાં આજની આ જગ્યાએ એને ખસેડવામાં આવેલું. તે શા માટે એની માહિતી કોઈએ નથી આપી. એક બૌદ્ધ સન્યાસી એ જમાનામાં મર્યાથી મરકત ('જેડ' પથ્થર)ની પાંચ બુદ્ધ પ્રતિમાઓ લાવેલા. એમાંની બે આ મંદિરમાં મૂકેલી છે. ગર્ભગૃહમાંના બુદ્ધ આસનસ્થ છે. લગભગ બે મીટર ઊંચી, દોઢ મીટર લાંબી પ્રતિમા, મોતીના શણગાર - ખૂબ સુંદર દર્શન. ખૂબ ઉચ્ચ કોટિનો મરકત મણિ લાગે છે - શુદ્ધ સફેદ ને ઉષ્માસભર. મુખારવિંદ પર પ્રશાંતિનો પ્રશમનકારી ભાવ.


સામ્યવાદી સરકાર આમ તો ધર્મ અને એને લગતા કર્મકાંડથી તદ્દન વિરુદ્ધ ગણાય છે. વચમાં કેટલાંયે વર્ષો તો ધાર્મિક પ્રવૃત્તિઓ ઉપર સખત પ્રતિબંધ રહ્યો. હવે ક્યાં તો સરકારે થોડી ઢીલ મૂકી હશે, ક્યાં તો એક અગત્યના સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારક તરીકે પ્રવાસીઓને માટે ખાસ ખુલ્લું મૂક્યું હશે.

આમ તો હું ખાસ ધર્મપરાયણ ના કહેવાઉં - એના ચીલાચાલુ અર્થમાં તો નહીં જ. અને બુદ્ધ-ધર્મી પણ નહીં. પરંતુ જે ધર્મસ્થાનમાં જાઉં તેને આદર આપવાનો સ્વભાવ જરૂર ખરો - પછી તે દેવળ હોય, મસ્જિદ હોય કે કોઈ પણ દેવનું મંદિર. મને મનમાં સુખ થાય કે તે તે દેવને આદર આપીને હું ત્યાંની આખી પ્રજાને સન્માન આપી રહી છું. (શું કહેવાય આને ? લાગણીવિવશતા ? હું કહું કે પૂર્વગ્રહ-રહિતતા.)

બાજુમાં એક ખંડમાં ડાબે પડખે થયેલા મરકત-બુદ્ધનું સ્વરૂપ છે. ભિખ્ખુઓને રહેવાના, ધ્યાન માટેના અને પ્રાચીન સૂત્રો ને ચિત્રોના સંગ્રહને સાચવતા ખંડો પણ મંદિરમાં છે. એ બધા તો અમે જોયા નહીં. ગર્ભગૃહમાં એક વૃદ્ધ પૂજારી હતા. મેં એમને પ્રણામ કર્યાં. બધાં શ્વેતરંગીઓની વચમાં હું જ એક જુદી હતી, અને હિન્દુ હોઈ બુદ્ધ ધર્મની નજીક હતી. તેથી મેં અગરબત્તી પણ સળગાવી અને સુશાંત-મુખ બુદ્ધને ધરાવી.

ચીનની મોટા ભાગની પ્રજાને સાવ નાસ્તિક ના કહીએ,

ચીની ચિત્રકાર વુ ચોન્ગજીની એક કલાકૃતિ



તોયે નિરીશ્વરવાદી તો કહેવી જ પડે. અલબત્ત, એ સરકારના કડક નિયમોને લીધે છે ને તેથી, આ થોડી છૂટ મળી લાગે છે ત્યારે ફક્ત વૃદ્ધ-જનો જ બૌદ્ધ ધર્મી રહ્યાં છે - જે જૂના જમાનામાં આ ધર્મ પાળતાં હશે તે બધાં. આ જાણીને આશ્ચર્ય થયું ખરું, પણ કારણ સ્પષ્ટ છે.

કદાચ આ પ્રજાની દયા પણ આવે કે ભક્તિ કરવાની પણ છૂટ નહીં ? પણ મને તો આ સફરની શરૂઆતથી જ એમ લાગે છે કે ધર્મની પાછળ સમય, શક્તિ, દ્રવ્ય બગાડવાં તથા નિષ્ક્રિય ને આળસુ બની જવું એના કરતાં કાર્યપરાયણ રહેવું, શ્રમનો મહિમા કરવો, ઉત્તમનો આગ્રહ રાખવો અને આખા દેશની એકતા ને પ્રગતિમાં સાથ આપવો તે ઘણે દરજ્જે હિતકર છે, અને ઇચ્છનીય હોવું જ જોઈએ.

ચાલો, ઉપદેશ બંધ કરું. ધર્મની વાત એવી છે કે સહેજમાં મન દુભાઈ જાય. પણ હું, સમજતી ન હતી ત્યારથી, થોડી સમાજવાદી રહી છું અને આપણે ત્યાંનાં અમુક લોકો ધર્મને નામે જે છેતરપીંડી અને બદદીમાં રચ્યાપચ્યા રહે છે તે જોઈ મનમાં ને મનમાં દુભાતી રહું છું.

આ પછી અમને જે પ્રવૃત્તિ માટે સમય અપાયો એનાથી અમે લગભગ ગાંડાં થઈ ગયાં ! ક્રય-પ્રવૃત્તિ. ખરીદી. જે દેશમાં અનેકવિધ હસ્તકળા હોય, ને શ્રેષ્ઠતા માટે આવો આગ્રહ હોય, ત્યાં વસ્તુઓ જોવામાં જ ભાન ભૂલી જવાય, તો ખરીદવાની લાલચની તો શું વાત કરવી ! અગણ્ય વસ્તુઓ - કપડાં, ઘરેણાં, ચાદર, ચિત્રો, ડબ્બા, ફૂલદાન, ફર્નિચર, મૂર્તિઓ. વળી, ધાતુ, કાષ્ઠ, લાખ, કાગળ, રેશમ, ઊન, માટી, પથ્થર વગેરે પદાર્થોમાંથી કંડારાયેલી-આકારાયેલી વસ્તુઓ. એટલી સુંદર ને એટલી બધી સસ્તી લાગે. પહેલાં તો અમે ગયેલાં 'ઉદ્યોગ, કલા ને કારીગરી પ્રદર્શની' જોવા. ત્રીસેક વર્ષ અગાઉ રશિયન સ્થપતિએ બાંધેલી એ ઇમારત શોભન-મંડિત અને અસાધારણ-સુંદર હતી. બહારથી મકાન આકર્ષક લાગ્યું હતું અને અંદરથી એ બધા બહુપ્રકાર પદાર્થો.

'ફ્રેન્ડશિપ સ્ટોર'ની પણ આવી જ અસર થઈ અમારાં બધાં પર. ચીનમાં શાળાઓ, મોટી દુકાનો, હૉસ્પિટલો વગેરેનાં નામ નથી હોતાં, પણ ક્રમાંક હોય છે - ઓછામાં ઓછો ભેદભાવ છતો થાય તે માટે. આ સ્ટોરને આવું નામ અપાયું તે પણ સકારણ. વિદેશી પ્રવાસીઓ માટે આ મહાભંડાર ઊભા કરાયા છે, એમ લાગે છે. બહાર બે-ત્રણ ચીની ઊભા હતા. અંદરથી વિદેશી સિગારેટ કે એવું કશું લાવી આપવાની વિનંતી કરે. નામ 'ફ્રેન્ડશિપ સ્ટોર.' ચીની સરકારને પ્રવાસીઓ વચ્ચેની મિત્રતા, પણ ચીની પ્રજાને અંદર પગ મૂકવાનો પ્રતિબંધ. કામ કરનારાં ચીની સ્ત્રી-પુરુષો જ જઈ શકે. બીજું કોઈ જાય તો જાકારો, અપમાન, દંડ. અંગ્રેજોના રાજ્ય વખતે તો બંડ જેવી ફરવા નીકળવાની જગ્યાએ પાટિયાં રહેતાં : 'કૂતરાઓ તથા ચીની લોકોને પ્રવેશ નિષેધ છે.' અમેરિકામાં ૧૯૫૫-૫૮ સુધી દક્ષિણનાં કેટલાંક શહેરોમાં કાળાં પ્રજાજનો પ્રત્યે ભેદભાવનું વર્તન થતું. હજીયે દુનિયાના દેશોમાંથી રંગભેદ, જાતિભેદ, વ્યક્તિભેદ ગયો નથી. જશે ખરો ક્યારેય ?

મેં નાની-મોટી ચીજો ખરીદી છે. ઉતાવળ તો પડી જ. શું લઈએ, ને શું ના લઈએ. સાત રંગની, મીનાકારી કરેલી વીંટીઓના સેટ બહુ ગમ્યા. રેશમ પર ભરેલા બ્લાઉઝ ના છોડાયા. રીંગણના ચળકતા જાંબલી રંગની સાડીનું પોત લીધું. ચીનમાં રેશમી કાપડનો ઘણો વપરાશ છે. મને એ પોત પાંત્રીસેક રૂપિયે મીટરમાં મળ્યું. સરસ પાતળા ઊનનાં સ્વેટર પણ ચીનમાં વખણાય. જે ગમે તે લઈ જ લેવાનું, કારણ કે બીજા શહેરમાં એવી વસ્તુ ફરી ના જ મળે. અહીં એવું છે કે અમુક સમયે અમુક જ ચીજો વેચાતી હોય. વિક્રય-વણજની સીમિત સામયિકતા. ચીનની એક વધારે વિચિત્રતા. ના, વિશિષ્ટતા. □

---

અનુસંધાન ] **ન્યૂટ્રોન તારા** [ પૃ. ૨૧૩ પરથી

વધારે હોય છે. ઉદાહરણ તરીકે, પૃથ્વીના ગુરુત્વક્ષેત્રમાંથી પદાર્થને છટકવા માટે ૧૧,૨૦૦ મીટર/સેકન્ડ ઝડપ આવશ્યક છે. ચંદ્ર માટે આ ઝડપ ૨૩૭૦ મીટર/સેકન્ડ જેટલી છે. નિષ્ક્રમણ ઝડપ કરતાં ઓછી ઝડપે પદાર્થને પૃથ્વી ઉપરથી ફેંકવામાં આવે તો તેની ઝડપ ક્રમશઃ ઘટતી જાય છે અને પદાર્થ ગુરુત્વાકર્ષણ ક્ષેત્રની બહાર જાય તે પહેલાં જ તેનો વેગ શૂન્ય થઈ જાય છે. પરિણામે આ પદાર્થ પૃથ્વી ઉપર પાછો આવે છે. તેથી ઊલટું, પદાર્થને નિષ્ક્રમણ ઝડપથી વધારે ઝડપે ફેંકવામાં આવે તો તે ગુરુત્વાકર્ષણ ક્ષેત્રને વટાવી તેની બહાર નીકળી અવકાશમાં ગતિ કરે છે.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે જેમ ગ્રહ કે તારાનું ગુરુત્વાકર્ષણ બળ ઓછું તેમ નિષ્ક્રમણ-ઝડપ ઓછી અને ગુરુત્વાકર્ષણ બળ વધુ તેમ નિષ્ક્રમણ-ઝડપ વધુ હોય છે. કેટલીક વખત ગુરુત્વાકર્ષણ બળ એટલી બધી હદનું બની જાય છે કે પ્રકાશનું કિરણ પણ તેમાંથી છટકી શકતું નથી.

સૂર્યથી કેટલાક ગણો વધારે ભારે તારાનો અંતર્ભાગ નિપાત પામતો હોય છે ત્યારે આપત્તિજનક નિપાત ચાલુ જ રહે છે. આવો તારો ન્યૂટ્રોન તારા તરીકે સ્થાયી થતો નથી. આવા ન્યૂટ્રોન તારાની ઘનતા અને ગુરુત્વાકર્ષણક્ષેત્રની પ્રબળતા થાય છે કે, જેના કરતાં કોઈ પદાર્થ વધારે વેગ ધરાવતો નથી, તેવું મહત્તમ વેગ ધરાવતું પ્રકાશનું કિરણ પણ આવા પ્રબળ ગુરુત્વક્ષેત્રમાંથી છટકીને બહાર જઈ શકતું નથી. આવો પદાર્થ 'શ્યામલ છિદ્ર (Black hole)માં પરિણમે છે. □

# જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

સવાર થઈ.

બાવડાના દર્દની પરવા કર્યા વગર ચન્દ્રેગૌડા જાતે જ નાટકના મંચને જોવા માટે આવી પહોંચ્યા હતા અને ઊભા ઊભા નાનાં-નાનાં કામ કરાવી રહ્યા હતા. કાલના રંગના તહેવારનો થાક ભૂલીને બધા નાટકની તૈયારીમાં લાગ્યા હતા. કિટ્ટી મુત્તુની સાથે નારિયેળનું પિપૂડું બનાવીને વગાડતો વગાડતો બધી તૈયારીઓ જોઈ રહ્યો હતો.

દસ વાગ્યા.

ડ્રેસની લારી મંડ્યાથી આવવાનો સમય હતો. કોટેથી આવનારી બસ આવી ગઈ હતી. થોડીકાવર પછી ચૌપાલ તરફ ચાર-પાંચ પોલીસવાળાને આવતાં જોઈને બધા સ્તબ્ધ બની ગયા. કિટ્ટીએ પણ એમને જોયા. એ ક્યારેક બજારમાં જોવા મળતી પોલીસ ન્હોતી. એમની મૂછો મોટી-મોટી હતી અને હાથમાં ડંડા હતા. હવે એ શું કરશે, એ વિચારીને કિટ્ટી ડરી ગયો. કામકાજ છોડીને બધાં ગુસપુસ કરવા લાગ્યા. પોલીસવાળાએ ખિસ્સામાંથી એક કાગળ કાઢીને બતાવ્યો અને મામા અને રુદ્ર બન્નેજે તરત જ કોટે આવવાનું કહ્યું. ચન્દ્રેગૌડા જરાય ન ગભારાયા. આરામથી વાત કરતાં તે પીપળાના વૃક્ષવાળા ચબૂતરે આવીને બેસી ગયા. અને સીતારામય્યાને બોલાવવા કોઈને મોકલી દીધો.

થોડીક જ વારમાં ખૂબ માણસો ભેગા થઈ ગયા. મૈસૂરથી કોટે જવાની બસનો સમય થઈ ગયો. પોલીસવાળાએ કહ્યું 'આ જ બસમાં નીકળવું પડશે.' તેઓ જવાની ઉતાવળ કરવા લાગ્યા. મામા ઘર તરફ ગયા અને એની પાછળ પાછળ બે પોલીસના સિપાઈ પણ ગયા. કિટ્ટી રુદ્રની પાસે આવીને ઊભો રહ્યો. બાકીના ત્રણ સિપાઈઓએ રુદ્રને કહ્યું 'ચાલો.' રુદ્રણાનો ચહેરો ફિક્કો પડી ગયો. એ ચૂપચાપ એની સાથે ગયો. અડધું ગામ ભેગું થઈ ગયું હતું.

કિટ્ટી ઘરે આવ્યો તો પોલીસવાળા બારણે જ બેઠા હતા. મામાએ કોઈની સાથે વાત ન કરી અને ચૂપચાપ કોટે જવાની તયારી કરવા લાગ્યા. મામીની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. બહુવાર પછી પણ સીતારામય્યા ન આવ્યા. પોલીસવાળા ઊભા થઈ ગયા. મામાએ ચમચમ થતી ચપ્પલ પહેરીને કહ્યું - 'ચાલો.' મામી ઓસરીના થાંભલે અડીને ઊભી હતી અને મામાને જતાં જોઈ રહી હતી. કિટ્ટીને રડવું આવી ગયું. તે પણ રડતો રડતો તેની પાછળ ચાલવા લાગ્યો. પોલીસવાળા મામાને આ રીતે કેમ લઈ જાય છે એ એની સમજમાં આવતું નહોતું. ચૌપાલની પાસે આવતાં-આવતાં આખા ગામનાં લોકો ભેગા થઈ ગયાં હતાં. બધા રોતી સૂરત બનાવીને ઊભા હતા. નાટક કરવાવાળાના ચહેરા જોવા જેવા હતા.

ડ્રેસવાળી લારી પણ આવી ગઈ. બધાની નજર ત્યાં ગઈ. ચન્દ્રેગૌડાએ નાટકના માસ્ટરને બોલાવીને કહ્યું - 'તમે નાટક કરો. હું ન હોઉં તો પણ શું ?' ત્યારે એમણે કહ્યું 'તમે જ ન હો તો નાટક કોના માટે થશે ? વળી રાવણનો પાઠ કરનાર રુદ્ર પણ તમારી સાથે આવી રહ્યો છે. હવે શેનું નાટક, બોલો ?' નાટકની વાત પૂરી સમજીને લોકો હોસૂરના રંગના તહેવારને ગાળો દેવા માંડ્યા. મામાએ જેમ કહ્યું હતું, તેમ નાટકના માસ્ટરે ડ્રેસવાળાને પૈસા ગણીને આપી દીધા. ડ્રેસની લારી જેવી આવી હતી એવી પાછી ગઈ. રુદ્ર અને ચન્દ્રેગૌડાને પોલીસવાળા બસ બાજુ લઈ જઈ રહ્યા હતા. ચૌપાલની પાસે ઊભેલાં લોકોની આંખમાં આંસુ હતાં.

કિટ્ટી રડતો રડતો ઘરે જવા લાગ્યો.

આગ વરસાવતી બપોર. અવાવરું કૂવાની જેમ ખામોશીથી ભરેલા ઘરમાં પગ મૂકતાં જ કિટ્ટી પોતાના પગરવનો અવાજ સાંભળીને ચોંકી ગયો. મામી ઓસરીના થાંભલે ટેકો દઈને બેઠી હતી. નાગી પલંગ પર બેઠી બેઠી મામી તરફ જોઈ રહી હતી. કિટ્ટી મામીની નજીક આવીને ઊભો રહ્યો. કેવી રીતે વાત કરે ? એ તો હલતી પણ ન્હોતી. એની આંખોમાંથી ટપ ટપ આંસુ પડી રહ્યાં હતાં. આંસુ લૂછવાનું અને 'મામી, ન રડો' એમ કહેવાનું સાહસ પણ તેણે ન કર્યું. બહાર આવવા કહ્યું. એ હલી નહીં. ભૂખથી એની હાલત ખરાબ હતી. ક્યાંય સુધી એ પલંગની લગોલગ ઊભો રહ્યો. કોઈ હાલ્યું-ચાલ્યું નહીં. પથ્થરની જેમ બધા બેઠા હતા. કિટ્ટી આ ખામોશી સહન ન કરી શક્યો. બહાર આવી ગયો. લટ્ટુની જેમ એનું માથું ફરી રહ્યું હતું. શું કરે ? ક્યાં જાય ?

તે ચૌપાલ બાજુ નીકળી પડ્યો. નાટક-મંચ પાસે કોઈ ન્હોતું. નાગીના ઘરના બારણે તાળું લાગેલું હતું. મંચને જોતો એ ક્યાંય લગી ઊભો રહ્યો. મંચની પાસે રોકાયેલી લારીનાં પૈડાંનાં નિશાન હજુ પણ ભૂંસાયાં ન્હોતાં. જ્યાં લારી ગઈ હતી એણે એ બાજુ જોયું. લારીની પાછળ જ મામા, રુદ્રણ્ણા અને પોલીસવાળા ગયા હતા. કિટ્ટીની આંખો ચૂંચળી થઈ ગઈ. તાપ વધી રહ્યો હતો. પરન્તુ કિટ્ટીને કોઈની પરવા ન્હોતી. તે દોડુગૌડાના ઘર બાજુ

ચાલી નીકળ્યો. ત્યાં પણ બધું જ એવું જ હતું. કોઈએ એની સાથે વાત પણ ન કરી. બધાં જ લોકો મામીની જેમ પથ્થર બની બેઠાં હતાં. પહેલાં જ્યારે પણ એ આવતો હતો તો બધાં કહેતાં હતાં, 'કશુંક ખાઈ લે, કિટ્ટી'. પછી જબરદસ્તીથી ખવડાવીને મોકલતા હતા. પરંતુ આજે કોઈએ કશું જ ન પૂછ્યું.

પછી ચોપાલની સામેથી એ ગામની પેલે પારના તળાવ તરફ ગયો. જ્યાં પણ જોયું, ચૂપકીદી હતી. અહીં-તહીં એકાદ વાત સંભળાતી હતી. તાપને કારણે આખું ગામ ઊંઘી રહ્યું હતું. કિટ્ટી ચાલતો રહ્યો. તળાવને કાંઠે જઈને બેઠો. ભરેલું તળાવ જોતો રહ્યો. એને લાગ્યું કે તળાવ જામી ગયું છે. એમાં એક નાનકડી લહર પણ દેખાતી ન્હોતી. ભયાનક સ્તબ્ધતા.

તે તળાવના પગથિયે બેસી ગયો. બહુવાર સુધી તળાવને જોતો રહ્યો. રોજ દેખાતું તળાવ પાસે ઊભેલું કુંચવાલ ફૂલોનું વૃક્ષ, બેરનું વૃક્ષ તળાવનાં પાણીની અંદર પણ દેખાયું. તેને લાગ્યું કે જાણે માથામાં કશુંક ભરાઈ રહ્યું છે. તે ધીમેથી ઊભો થયો. ચારે બાજુ ફરતાં તેણે હાથમાં એક પથ્થર લીધો અને અચાનક તળાવમાં ધડ દઈને ફેંક્યો. પછી અહીં તહીં જમીન પર પડેલા પથ્થરોને ભેગા કરીને પાગલની જેમ ધડ....ધડ.... ફેંકવા લાગ્યો. પથ્થર ફેંકતાં ફેંકતાં એના હાથ થાકી ગયા. છતાંય એ ન રોકાયો. ધીમે ધીમે ફેંકતો રહ્યો. પથ્થર પડવાથી તળાવનું પાણી હલતું હતું.

અચાનક તેને લાગ્યું કે કોઈએ આવીને એના ખભા પર હાથ મૂકી દીધો છે. એણે પાછું વાળીને જોયું. એમને ત્યાં કામ કરનારી ભોગી હતી. તેણે પૂછ્યું 'આ શું કરી રહ્યો છું, કિટ્ટપ્પા ?' તેણે તેના હાથમાંથી પથ્થર લઈને નીચે ફેંકી દીધો. કિટ્ટીની આંખમાંથી ટપ...ટપ.. આંસુ વહેવવા માંડ્યાં. તેને લાગ્યું કે તેને પૂછ્યા વગર, તેને એ બાજુ કાંટા પર ઊભો કરી દેવામાં આવ્યો છે. ક્યાંય સુધી ભોગીના ચહેરા સામે જોતો રહ્યો. પછી ઘરે ચાલવા માંડ્યો. ઓસરીમાં સીતારામય્યા. મામીને કશુંક કહી રહ્યા હતા. કિટ્ટી મામીની પાસે બેસી ગયો.

'ત્રણ વાગ્યાની બસમાં કોટે જઈને જામીન પર છોડાવી લાવીશ, કમલમ્મા'. એવું કહીને સીતારામય્યા ચાલ્યા ગયા. ફરી એ જ ખામોશી, એ જ મૌન. કિટ્ટીને ભૂખ લાગી હતી. બેઠો બેઠો એ ઊંઘવા લાગ્યો. ખરાબ ખરાબ યાદો મનમાં જાગવા માંડી.

(ક્રમશઃ)

---

• અનુસંધાન ] **પસ્તીનાં પાનાં** [ પૃ.૨૨૧ પરથી

એલીધની વેધશાળાના ૩૧ ઈન્ચી ટેલિસ્કોપના પાયા પાસે સફેદ આરસનો એક ગોખલો છે. તેમાં મૂકેલા એક કળશમાં આ ટેલિસ્કોપ બનાવનાર ખગોળવેત્તા જ્હોન બ્રેશીઅરનાં અસ્થિ સચવાયાં છે. ગોખલાની નીચે અત્યારે વિસરાઈ ગયેલી કવિતા - 'Old Astronomer To His Pupil'ની એક પંક્તિ કંડારેલી છે. કાવ્યની કવયિત્રી સારાહ વિલિયમ તેની કવિતાની આ એક પંક્તિથી વિખ્યાત થઈ છે. તે પંક્તિ છે - We have loved the stars too fondly to be fearful of the night.

'તારાઓ સાથે આટલી બધી મહોબ્બત થયા પછી કાળી ડિબાંગ રાત્રિના અંધારાનો ડર ક્યાંથી રહે ?' જરાક ઊંડાણથી વિચાર કરીએ તો આ કવયિત્રીએ આપણાં જેવાં બધાંને શીખ આપી છે. સંશોધન-અધ્યયન સાથે મહોબ્બત લાગી હોય પછી નાનાંમોટાં આવરણો કે મુશ્કેલી આવે તો તેનો ડર શેનો હોય ? તારાઓ સાથે લગન લગાડવી અને પછી અંધારી રાત્રિથી ડરવું તે બેનો મેળ ખાય જ નહિ.

મેં હમણાં એક પુસ્તક વાંચ્યું. પુસ્તકનું નામ હતું, 'Why the professor cannot teach' (પ્રોફેસર કેમ ભણાવી શકતો નથી.) પ્રોફેસર ક્લાર્કના બીજા એક વ્યાખ્યાનમાં આ પુસ્તકની યાદ આવી ગઈ. વ્યાખ્યાનનો વિષય હતો, 'શિક્ષણ અને ટેક્નોલોજિ'. તેમાં તેમણે નીચે પ્રમાણે એક વાર્તાલાપ આપ્યો હતો :

સવારના સાત વાગી ગયા છે તો પણ સાહેબ હજી બ્રેકફાસ્ટ માટે નીચે આવ્યા નથી. નીચેથી માતા બૂમ પાડે છે - 'જ્હોની, કૉલેજે જવાનો વખત થયો છે.' જ્હોન ઉપરથી જવાબ આપે છે, 'હું આજે કૉલેજે નથી જવાનો.' માતા સામે બૂમ પાડીને કહે છે, 'કેમ નથી જવું ? ન જવાનાં બે કારણ તો બતાવ.' જ્હોન કહે છે, 'એક કારણ - પ્રોફેસરો મને ધિક્કારે છે, બીજું કારણ - વિદ્યાર્થીઓને પણ હું ગમતો નથી. હવે મારે કૉલેજે જઈને શું કરવું ? કૉલેજે જવા માટે તું મને બે કારણ બતાવ'. મા કહે છે, 'એક કારણ - તને ૪૫ વર્ષ થયાં છે અને રિટાયર થવાને હજુ ઘણીવાર છે. બીજું કારણ - તું પ્રિન્સિપાલ છે.'

આ વાર્તાલાપ વાંચ્યા પછી 'પ્રોફેસર કેમ ભણાવી શકતો નથી' એ પુસ્તક યાદ આવે જ ને ! □

---

### ખુલાસો અને ક્ષમાયાચના

માર્ચ ૧૯૯૫ના અંકમાં શ્રી ગુલાબદાસ બ્રોકર અને સ્વ. ભોગીલાલ સાંડેસરાની છબીઓ લખાણ સાથે ઊલટસૂલટ છપાઈ છે તે બાબતે વાચકોએ પત્રોથી તેમજ રૂબરૂમાં ધ્યાન દોર્યું છે તે સહુના 'કુમાર'પ્રેમના ઓશિંગણ છીએ. પરન્તુ ખુલાસો એ કરવાનો કે 'કુમાર' હવે એક જગ્યાએ કમ્પોઝ થાય છે અને અન્યત્ર છપાય છે. ઑફસેટ મુદ્રણવ્યવસ્થામાં છાપવા માટે બટરપ્રિન્ટ તૈયાર કરવામાં આવે છે. આ બટરપ્રિન્ટ પર છબીઓની પોઝિટીવ ચોંટાડનાર અલગ વ્યક્તિ હોય છે. આ ચોંટાડનારને વ્યવસ્થિત અને વિગતપૂર્ણ સૂચના આપવા છતાં પણ એ ભાઈના અનવધાનને કારણે આ ક્ષતિ થવા પામી છે. અલબત્ત, આ બચાવ ના હોઈ શકે. અમે આ ક્ષતિ બદલ દિલગીર છીએ.

- તંત્રી

# કિતના બદલ ગયા ઈન્સાન

**અનુવાદ કલ્પના વોરા**

બાબુલાલ સાથે મારી પ્રથમ વાતચીત આજથી પંદર વર્ષ-પહેલા થઈ હતી, ત્યારે મારી કિશોરાવસ્થા પૂરી થવા આવી હતી. અથવા તો હું યુવાનીનું પ્રથમ પગલું માંડતો હતો. હું અને બાબુલાલ એક કોલોનીમાં હતા. એની મિઠાઈની દુકાન હતી અને એ તાંતણાથી જ વાતની શરૂઆત થઈ હતી.

ઘણાં શહેર અને નદીઓ પાર કરીને પંદર વર્ષ પછી અચાનક હું કલકત્તા શહેરમાં આવી ચડ્યો અને બાબુલાલને એક જાણીતી સડકના વળાંક પર આવેલી પાનની દુકાનમાં શોધી કાઢ્યો. મિઠાઈનું સ્થળ બદલીને બાબુલાલ પણ ઘણી જગ્યાએ ફર્યો હતો. આખું જીવન કાપડની મિલમાં, તેલની એજન્સીમાં અને ચોખાના ગોદામમાં વિતાવ્યું હતું. સારા એવા રૂપિયા ભેગા કરી પાનની એક ભવ્ય દુકાન ખોલી હતી.

મારા ઘરથી એની દુકાન પાસે હતી એ કારણે જ નહીં, મારા સાંજના મુકામે જવાને રસ્તે જ એની દુકાન હતી તેથી રોજ એક મસાલા પાન ખરીદવા એની દુકાને જતો હતો. એક દિવસ મોટા હાથમાં એક વગર સળગાવેલી સિગારેટ હતી. ખીસામાં ઢબુ પૈસો (બે પૈસા) હતો એક મસાલા પાન માટે. બાબુલાલની દુકાનેથી એક મસાલા પાન ખરીદી, મોઢામાં મૂકી એની દુકાનની કાથાની સળગતી દોરી પર સિગારેટ સળગાવીને સાંજના અડ્ડા તરફ જવાની ઇચ્છા હતા.

મેં જાણીતા-અજાણ્યા બંધુ-બાંધવ, આત્મીય-સ્વજનોમાં સાચા માણસો બહુ ઓછા જોયા હતા. બાબુલાલ જેવું તો કદાચ કોઈ નહોતું જોયું.

પંદર વર્ષ પહેલાની એક ઘટના મને આજે પણ યાદ છે અને બાકીની આખી જિંદગી યાદ રહેશે.

એ વખતે હું સ્કૂલનો વિદ્યાર્થી હતો તેથી ઘરનો એકમાત્ર નોકર હતો. એક વખત પૂજાને દિવસે પાંચ રૂપિયાનાં રસગુલ્લાં લેવા માટે બાબુલાલની દુકાને જવું પડ્યું. રસગુલ્લાંની થેલી હાથમાં લઈને બાબુલાલની દુકાન છોડી રસ્તા પર ઊભો રહ્યો. એવામાં એક સમડીએ આવીને પંજો માર્યો.

રસગુલ્લાંની થેલી રસ્તાની ધૂળમાં ગબડવા લાગી.

હું ઘણીવાર સુધી વ્યાકુળ થઈને ત્યાં જ ઊભો રહ્યો, બરાબર સમજી પણ ન શક્યો કે શું થઈ ગયું.

દુનિયામાં ઘણુંબધું કરવા છતાં જે ઉંમર આળસુની પ્રતીક ગણાય, એ વખતે મારી એ જ ઉંમર હતી. તેથી સમજી શકશો કે એનું પરિણામ વિચારતા મારી આંખમાં પાણી આવ્યાં હશે કે નહીં.

એ વખતે મેં જોયું કે બાબુલાલ એની દુકાનમાંથી હસતે મોંએ આગળ આવતો હતો.

- 'શું થયું, કીકા ?'

હું જવાબ આપી ન શક્યો.

બાબુલાલે કહ્યું, 'આવ કીકા, મારી દુકાનેથી ફરીવાર મિઠાઈ લઈ જા.'

મેં કહ્યું, 'હવે મારી પાસે પૈસા નથી.'

જવાબ આવ્યો, 'શું એ તારી ભૂલથી થયું છે ? તું તારે લઈ જા. હું પૈસા નહીં લઉં.'

અને ત્યારબાદ સાચે જ બાબુલાલે પૈસા લીધા વગર રસગુલ્લાની થેલી આપી.

એ જ બાબુલાલે પંદર વર્ષ પછી કલકત્તા શહેરમાં એક જાણીતી સડકના વળાંક પર પાનની દુકાન ખોલી હતી.

એકમાત્ર પૂંજી - ઢબુ પૈસો બાબુલાલના હાથમાં આપીને મેં એક મસાલા પાન માગ્યું. ખૂબ સરસ રીતે પાન બનાવીને, સુગંધી નાખીને બાબુલાલ મને પાન આપી ગયો. આસપાસ ઊભેલા લોકોની ભીડથી હાથ હલી જતા પાન નીચે પડી ગયું.

પાન હાથમાંથી પડી ગયું એને માટે કોણ જવાબદાર એ હું સમજી ન શક્યો. મારી પણ ભૂલ હોઈ શકે, બાબુલાલની પણ હોઈ શકે. મેં મોં ઊંચું કરીને બાબુલાલ તરફ જોયું.

બાબુલાલે પણ ધૂળમાં પડેલા પાન તરફ જોયું.

ત્યારબાદ હંમેશની જેમ પાન બનાવીને બીજા ગ્રાહકો તરફ ધ્યાન આપવા લાગ્યો.

મેં થોડીવાર રાહ જોઈ. ના, બાબુલાલનું આ તરફ બિલકુલ ધ્યાન નહોતું.

મેં વિના કારણે એકવાર પાનનું પૅકેટ શોધવા માટે ફાંફાં માર્યાં. ત્યારબાદ ધીરે ધીરે અડ્ડા પર જવાનો રસ્તો પકડ્યો. એક મસાલા પાનના અભાવથી મન ઊચું થઈ ગયું.

ના, મનમાં એમ ન લાગ્યું કે બાબુલાલ બદલાઈ ગયો છે. હું માત્ર એટલું સમજી શક્યો કે અમે એક સાચું યુદ્ધ પાર કરીને આવ્યા છીએ. હું રૂપિયાનો મર્મ સમજવાનું શીખ્યો. અને, અને પૂર પછી રેતી જમા નથી થતી, કાદવ પણ જામી શકે છે ! (મૂ. લે. રમાપદ ચૌધરી)

# કલાવાર્તા

## વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર



### વિક્રમ પગી

એક સમયે વનોમાં, અરણ્યોમાં, પહાડીઓમાં માનવી બદૂંક સાથે ફરતો અને શિકારના શોખને પોષતો. સદ્ભાગ્યે આજે માનવીના હાથમાં કૅમેરો આવી ગયો છે. તેને પ્રકૃતિનાં લાડકવાયાં પશુ-પ્રાણી-પક્ષીઓની લાક્ષણિકતાઓને કચકડામાં મઢવાનો શૉખ જાગ્યો છે. પર્યાવરણનાં પોષક જીવોનો સંહાર કરવાને બદલે એના જીવનને વધુ નિકટથી જોવાનો, સમજવાનો અવસર એટલે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી.

વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી આજે તો આગવી કલા બની ગઈ છે. એમાં ફોટોગ્રાફરનું મન સતત પ્રાણીઓની વિવિધ ચેષ્ટાઓમાં રહેલા આગવા સૌંદર્યને ઝડપવા તલસતું હોય છે. એવી ફોટોગ્રાફીની કળામાં પારંગત તરવરિયો યુવાન એટલે શ્રી વિક્રમ પગી. સ્વભાવે શરમાળ વિક્રમે આ ક્ષેત્રમાં પોતાની આગવી ફોટોગ્રાફી-શૈલી નિપજાવી છે. ગ્રામ પરિવેશમાં જન્મેલ વિક્રમે બાળવયથી જ પ્રકૃતિને ચાહી છે. વગડો ખૂંદતા ત્યારથી જ પ્રાણી-પક્ષીઓ સાથે એને લગાવ થઈ ગયેલો. આજે એ પ્રકૃતિપ્રેમ એના જીવનનો એક અંતર્ગત ભાગ બની ગયો છે. એના મોટાભાઈ દેશળ પગી પણ ગુજરાતના જાણીતા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર. એમના સહવાસે રહી, એમની સાથે ફરતા ફરતા તેણે પોતાની આગવી પહેચાન ઊભી કરી છે. પશુ, પક્ષી કે પ્રાણીની અલભ્ય ક્ષણને 'ક્લિક'ના અવાજે કેમેરામાં 'સ્ટિક' કરવાની આવડતનું બીજું નામ એટલે વિક્રમ પગી. અમદાવાદ-નિવાસી વિક્રમ પગી શેઠ ચી. ન. વિદ્યાલયમાં શિક્ષક તરીકે નોકરી કરતાં કરતાં પણ પોતાના આ બેહદ શૉખને પોષી રહ્યા છે. રજાઓમાં વનવગડામાં કલાકો સુધી તપ કરી પશુ-



ફ્લેમિંગોનો નભોવિહાર



યુદ્ધ (ઉપર) વનમાં સિંહણ (નીચે)





વાટડી જોતાં ગીધડું

પ્રાણી-પક્ષીઓના વિરલ ફોટોગ્રાફ્સ ખેંચે છે. ફોટોગ્રાફીની અનેક ક્લબોનું સભ્યપદ ધરાવનાર વિક્રમ પગીની સિદ્ધિઓ પણ નાની ઉંમરમાં મોટી છે! ૧૯૮૯માં ભારત સરકાર આયોજિત 'રાષ્ટ્રિય વનમહોત્સવ'માં દ્વિતીય ઇનામ મેળવનાર વિક્રમ પગીના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીના અનેક વનમૅન શો થયા છે. ગુજરાતની લલિતકલા અકાદમીએ એમની કૃતિઓ પસંદ કરી છે. 'કૅમેરા ક્લબ ઑફ કર્ણાવતી', 'ફોકસ', 'ફ્લેમિંગો નેચરલ ક્લબ', 'સેન્ટર ફોર નેચર એજ્યુકેશન', 'વર્લ્ડ વાઈલ્ડ ફંડ' વગેરેના સભ્ય છે. ગુજરાત રાજ્ય ફોટોગ્રાફી સ્પર્ધામાં પણ બીજું ઇનામ મેળવ્યું છે. 'ગુજરાત'ના દીપોત્સવી અંકોથી માંડી અન્ય સામયિકો, અખબારોમાં એમની કલાકૃતિઓ પ્રગટ થતી રહી છે. દર વરસે પર્યાવરણ સપ્તાહ નિમિત્તે 'વનમૅન શો' નિયમિત યોજાય છે.

વિક્રમ પગીના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીના કંપોઝિશનની એક મજા છે. એમની દૃષ્ટિ અને કૅમેરાની આંખ જાણે એવો તો સંવાદ રચે છે કે ચિત્રો જીવંત બને છે. પક્ષી-પ્રાણીની સ્વભાવગત લાક્ષણિકતાઓ ઊડીને આંખે વળગ્યાં વિના રહેતી નથી. ચોત્રીસ-પાંત્રીસ વરસના આ યુવાન ફોટોગ્રાફરના સંગ્રહમાંથી કેટલાય ફોટોગ્રાફ્સ દીપોત્સવી કાર્ડરૂપે પ્રગટ થયા છે. પ્રકૃતિ સાથેનો તેમનો નાતો એટલો જીવંત છે કે કયું પક્ષી બોલે છે? કેમ બોલે છે? એનો શો અર્થ? વગેરેની રસપ્રદ ચર્ચા કરે છે. પ્રાણીઓના હલનચલન પરથી એમની માનસિક સ્થિતિનું બયાન કરે છે. આવનારી નવી પેઢીના આવા આશાસ્પદ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરનું સ્વાગત હો!

**યોસેફ મૅકવાન**

> અંક ના મળે તો પછીના મહિનાનો અંક પ્રકટ થાય ત્યાં સુધીમાં જાણ કરવામાં આવશે તો અંક શક્ય હશે તો મોકલાશે. એ માટે ટ.ખ.ના ૨ રૂ. મોકલવા.

# ગઝલના ગગનમાં-૫



ડૉ. રશીદ મીર

છેલ્લા થોડાંક વર્ષથી માત્ર ગઝલનું ત્રૈમાસિક પ્રગટ કરીને ગઝલના ક્ષેત્રે નોંધપાત્ર સેવા કરી રહેલ વડોદરાનો અલબેલો શાયર એટલે જ રશીદ કમાલુદ્દીન મીર એટલે કે ડૉ. રશીદ મીર. તા. ૧-૬-૧૯૫૦ના રોજ જન્મેલ અને ૧૮ વર્ષની ઉંમરથી ગઝલોનું સર્જન કરનાર રશીદ મીરનાં અત્યાર સુધીમાં પાંચ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. વ્યવસાયે અધ્યાપક એવા મીર 'ગઝલના સૌંદર્યશાસ્ત્ર' ઉપર શોધનિબંધ લખીને પીએચ.ડી. થયા છે. તેમના ગઝલસંગ્રહો 'ઠેસ' (૧૯૮૫), 'ચિત્કાર', (૧૯૯૦) અને 'સાત સૂકાં પાંદડાં' (૧૯૯૨) છે. 'સાત સૂકાં પાંદડાં'ને તાજેતરમાં જ શેખાદમ આબુવાલા ગઝલસંગ્રહ ઍવૉર્ડ મળ્યો છે. આ ઉપરાંત 'ગઝલનું શીલ અને સૌંદર્ય' - સંપાદન (૧૯૮૮) અને 'ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા' (૧૯૯૨) સંશોધન-ગ્રંથ પ્રગટ થયેલ છે. ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસાને ગુજરાત સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ મળેલ છે.

સામયિકોમાં ખૂબ ઓછું નજરે ચડતા ડૉ. રશીદ મીર ગઝલની એકોપાસના કરનારાઓમાંના એક છે. વડોદરામાં ગઝલ-સર્જકોની નાનકડી બેઠકમાં અવાર-નવાર નવોદિત ગઝલકારોને માર્ગદર્શન આપતા ડૉ. રશીદ મીરના થોડાક શેરનો આસ્વાદ માણીએ.

કથા ઉન્માદની પ્રત્યેકને સાંપડતી નથી,
કદમ ઉઠાવો ને પગલાંની છાપ પડતી નથી.

* * *

વિકટ છે એમને સમજાવવાનું,
પવનના પગમાં સાંકળ બાંધવાનું,
બધે કડવાશ મળશે એકસરખી,
કળી હો કે મદિરા ચાખવાનું.

* * *

શ્વાસ મૂકી ન શકું, શ્વાસ ઉપાડી ન શકું,
તારું વેતાળપણું જિંદગી ટાળી ન શકું,
ઘોર એકાંતને ઇચ્છું અને ત્યાગી ન શકું,
આંધળી ભીંતો સમેટાય ને ભાગી ન શકું.

* * *

એક પડછાયાને કેટલો વેતરું,
સૂર્ય સામે મારું કદ માપ્યા ન કર.

* * *

હવે ન દ્વારે ટકોરા, ન કોઈ દ્વિધા છે,
ઉઘાડ-વાસના કિસ્સા સમેટી લીધા છે.

* * *

કદીક આવે છે એવોય પણ વિચાર મને,
નશાની જેમ હવે સરથી તું ઉતાર મને.

* * *

દરબદર ભટકું એ દુવા કરજે,
તું મારા ગર્વને સજા કરજે.

* * *

ષોડશી લાગણીના કોડ સખી,
રૂંવેરૂંવેથી મને તોડ સખી.
શું શું કલ્પું છું કશું પૂછ નહીં,
સાત ગાંઠોને જરા છોડ સખી.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

**'કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવી અપીલ છે.**

# સાહિત્યસંપર્ક

## આ વર્ષનો 'દર્શક' ઍવોર્ડ જેમને એનાયત થયો છે
## રઘુવીર ચૌધરી



રઘુવીરનો જન્મ ઉત્તર ગુજરાતમાં માણસાથી દોઢ-બે માઈલ દૂર આવેલા બાપુપુરામાં. પિતા દલસિંહ 'દલસંગ ભગત'. માતા જીતીબહેન. એમની નોંધાયેલી જન્મતારીખ છે ૫-૨-૧૯૩૮; માતાની સ્મૃતિ અનુસારની છે ૫-૧૨-૧૯૩૮. જ્ઞાતિએ આંજણા પાટીદાર - ચૌધરી. ઘરનો મુખ્ય વ્યવસાય ખેતી. એની જાણકારી રઘુવીરનેય સારી. પિતાનાં પાંચ સંતાનોમાં તેઓ સૌથી નાના; મોટા બે ભાઈઓ કેશુભાઈ અને સોમાભાઈના ને બહેનો રાજીબહેન અને રતનબહેનના પણ સવિશેષ પ્રીતિપાત્ર. પિતાની અને દાદા વાલાજીની 'ભગત' તરીકેની ખ્યાતિ. ઘરમાં પરંપરાગત ધાર્મિકતાનું વાતાવરણ. વારતહેવારે ભજનો ને રાસગરબા ચાલે. રઘુવીરના સર્જક ચિત્ત પર તેની ઊંડી અસર. રઘુવીરના સમગ્ર લખાણમાં ધાર્મિકતા-નૈતિકતાનો સૂક્ષ્મ દોર જોવો મુશ્કેલ નથી. રઘુવીરનાં મૂળિયાં ગામડામાં છે, ભલે એમનું વિકસન શહેરમાં થયું હોય. એમના વ્યક્તિત્વ અને સર્જનમાં ગ્રામીણ-નાગરિક સંસ્કારોનું વિલક્ષણ સંયોજન જોઈ શકાય.

રઘુવીરનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માણસામાં. આઠમાથી મેટ્રિક સુધી મિત્ર-શિક્ષક ભોળાભાઈ પટેલની સાહિત્યરસવર્ધક સોબતનો લાભ મળ્યો. ગોવર્ધનરામ, કાકાસાહેબ જેવા સર્જકોની કૃતિઓના ગાઢ સંપર્કમાં તેઓ મુકાયા. આ દરમિયાન સંસ્કૃત, ચિત્રકળા વગેરેનો અભ્યાસ પણ વધારતા હતા. તેઓ મેટ્રિકમાં હતા ત્યારે પોતાને ત્યાં છાત્રાલય અને ગામમાં વિદ્યાર્થીમિત્રોની મદદથી મંદિરની પરસાળમાં પ્રૌઢશિક્ષણના છ વર્ગો પણ ચલાવતા હતા. તેમણે સરકારી નાણાકીય મદદથી ગામમાં શાળા-ગ્રંથાલયનો ઓરડો અને ચોતરો બંધાવેલા. આમ, શિક્ષણ અને સાહિત્ય દ્વારા વૈયક્તિક અને સામાજિક ઉત્થાનના પ્રયોગોમાં તેઓ કિશોરવયથી જ રસ લેતા હતા.

૧૯૫૬માં એસ.એસ.સી.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી રઘુવીર વીસનગરની એમ. એન. કૉલેજમાં દાખલ થયા. ત્યાં બે વર્ષના અધ્યયન દરમિયાન પ્રો. જી. એન. ડીકેના સંપર્કે સંસ્કૃતનું જ્ઞાન વધાર્યું. ભર્તૃહરિનું 'નીતિશતક' એમણે મોઢે કરેલું અને એકવાર એમનાં ત્રણેય શતકોને ધ્યાનમાં લઈ વ્યાખ્યાન પણ આપેલું. આ સમય દરમિયાન 'જન્મભૂમિ'માં 'સોપાન'ના અગ્રલેખોએ તેમનામાં પત્રકારત્વનો રસ જગાવ્યો. આ પછી ૧૯૫૮માં તેઓ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ - અમદાવાદમાં દાખલ થયા. આ પૂર્વે પારુબહેન સાથે તેમનું લગ્ન થઈ ગયું હતું, જેમનાથી તેમને સંજય, દૃષ્ટિ, કીર્તિ સુરતા - આ ચાર સંતાનો છે. સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ડૉ. રામદરશ મિશ્રના માર્ગદર્શન હેઠળ તેમનો હિન્દી સાહિત્યનો સ્વાધ્યાય સઘન રીતે ચાલતો હતો. ત્યાંથી ૧૯૬૦માં બી.એ.ની પરીક્ષા હિન્દી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષય સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને પસાર કરી. એ રીતે ગુજરાત યુનિવર્સિટીમાં પાસ થનાર તેઓ પ્રથમ વિદ્યાર્થી હતા. એ વિષયો સાથે ૧૯૬૨માં એમ.એ. (ઉચ્ચતર દ્વિતીય વર્ગ) થયા. દરમ્યાન સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ફેલો તરીકે અધ્યાપનકાર્ય પણ કરતા હતા.

તેમણે અમદાવાદમાં ૧૯૬૨થી '૬૬સુધી ગુજરાત વિદ્યાપીઠમાં, ૧૯૬૬થી '૬૭ સરસપુર કોલેજમાં, ૧૯૬૬થી '૭૦ બી.ડી. આર્ટ્સ કોલેજમાં અને ૧૯૭૦થી '૭૭ એચ.કે. આર્ટ્સ કૉલેજમાં મુખ્યત્વે હિન્દીનું અને પ્રસંગોપાત્ત સંસ્કૃત તથા 'જનરલ એજ્યુકેશન'માં વિવિધ વિષયોનું અધ્યાપનકાર્ય કરેલું. ૧-૯-'૭૭ના રોજ તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં હિન્દીના વ્યાખ્યાતા તરીકે જોડાયા. ત્યાં હાલ તેઓ હિન્દીના રીડર છે. તેઓ ૧૯૬૫થી અનુસ્નાતક કક્ષાએ અધ્યાપન કરવા સાથે, ૧૯૭૯થી હિન્દીમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું કાર્ય પણ કરે છે. તેમના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં છ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને વીસ વિદ્યાર્થીઓએ એમ.ફિલ.ની પદવી મેળવી છે. ૧૯૭૯માં 'હિન્દી-ગુજરાતી કી ક્રિયાવાચક ધાતુઓં કા તુલનાત્મક અધ્યયન' એ વિષય પર, અનૌપચારિક રીતે ડૉ. હરિવલ્લભ ભાયાણીના માર્ગદર્શન હેઠળ, મહાનિબંધ રજૂ કરી ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી.ની પદવી પણ તેમણે મેળવી. એમનો એ હિન્દીનો મહાનિબંધ 'હિન્દી ગુજરાતી ધાતુકોશ' એ નામે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તરફથી પ્રસિદ્ધ થયો છે.

રઘુવીરની જેમ શૈક્ષણિક તેમ સાહિત્યિક કારકિર્દી તેજસ્વી રહી છે અને એ બંનેય ક્ષેત્રની પ્રવૃત્તિઓ પરસ્પરોપકારક પણ બની છે. રઘુવીરની સાહિત્યસર્જનની પ્રવૃત્તિના મૂળમાં કવિતા છે. ૧૯૭૭નો 'ઉપરવાસ' - કથાત્રયીનો કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર સ્વીકારતાં તેમણે જણાવેલું, 'હું ચાહું છું કવિતાને અને

એથીયે વિશેષ પદ્યનાટકને.' ૧૯૬૨થીયે પૂર્વે આરંભાયેલી એમની કવિતાપ્રવૃત્તિ આછી પણ સતત ચાલતી રહી છે. 'તમસા'ની બે આવૃત્તિઓ થઈ : એક જુલાઈ ૧૯૬૭માં; બીજી સંવર્ધિત આવૃત્તિ જૂન ૧૯૭૨માં. 'વહેતાં વૃક્ષ પવનમાં' કાવ્યસંગ્રહ ૧૯૮૪માં પ્રગટ થયો. 'મને કેમ ના વાર્યો ?', 'રાજસ્થાન', પિરામિડ', 'એક ફલશ્રુતિ', 'કેફિયત', 'શોધ', 'આ એક નદી', 'પારિજાત', 'બે વૃક્ષ', 'દર્દ', 'મૃત્યુ', 'વન', એકલતા', 'વણરોક્યાં રણ', 'કૈં ના જાણીએ' તેમજ 'વહેતાં વૃક્ષ પવનમાં', 'આંખ કેડી પાડે છે આકાશમાં', 'જુગજુગના જીવણ', 'કવિતા વિશે', 'ચાડિયો', 'પંખી', 'પરિકથા', 'કર્ણિકાર', 'તું વરસે છે ત્યારે', અને 'આનંદ' જેવી એમની કાવ્યકૃતિઓ ગીતગઝલથી અછાંદસ કાવ્ય સુધીના તેમના ગતિવિકાસને સુપેરે દર્શાવે છે. કાવ્યમાં વિષયવસ્તુ પરત્વેનો એમનો દૃષ્ટિકોણ તથા કલ્પન-પ્રતીકની સંપત્તિ ધ્યાનાર્હ જણાય છે. તેમણે બાળકો માટે 'દિવાળીથી દેવદિવાળી' નામે કાવ્યસંગ્રહ પણ આપ્યો છે.

સર્વ સાહિત્યપ્રકારોમાં નવલકથા રઘુવીરને સૌથી વધુ ફલદાયી નીવડી છે. તેમણે ૩૦ (ખંડ બાદ કરતાં ૨૪) નવલકથાઓ આપી છે. ડાયરીશૈલીમાં લખાયેલી તેમની પ્રથમ નવલકથા 'પૂર્વરાગ' (૧૯૬૪, '૭૪), 'પરસ્પર' (૧૯૬૯, '૭૯) અને તેના અનુસંધાનમાં આવતી 'પ્રેમઅંશ' (૧૯૮૨) ચંદ્રહાસ અને સોનલનાં પાત્રો દ્વારા સ્નેહતત્ત્વની સંકુલ ગતિનો આલેખ આપે છે અને અનુભવના અંતહીન સંદર્ભનો સમયના સાતત્યમાં સંકેત રચી આપે છે. ગુજરાતી નવલકથા ક્ષેત્રે સીમાસ્તંભરૂપ લેખાયેલી એમની નવલકથા 'અમૃતા' (૧૯૬૫, '૬૮, '૭૨, '૭૮, '૮૨, '૮૮, '૯૫)માં મનુષ્યના વૈયક્તિક અસ્તિત્વના અ-મૃત તત્ત્વને અસ્તિત્વવાદી વિચારધારા અને ભારતીય દર્શનના સંદર્ભમાં પામવાનો તો 'ઉપરવાસ' - કથાત્રયી ('ઉપરવાસ', 'સહવાસ', 'અંતરવાસ' - ૧૯૭૫, '૮૩)માં મનુષ્યના સામાજિક-સાંસ્કૃતિક અસ્તિત્વના તથ્યને સ્વાતંત્ર્યોત્તર ગ્રામીણ પરિવેશમાં નિરૂપવાનો કલા-પુરુષાર્થ જોવા મળે છે. રઘુવીર સહવાસમાં માને છે, પરંતુ અંતરવાસ વિના સહવાસની અશક્યતાયે પ્રીછે છે. પરિસ્થિતિ અને અંતઃસ્થિતિની સંતુલા સાધ્યા વિના સહસ્થિતિની ભૂમિકા હાંસલ ન થઈ શકે એ એમની પ્રતીતિ છે. સ્નેહ અને સત્યની સહોપસ્થિતિના નિર્માણમાં એક સર્જક તરીકે તેમને ઉત્કટ રસ છે. સ્નેહતત્ત્વ દ્વારા મનુષ્યનાં સંવેદનકેન્દ્રોને સ્પર્શી, સંઘર્ષ અને વિચ્છિન્નતા વચ્ચે સમ્યક સમજની ભૂમિકાની ખોજ કરવી અને તેના આધારે સત્-શ્રદ્ધા સુધી પોતાની પ્રતીતિને વિસ્તારવી એ એમની જીવનદૃષ્ટિ જણાય છે. એમની સમગ્ર કલા આ દૃષ્ટિને મૂર્ત કરવાના પ્રયાસરૂપ છે. રઘુવીરની 'પરિપક્વ બનતી જીવનદૃષ્ટિ અને કળાશક્તિના ફળ' - (સી. એન. પટેલ)રૂપ 'વેણુ વત્સલા' (૧૯૭૨, '૭૮, '૯૩) ભોગવૃત્તિ અને સમર્પણવૃત્તિના મૂળમાં જઈ સંયમપૂત મનુષ્યજીવનના સત્ત્વસૌન્દર્યને આલોકિત કરે છે. આ ઉપરાંત દામ્પત્યસંબંધને અનુલક્ષતી 'આવરણ' (૧૯૬૬,'૬૮), કેળવણીના પ્રશ્નને વિડંબનાત્મક અને કટાક્ષાત્મક રીતે રજૂ કરતી 'એકલવ્ય' (૧૯૬૭,'૭૧,'૮૬), સ્વતંત્ર ટૂંકી વાર્તાઓના સંયોજને રચાયેલી 'તેડાગર' (૧૯૬૮,'૭૫), 'સખીઓ' (૧૯૭૦), ગ્રામીણ પરિવેશમાં એક સાચુકલા યુવાનની સ્નેહ તથા શ્રદ્ધા માટેની સંઘર્ષની લાગણીને નિરૂપતી 'લાગણી', '૧૯૭૬,'૮૦,'૮૬), શિક્ષિત' જનોના વિજાતીય સંબંધોના સંદર્ભમાં સાંપ્રત સમાજનું ચિત્રણ કરતી કથા 'શ્રાવણ રાતે' (૧૯૭૭,'૮૫), ઐતિહાસિક-કાલ્પનિક પરિવેશમાં કલાકારના આંતરવિશ્વને નિરૂપતી 'રુદ્રમહાલય' (૧૯૭૮), 'કંડક્ટર' (૧૯૮૦), પ્રચ્છન્ન સુધારકવૃત્તિ સાથે ગ્રામીણ સમાજતંત્રની હળવી રીતે રજૂઆત કરતી 'પંચપુરાણ' (૧૯૮૧), મહામાનવ કૃષ્ણની લોકોત્તર પ્રતિભાનું દર્શન કરાવતી નવલત્રયી 'ગોકુળ'-'મથુરા'-'દ્વારકા' (૧૯૮૬), સાંપ્રદાયિક વિચ્છિન્નતાની સમસ્યા ચર્ચતી 'મનોરથ' (૧૯૮૬), શ્રી સહજાનંદ સ્વામીનો યુગબોધ આલેખતી 'શ્યામ સુહાગી' (૧૯૮૯), પુરુષની આલોચના કર્યા વિના નારીચેતના નિરૂપતી 'લાવણ્ય' (૧૯૮૯), દામ્પત્યજીવનમાં પ્રસન્નતા ચીંધતા હાસ્યવિનોદની કથા 'જે ઘર નાર સુલક્ષણા' (૧૯૯૦), સાટાંપેટાંની સમસ્યા ચીંધતી કથા 'સાથી સંગાથી' (૧૯૯૧), સાંપ્રત રાષ્ટ્રિય રાજકીય વાતાવરણનું યથાર્થ ચિત્રણ કરતી 'કલ્પલતા' (૧૯૯૨), આજના મૂલ્યહ્રાસ અને સ્વાતંત્ર્યસંગ્રામની યુગચેતનાને રાજનંદિનીના પાત્ર દ્વારા સંયોજતી, સાબરમતીને બે કાંઠે બે સમયનું યુગપત્ આલેખન કરતી 'બે કાંઠા વચ્ચે' (૧૯૯૪) વગેરે એમની અન્ય નવલકથાઓ છે. રઘુવીર કશુંક કહેવું હોય ત્યારે જ લખે છે. એમની નવલકથાઓ 'કટાક્ષલીલા, ધારદાર સંવાદો, કાવ્યાત્મક વર્ણનો, સુચિંતિત વસ્તુનિરૂપણ વગેરેને કારણે - તેજસ્વી વાગભિવ્યક્તિના કારણે આકર્ષે છે. અનેક નવલકથાઓ એકાધિક વાર લખ્યાનાં દૃષ્ટાંતો એમની કલાગત નિસબત (કન્સર્ન)નાં દ્યોતક પણ છે. રઘુવીરે 'આકસ્મિક સ્પર્શ' (૧૯૬૬,'૭૫), 'ગેરસમજ' (૧૯૬૮,'૮૩) 'બહાર કોઈ છે' (૧૯૭૨), 'નંદીઘર' (૧૯૭૭), 'અતિથિગૃહ' (૧૯૮૮) - આ પાંચ વાર્તાસંગ્રહોમાં પણ અનુભવથી અવાજ સુધી યાત્રા કરી છે. તેમની 'તમ્મર', 'પૂર્ણસત્ય', 'ચિતા', 'પક્ષ-ઘાત', 'એક સુખી કુટુંબની વાત', 'સાંકળ', 'પોટકું',

'નષ્ટજાતક' અને ગયે ફૂલવા રહ ગઈ બાસ' જેવી વાર્તાઓ તેમની 'વાત'-નિષ્ઠાપ્રેરિત, સંવેદનનિષ્ઠાપ્રેરિત શૈલીનાં ઉદાહરણો છે. જેમ 'અમૃતા', 'ઉપરવાસ'-કથાત્રયી, 'આવરણ', 'ગોકુલ-મથુરા-દ્વારકા', 'લાગણી' અને 'ઇચ્છાવર'ને હિન્દીમાં, તેમ તેમની કેટલીક વાર્તાઓને મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં ઊતરવાનો મોકો મળ્યો છે. રઘુવીરનો રંગભૂમિરસ અધ્યયન-અધ્યાપનનાં વરસો દરમિયાન વધતો રહ્યો છે. એચ. કે. આર્ટ્સ કૉલેજમાં લલિત કલા મંડળ ચલાવ્યું હતું તો હાલ ગુજરાત યુનિવર્સિટીમાં 'વાચિકમ્'ની પ્રવૃત્તિઓમાં તેઓ ઊંડો રસ લે છે. તેઓ 'રંગદ્વાર' પ્રકાશન પણ ચાલવે છે. તેમણે સર્વપ્રથમ 'મંથરા' કૃતિને રંગભૂમિ પર રજૂ કરી હતી. તેમના દિગ્દર્શન હેઠળ તૈયાર થયેલ 'વીણાવેલી'ના ૧૪ પ્રયોગો થયા હતા. તેઓ જેમ દિગ્દર્શન તેમ રેડિયો, ટી.વી., રંગભૂમિ વગેરેના માટે નાટ્યલેખનમાંયે સક્રિય રહ્યા છે. તેમની પાસેથી 'અશોકવન' (૧૯૭૦,'૭૮), 'ઝૂલતા મિનારા' (૧૯૭૦,'૭૮) અને 'સિકંદર સાની' (૧૯૭૯) નાટકો તથા 'ડિમલાઈટ' (૧૯૭૩,'૮૫) એકાંકીસંગ્રહ મળ્યા છે. 'ડિમલાઈટ' રંગભૂમિ પર સફળ નીવડેલું નાટક છે. 'ઝૂલતા મિનારા', 'અતીત-વર્તમાનના યુગપત્ આલેખન કરવાના યત્ન' (-લાભશંકર ઠાકર)ના કારણે આકર્ષક છે. ચંદ્રવદન મહેતાના અમૃત મહોત્સવ પ્રસંગે લખાયેલું અને પ્રવીણ જોષી દ્વારા ભજવાયેલું 'ત્રીજો પુરુષ' (૧૯૮૨) અને 'નજીક' (દ્વિઅંકી નાટક, ૧૯૮૬) સ્વતંત્ર ગ્રંથરૂપે પ્રગટ થયેલ છે. રઘુવીરે છતાં ગંભીર સર્જકની હેસિયતથી 'સહરાની ભવ્યતા' (૧૯૮૦,'૮૭)માં કેટલીક વિદેહ અને વિદ્યમાન વાઙ્મયપ્રતિભાઓનાં એક મજાકપ્રિય રેખાચિત્રો આલેખ્યાં છે. એ આલેખનમાં 'વૈશાખનંદનની ડાયરી'ના લેખક 'વૈશાખનંદન' તેમ 'વિસંવાદ'ના 'લોકાયતસૂરિ'નોયે યત્કિંચિત્ સહયોગ તેમને સાંપડ્યો જણાય છે. તેઓ 'તિલક કરે રઘુવીર' નામે વ્યક્તિચિત્રોનો સંગ્રહ પણ નજીકના ભવિષ્યમાં આપનાર છે.

રઘુવીરે 'બારીમાંથી બ્રિટન' (૧૯૮૪)માં બ્રિટનની તેમની મુલાકાત દરમિયાનનું ત્યાંનું સાંસ્કૃતિક ચિત્ર આપણી સમક્ષ રજૂ કર્યું છે. ખાસ કરીને ગુજરાતી સમાજ સાથેની તેમની આત્મીયતાની અનેક રસપ્રદ ક્ષણો એમાં ચિત્રાંકન પામી છે.

તેમણે 'વચનામૃત અને કથામૃત' (૧૯૮૬)માં સ્વામિનારાયણ સંપ્રદાયના સંદર્ભમાં રામકૃષ્ણ પરમહંસની તાત્ત્વિક ધર્મમીમાંસા રજૂ કરી છે. રઘુવીરનાં પક્ષપાત-શ્રદ્ધા સર્જન પ્રત્યે છે, તે સાથે વિવેચનનેય યથાવકાશ ખેડ્યું છે. 'અદ્યતન કવિતા' (૧૯૭૬)માં સાંપ્રત કવિતાનું, 'વાર્તાવિશેષ' (૧૯૭૬)માં આપણી ટૂંકી વાર્તાની આજ પર્યંતની ગતિરીતિનું તો 'ગુજરાતી નવલકથા' (રાધેશ્યામ શર્મા સાથે, ૧૯૭૨, '૭૭, '૯૧)માં આપણી નવલકથાની વિકાસયાત્રાનું માર્મિક અવલોકન-આકલન છે. વિશેના સ્વાધ્યાયોના ફલસ્વરૂપે 'દર્શકના દેશમાં' (૧૯૮૦) તથા 'જયંતિ દલાલ' (૧૯૮૧) - આ બે પુસ્તકો મળ્યાં છે. 'પન્નાલાલ પટેલ' (૧૯૯૩) સાહિત્ય અકાદમીની ભારતીય સાહિત્યના નિર્માતા શ્રેણી માટે લખેલ પુસ્તિકા છે. 'મુક્તાનંદની અક્ષર-આરાધના' (૧૯૮૦)માં સ્વામિનારાયણ સંતકવિ મુક્તાનંદની કવિતાનો આસ્વાદમૂલક પરિચય છે. રઘુવીરની વિવેચ્ય પદાર્થને નિજી રીતે જોઈ તેની સચોટ રીતે ગદ્યમાં અભિવ્યક્તિ સાધવાની ફાવટ વિવેચનમાં વરતાય છે. હજુ તેમના અનેક વિવેચનલેખો ગ્રંથસ્થ થવા બાકી છે. નાટ્યાદિ કલાવિવેચનમાંયે તેઓ પ્રસંગોપાત્ત સક્રિય રહ્યા છે. તેમનો 'નાટક અને નાટકો' નામનો વિવેચનસંગ્રહ પ્રગટ થનારા ગ્રંથોની યાદીમાં છે. તેમણે 'તુલસીદાસ' પર એક પરિચયપુસ્તિકા પણ લખી છે.

રઘુવીરે હિન્દીમાં કાવ્ય, નાટક, વિવેચનાદિ પ્રકારોમાં કલમ ચલાવી છે. ગુજરાતી સાહિત્ય અને હિન્દી સાહિત્ય વચ્ચે સેતુરચના થાય એમાં તેમનોયે હિસ્સો ખરો જ. તેમણે ભારતીય જ્ઞાનપીઠ માટે 'प्राचीना' (૧૯૬૮) - તથા 'निशीथ एवं अन्य कवितायें' (૧૯૬૮) - એ નામે ઉમાશંકરનાં કાવ્યોનો ભોળાભાઈ સાથે રહીને, સાહિત્ય અકાદમી માટે 'उपरवास कथात्रयी' (૧૯૯૧)નો તો નેશનલ બુક ટ્રસ્ટ માટે. પન્નાલાલકૃત 'માનવીની ભાઈ'નો 'जीवन एक नाटक' (૧૯૬૭) નામે હિન્દીમાં અનુવાદ કર્યો છે. એ જ રીતે તેમણે ભોળાભાઈ પટેલ સાથે રહી, હિન્દીમાં અનુવાદ કર્યો છે. એ જ રીતે તેમણે ભોળાભાઈ પટેલ સાથે રહી, હિન્દીમાંથી સુમિત્રાનંદનનાં કાવ્યો 'ચિદમ્બરા' (૧૯૬૮) - એ નામે ગુજરાતીમાં ઉતાર્યાં છે. નેશનલ બુક ટ્રસ્ટના ઉપક્રમે 'મલયાલમ એકાંકી' તથા સાહિત્ય અકાદમીના ઉપક્રમે 'કન્નડ સાહિત્યના ઇતિહાસની રૂપરેખા' (૧૯૭૭) - એ ગુજરાતી અનુવાદો પણ તેમણે આપ્યા છે. તેમણે વિશ્વનાથ મ. ભટ્ટે કરેલા 'પારિભાષિક કોશ'ની સંવર્ધિત આવૃત્તિ (૧૯૬૮) તૈયારી કરી હતી. તેમણે ઉમાશંકર જોશીની સાથે રહી ગુજરાતી ભાષાનાં નીવડેલાં ગીતોનો એક સંચય 'મેહુલો ગાજે ને માધવ નાચે' (૧૯૮૭), બકુલ ત્રિપાઠી અને વિનોદ અધ્વર્યુ સાથે 'જયંતિ દલાલનાં પ્રતિનિધિ એકાંકી' (૧૯૭૧, '૭૩, '૭૬, '૭૬) તથા 'મેઘાણીની નવલિકાઓ' (૧૯૭૨,'૯૪)નું સંપાદન કર્યું છે. આ ઉપરાંત 'સ્વામિનારાયણ સંતસાહિત્ય' (૧૯૮૧)માં એ સાહિત્યનો પરિચય

કરાવતા લેખોનું તો 'રંગભર સુંદર શ્યામ રમે' (૧૯૮૧)માં એ સંતોની હિન્દી કવિતાનું સંપાદન કર્યું છે. તેમણે 'નરસિંહ મહેતા : આસ્વાદ અને સ્વાધ્યાય' (ડૉ. પ્રતિભા દવે સાથે, ૧૯૮૩) આપવા ઉપરાંત, 'સગાઈ', 'પેટલીકર : શબ્દ અને કાર્ય' (ડૉ. રમેશ ર. દવે સાથે, ૧૯૮૫), 'જયંતિ દલાલ અધ્યયન ગ્રંથ' અને 'જગભેરુ જયંતિભાઈ' (પ્રકાશ શાહ, રમેશ ર. દવે, પરેશ નાયક સાથે, ૧૯૮૫), 'યુગદૃષ્ટા ઉમાશંકર' (ચંદ્રકાન્ત શેઠ, ભોળાભાઈ પટેલ અને ધીરુ પરીખ સાથે, ૧૯૯૫), 'પન્નાલાલનું પ્રદાન' (૧૯૯૫) તથા 'સ્વામી આનંદ અધ્યયન ગ્રંથ' (રમેશ ર. દવે સાથે, ૧૯૯૫) 'ભોળાભાઈ પટેલ : સર્જક અને વિવેચક' (વીરેન્દ્ર નારાયણસિંહ સાથે, ૧૯૯૫) - એ ગ્રંથોનું પણ સંપાદનકાર્ય કર્યું છે.

તેમણે 'નિરીક્ષક'માં 'વિસંવાદ' અને પાછળથી 'કલાગુર્જરી', 'જનસત્તા'માં 'યૌવનની આસપાસ', 'મને કહેવા દો' અને 'કલાગુર્જરી' કટારો ચલાવી હતી. 'સંદેશ'માં 'સાહિત્યસંગમ', 'અરસ પરસ', 'આંખ આડા કાન', 'વૈશાખનંદનની ડાયરી' અને 'જન્મભૂમિ'માં 'તિલક કરે રઘુવીર' કટારો પણ ચલાવેલી. હાલ 'સંદેશ'માં 'આંખ આડા કાન' અને 'તુફાન-ભારતી' કોલમ ચલાવે છે. કેટલોક સમય 'નિરીક્ષક' તથા 'વિશ્વમાનવ' સામયિકના સંચાલનની જવાબદારી પણ સ્વીકારેલી. 'વિશ્વમાનવ'ના સંપાદન દરમિયાન સાહિત્ય, શિક્ષણ, અર્થકારણ, રાજકારણ વગેરેના કેટલાક સુંદર પરિસંવાદો પણ યોજાયા હતા.

રઘુવીરે રેખા સહકારી પ્રકાશનમાં વ્યવસ્થાપક તંત્રી તરીકે, ગુજરાત રાજ્ય નૃત્ય નાટ્ય અકાદમીમાં સભ્ય (૧૯૭૭-૭૯) તરીકે, ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ અને પુરસ્કાર પ્રદાન કરનાર સમિતિના સભ્ય તરીકે, ભારતના પચાસમાં ફિલ્મ મહોત્સવની નિર્ણાયક સમિતિના સભ્ય તરીકે, ૧૯૭૬માં ગુજરાત શરચ્ચંદ્ર શતાબ્દી સમિતિના તેમ જ પન્નાલાલ પટેલ ષષ્ટિપૂર્તિ સમિતિનાં મંત્રી તરીકે કાર્ય કર્યું છે. ગુજરાત યુનિવર્સિટી સેનેટના નિયુક્ત સભ્ય, અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની શૈક્ષણિક સમિતિના ચેરમૅન તરીકે પણ તેમણે કામ કર્યું છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના હિન્દી પાઠ્યપુસ્તકોના સંપાદનમાંયે તેમનો સહયોગ રહ્યો છે. તેમનાં 'લાગણી', 'અમૃતા' 'વેણુ વત્સલા', 'લાવણ્ય' જેવાં કેટલાંક પુસ્તકો સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તક તરીકે ચાલતાં રહ્યાં છે.

૧૯૭૬થી ગુજરાતી સાહિત્ય પરિષદમાં મંત્રી, કોષાધ્યક્ષ તરીકે અને હાલ તેના ટ્રસ્ટી મંડળના સભ્ય તરીકે સક્રિય છે અને પરિષદને અનેકવિધ પ્રવૃત્તિઓથી ઉપર ઉઠાવવામાં તેમનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. ૧૯૭૭માં ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે સેતુબંધ રચાય એવા સદાશયથી શરૂ કરેલ 'નક્ષત્ર ટ્રસ્ટ'ના તેઓ વ્યવસ્થાપક ટ્રસ્ટી છે અને એવા જ આશયે પશ્ચિમ ભારતની હિન્દી ભાષા-સાહિત્યની પ્રવૃત્તિઓને સંકલિત-સંવર્ધિત કરવા કેટલીક યુવક વાચનશિબિરોનું તેમણે સફળ રીતે સંચાલન પણ કર્યું છે. રઘુવીરની આ પ્રવૃત્તિઓ લોકકલ્યાણલક્ષી સંસ્થાકીય પ્રવૃત્તિઓમાંની તેમની શ્રદ્ધા વ્યક્ત કરે છે. તેમણે રાજકીય કટોકટીના ગાળા દરમિયાન લોકશાહીમાં અને વ્યક્તિસ્વાતંત્ર્યમાં નિષ્ઠા વ્યક્ત કરતી પોતાની સર્જનભૂમિકાને સ્પષ્ટતયા વાચા આપી હતી.

તેમણે ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા અધ્યાપકો માટે આયોજિત નિબંધસ્પર્ધામાં 'ગુજરાતી પ્રજાજીવનના સર્વતોમુખી વિકાસ પર ગાંધીના જીવન અને કાર્યનો પ્રભાવ' એ વિષય પર દીર્ઘ નિબંધ લખી પ્રથમ પુરસ્કાર મેળવેલો. ગુજરાત સરકાર તરફથી 'અમૃતા'ને ૧૯૬૫નો પ્રથમ, 'આકસ્મિક સ્પર્શ'ને ૧૯૬૬નો તૃતીય, 'તમસા'ને ૧૯૬૭નો દ્વિતીય, 'ગેરસમજ'ને ૧૯૬૮નો પ્રથમ અને 'પરસ્પર'ને ૧૯૬૯નો દ્વિતીય પુરસ્કાર મળ્યો છે. ૧૯૬૫માં કવિતા માટે 'કુમાર' ચંદ્રક, ૧૯૭૫માં 'ઉપરવાસ' - કથાત્રયી માટે 'ઉમા-સ્નેહરશ્મિ' પારિતોષિક તથા ૧૯૭૭નો સાહિત્ય અકાદમી - નવી દિલ્હીનો પુરસ્કાર તેમને પ્રાપ્ત થયાં છે. તેમને ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ઠ એવો 'રણજિતરામ ચંદ્રક' પણ એનાયત થયો છે. ૧૯૯૦માં ઉત્તર પ્રદેશ રાજ્ય હિન્દી પ્રતિષ્ઠાન તરફથી હિન્દી ભાષા અને સાહિત્યની સેવા માટે તેમણે 'સૌહાર્દ સન્માન', ૧૯૯૧માં ઉત્તર ગુજરાતના એક સાહિત્યકાર તરીકે સાહિત્યની સંગીન સેવા બદલ આનર્ત પુરસ્કાર, ૧૯૯૩માં સુલેખા સત્ત્વશીલ સાહિત્ય પુરસ્કાર (અમરેલી) તેમણે મેળવ્યો છે. આ પુરસ્કારો તેમની વાઙ્મયસેવાની લોકમાન્યતાનો નિર્દેશ કરે છે.

વળી, ૧૯૮૩માં બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીએ તથા ૧૯૯૧માં યુ.એસ.એ.ની ગુજરાતી સાહિત્ય અકાદમીએ તેમને વ્યાખ્યાનો માટે નિમંત્રેલા. ૧૯૯૨માં યુનિવર્સિટી ઑફ લંડનની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝ દ્વારા મુલાકાતી ફેલો તરીકે તેમને નિમંત્રવામાં આવેલા.

રઘુવીરે ગુજરાતી સાહિત્ય પરિષદના વિલેપારલે - મુંબઈ ખાતે યોજાયેલા ૩૪મા ગુજરાતી સાહિત્ય પરિષદના સર્જનવિભાગના પ્રમુખ તરીકે ૨૭-૧૨-૧૯૮૭ના રોજ 'અનુભવની શક્તિ અને શબ્દનું સૌન્દર્ય' એ વિશે એક મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત

'મહાકવિ ન્હાનાલાલ' વ્યાખ્યાન, 'જયભિખ્ખુ' વ્યાખ્યાન, મુંબઈની સંસ્થા 'ઇન્ડિયન હેરિટેજ'ના ઉપક્રમે વ્યાખ્યાન આપેલાં છે. તેઓ અનેક રાષ્ટ્રિય પરિસંવાદો-સંગોષ્ઠીઓ-કાર્યશિબિરોમાં ગુજરાતી અને હિન્દીના વિદ્વાન તરીકે સક્રિય ભાગ લેતા રહ્યા છે.

રઘુવીર બહુમુખી પ્રતિભાવાળા સાહિત્યસર્જક છે. તેઓ શબ્દ અને સાહિત્યના નાભિકેન્દ્ર સુધી પહોંચેલા સર્જક છે. તેમની શૈલીમાં શીલનો પ્રભાવ - તેમના શબ્દમાં સત્ત્વનું ઓજસ લહાય છે. નિરર્થકતામાં એમને આસ્થા નથી. એ સાચા અર્થમાં સહજ અને સુદૃઢ આત્મશ્રદ્ધા ને જીવનશ્રદ્ધાને કારણે આસ્તિક થયેલા સર્જક છે. બૌદ્ધિકતાના દંભથી બચેલા અને અંદરની અસલિયતના અનુભવે ઊઘડેલા સર્જક છે. એમના શબ્દમાં મનુષ્યની સાર્થકતાની પ્રતિષ્ઠા છે. રઘુવીરમાં કોઈક રીતે સમુન્નત ભાવ અને ભાવનાનું સતત આકર્ષણ રહેલું છે. એ રીતે એમનામાં ગાંધીયુગીન મૂલ્યપરંપરાનું અનુસંધાન જરૂર જોઈ શકાય પણ એ ત્યાં અટક્યા નથી. એ પોતાની રીતે આગળ વધતાં અસ્તિત્વવાદી ને આધુનિકતાવાદી વિચારધારાઓ ને વલણો સાથેય કામ પાડતા રહી પોતાના અવાજને સત્યથી વેધક અને સૌન્દર્યથી રમણીય બનાવવા સતત પુરુષાર્થરત રહ્યા છે. રઘુવીરના શબ્દમાં, સત્ય અને સૌન્દર્ય, અનુભવ અને ભાવના, શ્રદ્ધા અને તર્ક, રાગ અને ત્યાગ, શ્રેય અને પ્રેય, પરંપરા અને પ્રયોગ, લોકનિષ્ઠા અને લોકોત્તરતા, પ્રકૃતિ અને સંસ્કૃતિ, વ્યષ્ટિ અને સમષ્ટિ - આવાં દ્વંદ્વો વચ્ચે સમતા-સમતુલા ને સંવાદ સ્થાપવા મથતી, એ દ્વંદ્વોને તળિયે રહેલી એકાત્મતાને એકાગ્રભાવે પકડવા મથામણ કરતી સર્જકતાના અવનવીન સંચારો જોવા મળે છે. એમનું સમગ્ર સાહિત્ય એ સંચારોની કલાભિવ્યક્તિ છે. તેઓ બહારની અને ભીતરની ભીડ વચ્ચે પણ અનવરત રીતે, સ્વસ્થ રીતે કલમ ચલાવનારા સર્જક છે. એ રીતે તેમના માટે 'અનુભવ શ્વાસ છે, સાહિત્ય 'ઉચ્છ્વાસ'. 'દર્શક' ઍવૉર્ડના અધિકારી બનતા, દર્શન-વર્ણનમાં પ્રબળ શ્રદ્ધા દાખવતા આ સર્જકના આવા શ્વાસો-ચ્છ્વાસને સતત તાજી હવા યથેચ્છ મળતી જ રહો એવી શુભેચ્છા.

- ચંદ્રકાન્ત શેઠ

## 'પુસ્તક-મેળો'

૧૯૯૪માં પ્રગટ થયેલાં પાંચસો ચૂંટેલાં ગુજરાતી પુસ્તકોની વિષયવાર-કક્કાવાર માહિતી આપતી પુસ્તિકા લોકમિલાપ ટ્રસ્ટે પ્રગટ કરી છે. આ યાદીમાં ભારતીય સંગીતની સુંદર પંચોતેર કસેટોનો પણ પરિચય આપેલો છે. બત્રીસ પાનાંની રૂ. ૩ની પુસ્તિકા વિનામૂલ્યે મેળવવા સાહિત્યપ્રેમીઓ એક પોસ્ટકાર્ડ લખે: લોકમિલાપ ટ્રસ્ટ, પો.બૉ. ૨૩, ભાવનગર ૩૬૪ ૦૦૧

## પ્રાપ્ત પ્રકાશનો

**પ્રાથમિક સારવાર તાલીમ** શિખવનાર - શિખનાર માટેની ઉમદા માર્ગદર્શિકા. અમેરિકાની આર્મસ્ટ્રૉંગ કોર્ક કંપની માટે ઇન્ટરનૅશનલ કૉ. ઑપરેશન એડમિનિસ્ટ્રેશે તૈયાર કરેલી પુસ્તિકાનો અનુવાદ - કરનાર પ્રા. મીરાંબહેન જ. ત્રિવેદી : ચોથી આવૃત્તિ. ક્રાઉન ૧/૧૬ કાચું પૂઠું પૃષ્ઠ ૩૯. પ્રાપ્તિસ્થાન : શિશુવિહાર શિક્ષણ વિભાગ, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧ કિં. ૨-૭૫

**પ્રેશરથેરાપીના તાત્કાલિક ઉપાય.** અનેકવિધ ઉપચાર પદ્ધતિઓની હમણાં હમણાં ઠીક ઠીક પ્રચલિત બનેલી અને તદ્દન નિર્દોષ ને સરળ પદ્ધતિ એક્યુપ્રેશર પદ્ધતિની સમજ આપતી સચિત્ર પુસ્તિકા. મૂળ દેવેન્દ્ર વોરા લિખિત 'તંદુરસ્તી તમારા હાથમાં છે'–નું સંક્ષિપ્ત સંસ્કરણ. કિંમત : ૧-૭૫, પૃ. ૨૦, પ્રકાશક-પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ.

**સફળ જીવન જીવવાની કળા** જીવનમાં સુખ, શાંતિ, સફળતા અને સમૃદ્ધિ મેળવવા માટે માર્ગદર્શન આપતું પુસ્તક. લેખક : મુકુન્દ પી. શાહ, ડિમાઈ કદ પ્રકાશક : કુસુમ પ્રકાશન, ૩૧-એ નારાયણ નગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. કિં. રૂ. ૬૦

---

અનુસંધાન ] **વાચકો** [ પૃ. ૨૦૨ પરથી


'કુમાર'ના જાન્યુઆરી ૧૯૯૫ના અંકના મુખપૃષ્ઠ પર પ્રસિદ્ધ થયેલ ગાંધીજીના 'લિનોકટ' સંદર્ભે વર્ણન છે: બાપુ : વુડવટ : 'નંદલાલ વસુ. ૧૯૩૦.

'પ્રસ્તુત 'લિનોકટ'ના કલાકાર છે શ્રી નંદલાલ બોઝ. નંદલાલ બોઝ - નિબંધ સંગ્રહ - શતાબ્દિ ગ્રંથ' (લલિત કલા અકાદમી, નવી દિલ્હી, ૧૯૮૩ કિ. રૂ. ૫૦)માં પૃ. ૭૭ પર પ્રસ્તુત લિનોકટની પ્રતિકૃતિ પ્રસિદ્ધ થયેલ છે, જેની હેઠળ 'બાપુજી ૧૨.૪ - ૧૯૩૦ એ મુજબ લખાણ છે. એથી સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે પ્રસ્તુત લિનોકટ તા. ૧૨-૪-૧૯૩૦ના રોજ રચવામાં આવ્યું. વાસ્તવમાં એ લિનોકટ ૧૯૩૬માં રચવામાં આવ્યું અને 'નૅશનલ ગૅલરી ઑવ્ મૉડર્ન આર્ટ, નવી દિલ્હી'માં સ્થિત છે (એજન. પૃ. ૯૩)

'વુડકટ' અને 'લિનોકટ' ભિન્ન માધ્યમ છે. - **વી. બી. ગણાત્રા** (મુંબઈ)

સવિનય જણાવવું કે 'કુમાર'ના ફેબ્રુઆરી-૯૫ના અંકમાં 'વાચકો લખે છે' સ્થંભમાં 'કાળગણના' ઉપર મેં લખાણ મોકલેલ તે જોયું. તેના સ્વીકાર માટે આભાર. પરંતુ, તેમાં પહેલા કોષ્ટક પછીની ત્રીજી-ચોથી પંક્તિમાં '૬૦ પ્રતિવિપળ-૧ વિપળ પણ કંઠસ્થ કરાવ્યું હતું.' એમ હોવું જોઈએ. બનવા જોગ છે કે મેં મોકલેલ હસ્તપ્રતમાં જ એ ક્ષતિ રહેવા પામી હોય - ક્ષમસ્વ.

**મોહનલાલ જાની,** (અમદાવાદ)




હસીને ખેલ, તજી હાર-જીતની દુનિયા,
ખુશીના રંગથી છલકાવ પ્રીતની દુનિયા,
અરે ઓ દોસ્ત, અવાજોના આ સમંદરમાં
વહાવ મોજથી ગમતીલાં ગીતની દુનિયા.
('ઉજાગરી'માંથી) મકરન્દ દવે

## મોરારજી દેસાઈ, સ્વ.

ગુજરાતી શાળાના શિક્ષક રણછોડજી દેસાઈનાં આઠ સંતાનોમાં સૌથી મોટા મોરારજીનો જન્મ ૨૯ ફેબ્રુઆરી, ૧૮૯૬ના રોજ વલસાડ નજીકના ભદેલી ગામે અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુટુંબની ગરીબાઈને કારણે તેમણે રસ્તા પરની બત્તીઓને અજવાળે અભ્યાસ કરવો પડ્યો. ૧૯૦૫માં બંગાળના વિભાજન સામે સ્વદેશીની ચળવળ શરૂ થઈ ત્યારે દસ વર્ષના મોરારજીએ કાયમ માટે ચા છોડી અને ૧૯૦૮માં લોકમાન્ય ટિળકને રાજદ્રોહના ગુના હેઠળ છ વર્ષની સજા થઈ ત્યારે એક જાહેરસભામાં તેમણે સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી. માત્ર ૧૫ વર્ષની વયે ફેબ્રુઆરી ૧૯૧૧માં તેમનાં લગ્ન ૧૧ વર્ષની વયનાં ગજરાબહેન સાથે થયાં. તેના બે દિવસ અગાઉ તેમના પિતાશ્રીએ આત્મહત્યા કરી હતી. બીજે વર્ષે મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ, ભાવનગરના મહારાજા તરફથી માસિક રૂપિયા દસની શિષ્યવૃત્તિ મળવાથી મુંબઈ જઈને અભ્યાસ કરી શક્યા તથા વિલ્સન કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે પ્રથમ વર્ગમાં બી.એ. પાસ થયા.

બૉમ્બે પ્રોવિન્શયલ સિવિલ સર્વિસની પરીક્ષા ૨૨ વર્ષની



વયે પાસ કર્યા બાદ, ૧૯૧૮ના મેમાં અમદાવાદમાં પ્રોબેશનરી ડેપ્યુટિ કલેક્ટર તરીકે તેમની નોકરીનો આરંભ થયો. તેમણે થાણા, ભરૂચ, ગોધરા અને ફરી અમદાવાદ ખાતે વિવિધ હોદ્દા સંભાળ્યા. તે દરમિયાન ગાંધીજીના 'યંગ ઇન્ડિયા' તથા 'નવજીવન' સાપ્તાહિકોનાં વાચનથી પ્રભાવિત થઈને

## કેનોપનિષદ

(સામવેદના તળવકાર બ્રાહ્મણનો આ નવમો અધ્યાય તળવકારોપનિષદ પણ કહેવાય છે.)

### શાન્તિપાઠ

૧. ૐ ઈશ બન્નેયને રક્ષો, આપો બન્નેયને સુખ,
પુરુપાર્થે અમે સહ્ગી, તેજસ્વી હો પઢ્યું અમ,
પરસ્પર નહીં કો'દી અમારો પ્રતિયોગ હો.
૨. ઈશ ઓજસથી પૂર્ણ અઙ્ગ મ્હારાં બધાં કરો,
વાક્ પ્રાણ ચક્ષુ ને કર્ણ–સર્વ ઇન્દ્રિય–શક્તિને.
ઔપનિષદ જે કાંઈ સર્વ તે બ્રહ્મ કેવલ.
બ્રહ્મથી દૃષ્ટિ ના વાળું, બ્રહ્મની અકૃપા ન હો,
ના હું એને ત્યજું, ને એ મ્હનેયે ના ત્યજે કદી.
ઔપનિષદ જે ધર્મ, - સર્વ હો મુજ અન્તરે,
રહો સાનન્દ અન્તરે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

### પ્રથમ ખણ્ડ

ઇચ્છાથી કોની થતું પ્રેરિત આમ ચિત્ત ?
કોના વડે પ્રથમ પ્રાણ ક્રિયાથી યુક્ત ?
કોના કહ્યાથી વદતા સહુ આમ વાણી ?
છે દિવ્ય કોણ દગ-કર્ણનું દોરનાર ? ૧
તે કર્ણનું કર્ણ, મને રહ્યું મન,
વાણીની વાણી, ત્યમ પ્રાણ પ્રાણનો,
ને ચક્ષુનું ચક્ષુ, અતિક્રમન્ત એ,
તે ધીર પામે અમરત્વ, પ્રેત્ય જે. ૨
વાણીની કે ચક્ષુની ના ગતિ ત્યહીં,
કે ના ત્યહીં છે ગતિ ચિત્તનીય તે.
અભિજ્ઞ ના એથી અમે, ન જાણીએ
જિજ્ઞાસુને બોધ અપાય કેમ તે.
જાણ્યાથી તે ભિન્ન, અને અજાણથી
તે છે સદાયે પર, એમ છે સુણ્યું
અમે પુરા પ્રાજ્ઞજનોથી, જેમણે
એના વિષે સ્પષ્ટ કીધી વિવેચના. ૩
વાણીથી થાય ના વ્યક્ત, વાણી જેનાથી વ્યક્ત છે,
જાણ એને જ તું બ્રહ્મ; ન આ, જે આ ઉપાસતી; ૪
ચિન્ત્ય ના મનથી, કિંવા ચિન્તવે જે થકી મન,
જાણ એને જ તું બ્રહ્મ ન આ, જે આ ઉપાસતા. ૫
નેત્રથી તે જણાતો ના, જેનાથી નેત્ર પેખતાં,
જાણ એને જ તું બ્રહ્મ; ન આ, જે આ ઉપાસતા. ૬
સુણાતો કર્ણથી એ ના, જેનાથી કર્ણ સાંભળે,
જાણ એને જ તું બ્રહ્મ; ન આ, જે આ ઉપાસતા. ૭
જે ન પ્રાણિત છે શ્વાસે, લેવાતો શ્વાસ જે થકી,
જાણ એને જ તું બ્રહ્મ; ન આ, જે આ ઉપાસતા. ૮

અનુ. રાજેન્દ્ર શાહ

ગાંધીજીની જીવનપદ્ધતિ અપનાવવા માંડી. ૧૯૨૮માં ૩૨ વર્ષની યુવાન વયથી તેમણે બ્રહ્મચર્ય-પાલન સ્વીકાર્યું. આ દરમિયાન કુદરતી ઉપચારમાં શ્રદ્ધા વધી અને ખોરાક ઉપર નિયમનો મૂકવા માંડ્યા. સરકારી અધિકારીઓની અયોગ્ય રીતરસમો સાથે મેળ ન ખાવાથી તથા ગાંધીજીએ આરંભેલ સવિનય કાનૂનભંગની ચળવળથી પ્રભાવિત થઈને મોરારજીભાઈએ મે ૧૯૩૦માં સરકારી નોકરીનું રાજીનામું આપી દેશના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ઝંપલાવ્યું. ઑક્ટોબર ૧૯૩૦માં ધરપકડ થતાં પ્રથમવાર જેલ ભોગવી. ત્યાર બાદ વલ્લભભાઈ પટેલના પ્રમુખપદ હેઠળ ગુજરાત પ્રાન્તિક કોન્ગ્રેસ સમિતિના મંત્રી તરીકે કામ કર્યું. ૧૯૩૨માં તેમણે બે વર્ષની જેલ ભોગવી.

૧૯૩૫ના ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ મુજબ ફેબ્રુઆરી ૧૯૩૭માં પ્રાન્તિક ધારાસભાઓની ચૂંટણીઓ થઈ. તે પછી બાળાસાહેબ ખેરના પ્રધાનમંડળમાં તેઓ મુંબઈ ઇલાકાના મહેસૂલપ્રધાન બન્યા. તે દરમિયાન, ૧૯૩૦-'૩૨માં નાકરની લડત દરમિયાન સરકારે જપ્ત કરેલી ખેડૂતોની જમીનો તેમણે પાછી અપાવી તથા ઋણરાહત અને ગણોત નિયમનના ધારા ઘડ્યા. ૧૯૩૯માં, ભારતની પ્રજાના પ્રતિનિધિઓની મંજૂરી વિના, દેશને દ્વિતીય વિશ્વયુદ્ધમાં જોડી દેવાના વિરોધમાં બધાં કોન્ગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. તે સાથે મોરારજીભાઈ પ્રધાનપદ છોડી અમદાવાદ આવીને પ્રાન્તિક કોન્ગ્રેસ સમિતિના સંગઠનના કાર્યમાં લાગી ગયા. ૧૯૪૦ના ઑક્ટોબરમાં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ થતાં, મોરારજીભાઈ અમદાવાદ ખાતે સત્યાગ્રહ શરૂ કરે તે પહેલાં, ૧૯મી નવેમ્બરની રાત્રે પકડાઈને ચોથી વાર જેલમાં ગયા. ૧૯૪૨માં 'હિંદ છોડો' ચળવળ શરૂ થતાં ૯મી ઑગસ્ટના રોજ તેમની ધરપકડ કરીને યરવડા જેલમાં રાખવામાં આવ્યા. જેલવાસ દરમિયાન તેમણે આધ્યાત્મિક તથા રાજકીય વાચન અને ચિંતનમાં સમયનો સદુપયોગ કર્યો.

દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ, ૧૯૪૬માં દેશમાં સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવી તથા લોકશાહી સરકારો રચાઈ. મુંબઈ ઇલાકામાં બાળાસાહેબ ખેરના મંત્રીમંડળમાં મોરારજીભાઈ ગૃહમંત્રી બન્યા. સપ્ટેમ્બર ૧૯૪૬માં મુસ્લિમ લીગના 'સીધાં પગલાં'ના પરિણામે ફાટી નીકળેલાં કોમી હુલ્લડો દબાવી દેવા તેમણે સખત હાથે કામ લીધું. તદુપરાંત તેમણે મુંબઈ ઇલાકામાં ક્રમશઃ દારૂબંધી દાખલ કરી.

નવા બંધારણ હેઠળ, ૧૯૫૨માં વિધાનસભાની ચૂંટણીમાં પરાજય પામેલા મોરારજીભાઈને રાજીનામું આપતા અટકાવી, પેટાચૂંટણીમાં ઊભા રહેવા તથા મુખ્યપ્રધાન થવા બાળાસાહેબ ખેરે સમજાવ્યા. તે મુજબ મોરારજીભાઈ મુંબઈ ઇલાકાના મુખ્ય પ્રધાન બન્યા. ભાષાકીય રાજ્યરચનાની માગણી અને રાજ્ય પુનર્રચના પંચની નિમણૂક સામે મોરારજીભાઈનો વિરોધ હતો. તેનો હેવાલ આવ્યા બાદ મુંબઈ સહિત સંયુક્ત મહારાષ્ટ્ર તથા અલગ ગુજરાત રાજ્યની રચના માટે અનુક્રમે મુંબઈ અને અમદાવાદમાં આંદોલનકારો પર ગોળીબારો થયા અને મોટી સંખ્યામાં યુવાનો માર્યા ગયા. તેથી મોરારજીભાઈ ખૂબ અપ્રિય થયા. મરાઠી વર્તમાનપત્રોએ તેમને બદનામ કર્યા.

વિશાળ દ્વિભાષી મુંબઈ રાજ્યની ૧૯૫૬માં રચના થઈ અને યશવંતરાવ ચવાણ તેના મુખ્ય પ્રધાન બન્યા. નવેમ્બર ૧૯૫૬માં મોરારજીભાઈને કેન્દ્ર સરકારમાં વેપાર-ઉદ્યોગ ખાતાના પ્રધાન અને માર્ચ ૧૯૫૮થી નાણાંપ્રધાન બનાવવામાં આવ્યા. તે દરમિયાન તેમણે બ્રિટન, યુનાઈટેડ સ્ટેટ્સ, સોવિયેત સંઘ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, જાપાન વગેરે દેશોની મુલાકાત લીધી. ત્યાં તેમણે ખાદી, કાંતણ, પ્રાર્થના, શાકાહાર તથા નશાબંધીના નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું. મોરારજીભાઈનો વિરોધ હોવા છતાં દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન કરીને ૧લી મે, ૧૯૬૦થી ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજ્યોની રચના કરવામાં આવી. ભારતે લશ્કરની મદદ વડે ગોવા કબજે કર્યું તે સામે પણ તેમનો વિરોધ હતો. સોનાની દાણચોરી અટકાવવા તેમણે સુવર્ણ નિયંત્રણધારો ઘડ્યો અને ફરજિયાત બચત યોજના શરૂ કરી. ૧૯૫૮માં મૌલાના અબુલકલામ આઝાદ તથા ૧૯૬૧માં પંડિત ગોવિંદ-વલ્લભ પંતના અવસાન બાદ મોરારજી કેન્દ્રના પ્રધાનમંડળમાં બીજા સ્થાને હતા. મોરારજીભાઈ ઉપ-નેતા ન થાય તે માટે નેહરુએ પક્ષનું બંધારણ બદલીને બે ઉપનેતા રાખવા ઠરાવ્યું અને તે સ્થાને જૂનિઅર નેતાઓને મૂક્યા. જૂન ૧૯૬૩માં કામરાજ યોજના હેઠળ તેમણે કેન્દ્રના નાણાંપ્રધાન તરીકે રાજીનામું આપ્યું. નેહરુ પછી મોરારજીભાઈ વડાપ્રધાન ન બને, એવી નેહરુની એ ચાલબાજી હતી, એમ માનવામાં આવે છે.

વડાપ્રધાન નેહરુનું ૨૭ મે, ૧૯૬૪ના રોજ અવસાન થયા બાદ, સીનિઅર નેતાઓએ કુટિલ નીતિથી મોરારજીભાઈને વડાપ્રધાન થતા અટકાવ્યા. વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું ૧૦ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ તાશ્કંદ ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં, વડાપ્રધાનની પસંદગી માટે, કામરાજ સહિત સિંડિકેટે મોરારજીની સામે ઇન્દિરા ગાંધીને નેતાપદની ચૂંટણીમાં ઊભાં રાખી મોરારજીભાઈને વડાપ્રધાન થતા ફરીથી અટકાવ્યા. ૧૯૬૭ની ચૂંટણીઓ પછી ઇન્દિરા ગાંધી તથા કામરાજના આગ્રહથી તેઓ નાયબ વડાપ્રધાન અને નાણાંપ્રધાન તરીકે પ્રધાનમંડળમાં જોડાયા. મોરારજીભાઈ બૅન્કોનું રાષ્ટ્રીયકરણ અને રાજાઓના સાલિયાણાની નાબૂદીના વિરોધી હતા. ૧૬ જુલાઈ, ૧૯૬૯ના રોજ ઇન્દિરા ગાંધીએ તેમની સંમતિ વિના નાણાં-ખાતું લઈ લીધું કે તરત સ્વમાની મોરારજીભાઈએ પ્રધાનમંડળમાંથી

રાજીનામું આપી દીધું. ઇન્દિરા ગાંધીએ રાજીનામું સ્વીકારી, તે જ દિવસે ૧૪ બૅન્કોનું રાષ્ટ્રીયકરણ જાહેર કર્યું.

ગુજરાતમાં થયેલ નવનિર્માણ આંદોલનની હિંસા અટકાવવા અને વિધાનસભા બરખાસ્ત કરાવવા મોરારજીભાઈ ૧૧ માર્ચ, ૧૯૭૪થી ઉપવાસ પર ઊતર્યા. વિધાનસભાનું વિસર્જન કરવાનો નિર્ણય ૧૫મીએ સરકારે જાહેર કરવાથી તેમણે પારણાં કર્યાં. ગુજરાતમાં રાષ્ટ્રપતિનું શાસન એક વર્ષથી વધારે લંબાવવાથી તેમણે ૭ એપ્રિલ, ૧૯૭૫થી દિલ્લીમાં ઉપવાસ શરૂ કર્યા. જૂનમાં ચૂંટણી યોજવાનું સરકારે સ્વીકારતાં તેમણે ઉપવાસ છોડ્યા.

ઇન્દિરા ગાંધીની સરકારે ૨૫ જૂન, ૧૯૭૫થી દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી. મોરારજીભાઈ અને જયપ્રકાશ નારાયણ સહિત વિરોધ પક્ષોના અનેક નેતાઓની ધરપકડ કરી. તેમણે ૧૯ મહિના કારાવાસ ભોગવ્યો. જાન્યુઆરી ૧૯૭૭માં ચૂંટણી જાહેર કરી અટકાયતી નેતાઓને છોડવામાં આવતાં, વિરોધ પક્ષોનું સંગઠન કરી, જયપ્રકાશજીએ જનતા પક્ષની સ્થાપના કરી. જનતા પક્ષને ચૂંટણીમાં નોંધપાત્ર સફળતા મળતાં, જયપ્રકાશજી તથા કૃપલાનીજીએ સંસદીય પક્ષના નેતા તરીકે મોરારજીભાઈને પસંદ કરતાં, તેઓ ૨૪ માર્ચ ૧૯૭૭ના રોજ ભારતના ચોથા અને બિન-કૉન્ગ્રેસી તથા ઉત્તર પ્રદેશ રાજ્ય સિવાયના પ્રથમ વડાપ્રધાન બન્યા. પોતાના ૨૮ માસના કાર્યક્ષમ વહીવટ દરમિયાન તેમણે આવશ્યક વસ્તુઓના ભાવો પર અંકુશ, અખબારી સ્વતંત્રતા, ન્યાયતંત્રની સ્વાયત્તતા, વિદેશોમાં ભારતની અપૂર્વ પ્રતિષ્ઠા વગેરે મુખ્ય પ્રદાનો કર્યાં. જનતા પક્ષમાં ભંગાણ પડતાં ૧૫ જુલાઈ, ૧૯૭૯ના રોજ તેમણે વડાપ્રધાનપદેથી રાજીનામું આપ્યું. ત્યારબાદ તેમણે સક્રિય રાજકારણમાં ભાગ લેવાનું બંધ કર્યું.

મોરારજીભાઈ ૧૪ જૂન, ૧૯૪૮થી ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક નિમાયા અને ઑક્ટોબર ૧૯૬૩થી તેમની કુલપતિ તરીકે વરણી થઈ, અને જીવનના અંતિમ શ્વાસ સુધી તે સ્થાને રહ્યા. તેઓ ૧૯૨૫થી ભગવદ્‌ગીતાનો અભ્યાસ તથા ચિંતન કરતા. દારૂબંધી, દ્વિપત્ની પ્રતિબંધક ધારો, સુવર્ણ નિયંત્રણ ધારો અને માનવચાલિત રીક્ષા બંધ કરવાના તેમનાં પગલાં તેમની લોકકલ્યાણની ભાવનાનો પુરાવો આપે છે. તેમના વિશેની ગેરસમજો તથા ખોટા પ્રચારનો તેઓ પ્રતિકાર કરતા નહિ. ૧૯૭૯માં એમની સરકાર તૂટતી હતી ત્યારે પણ તેમણે સોદાબાજી કે લાલચો આપીને વડાપ્રદાનપદ બચાવવાનો પ્રયત્ન કર્યો ન હતો.

પાકિસ્તાન અને ભારત બન્ને દેશોના સર્વોચ્ચ રાષ્ટ્રીય ઍવૉર્ડ અનુક્રમે 'નિશાન-એ-પાકિસ્તાન' ૧૯૮૮માં અને 'ભારત-રત્ન' ૧૯૯૨માં મેળવવાનું સદ્‌ભાગ્ય એમને પ્રાપ્ત થયું હતું.

પ્રામાણિક તથા નીતિવાન લોકો દેશની અવદશા માટે દુઃખ દર્શાવ્યા પછી સરદાર વલ્લભભાઈ પટેલ તથા મોરારજી દેસાઈને તેમના કાર્યક્ષમ અને નમૂનેદાર વહીવટ માટે સૌ સદ્‌ભાવપૂર્વક યાદ કરે છે. મો. દે. તેમણે સત્ય બોલવામાં કદિ બાંધછોડ કરી નથી અને સાંભળનારને તે કેવું લાગશે એની પરવા કરી નથી. મોરારજીભાઈનું સમગ્ર જીવન ભારતના નાગરિકોનું નૈતિક મૂલ્ય વધારનારું અને આદર્શ હતું. - **ડૉ. જયકુમાર ર. શુક્લ**

## અભિજાત સૌજન્યનો સાક્ષાત્કાર

તીર્થધામ ડાકોરની શ્રીસંસ્થાન હાઈ સ્કૂલ. વર્ગમાં જાહેરાત થઈ. 'આજે આપણી શાળામાં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ પધારે છે....' શિક્ષકે સાક્ષરશ્રીનો વિગતે પરિચય આપ્યો એટલે સભાસ્થાનમાં સૌ વિદ્યાર્થીઓ આદરસભર અને ઉત્સુક હતા. સભાસ્થાનમાં સામસામે છેડે બે બેઠકો ગોઠવાયેલી. જાણવા મળ્યું કે અમદાવાદથી શ્રી રણછોડજીનાં દર્શનાર્થે પધારેલા શ્રી આનંદશંકરભાઈએ શાળાને દરવાજે મોટર થોભાવી અમારા હેડમાસ્તર સાહેબને જણાવેલું. 'દર્શન કરીને આવું છું. કીર્તન સાંભળવું છે.'

અમારા હેડમાસ્તર સાહેબ શ્રી ગિ.દે. ભટ્ટ વિદ્વાન કીર્તનકાર પણ હતા. શ્રી આનંદશંકરભાઈએ એમનાં કીર્તનો વિષે લેખ પણ લખેલો. સભાખંડમાં બેવડો લ્હાવો મળવાના આનંદનો કોલાહલ હતો.

...પણ... અચાનક એકદમ શાંતિ પ્રસરી રહી. સભાખંડના દ્વારમાં બે અત્યંત પ્રભાવશાળી અને દર્શનીય વ્યક્તિઓ પ્રવેશી રહી હતી. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ અને શ્રી ભટ્ટસાહેબ ! બન્ને ગૌરવવંતા વાર્ધક્યથી શોભતા, બન્ને શ્વેત લાંબાકોટ અને ધોતીયાંથી સજ્જ, બન્નેનાં તેજસ્વી ભવ્ય લલાટમાં પ્રભાતની પૂજાના સમયનાં કુંકુમ-કેસર-ચંદન તિલક. શ્રી આનંદશંકરભાઈએ લાલ પાઘડી પહેરેલી અને શ્રી ભટ્ટ સાહેબે છોગાવગરનો પીળો રેશમી ફેંટો બાંધેલો. એ યુગલમૂર્તિનું દર્શન જ એવું પ્રભાવક હતું કે કોઈને શિસ્ત અને શાંતિની સૂચનાની જરૂર ન રહી. આદર સાથે ઊભા થઈ ગયેલા સૌ વિદ્યાર્થીઓના હાથ આપોઆપ જ વંદનમુદ્રામાં જોડાઈ ગયા. ....અને... શ્રી ભટ્ટસાહેબે આદરણીય અતિથિને તેમની બેઠક પર બેસાડી તેમનાં ચરણમાં મસ્તક નમાવ્યું ત્યારે વિદ્યાર્થી-સમુદાય ભાવવિભોર થઈ રહ્યો ! વંદનીય પણ વંદન કરતા હતા ! - એ ગુરુવંદના હતી. શ્રી આનંદશંકરભાઈ એક સમે શ્રી ભટ્ટસાહેબના અધ્યાપક હતા.

પરંતુ વધુ વિસ્મય તો ત્યારે અનુભવ્યું જ્યારે સ્વાગત-પ્રવચન બાદ કીર્તનપીઠ પર શ્રી ભટ્ટસાહેબે આસન લેતાં જ શ્રી આનંદશંકરભાઈએ ઊભા થઈ તેમની પાસે જઈને તેમને પ્રણામ કર્યાં ! તેમને રોકવાનો વિનય કરતા શ્રી ભટ્ટસાહેબને શ્રી

આનંદશંકરભાઈએ કહ્યું : 'અત્યારે તમે વ્યાસપીઠ પર છો-' એ વ્યાસવંદના હતી!

મહાનુભાવોના પરસ્પરના સમાદરના સહજ સૌજન્યનું એ વિરલદર્શન અવર્ણનીય અને અવિસ્મરણીય હતું. એ પળની ધન્યતાનો અનુભવ આયુષ્યભરની પુણ્યપ્રેરણા બની રહ્યો છે.

- વિનોદ અધ્વર્યુ

## કચ્છમાં સાઠ પ્રકારનાં જળચર પક્ષીઓ

સમગ્ર એશિયાનાં પાણીનાં સ્થળો પર જોવા મળતાં જળચર પક્ષીઓની ગણતરીનું કાર્ય હાથ ધરાયું છે. કચ્છમાં ભુજ, માંડવી અને અંજાર તાલુકામાં ૨૩ સ્થળોએ આ પક્ષીઓની ગણતરીનું કામ 'પેલિકન નેચર ક્લબના' ઉપક્રમે પ્રમુખ શ્રી હિંમતસિંહજીના નેતૃત્વ હેઠળ શરૂ કરાયું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઇન્ટરનૅશનલ વોટર ફાઉલ ઍન્ડ વેટલૅન્ડ રિસર્ચ બ્યુરો, સ્લીમબ્રિજ યુ.કે. તથા એશિયન વેટલૅન્ડ બ્યુરો કુઆલાલમ્પુર, મલેયેશિયા તરફથી જાન્યુઆરી ૮ થી ૨૨ સુધી સમગ્ર એશિયામાં પાણીનાં સ્થળો પર જોવા મળતાં જળચર પક્ષીઓની ગણતરી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના રિજીઓનલ કૉઑર્ડિનેટર તરીકે ગુજરાત યુનિવર્સિટીના ઝુઓલૉજિ વિભાગના ડૉ. રિશાદ પરવેઝ નિમાયા છે.

આ ગણતરી દરમિયાન ૬૦ જાતનાં જળચર પક્ષીઓ નોંધાયાં હતાં. સંખ્યાની રીતે દસહજાર હતાં, જે ગયા દુષ્કાળના વર્ષની દૃષ્ટિએ વધારે ગણાય. પરંતુ સારા ચોમાસાની દૃષ્ટિએ ૨૩ સ્થળો પર આ સંખ્યા ઓછી કહી શકાય. તેનું કારણ બધી જગ્યાએ પાણી ભરેલું હોવાથી પક્ષીઓ બધી જગ્યાએ ફેલાઈ ગયેલાં છે. વળી, ઊંડું પાણી પક્ષીઓને ઓછું આકર્ષે છે. કચ્છનાં નાનાંમોટા રણ તથા બન્નીના નાનામોટા ઢંઢ પર પક્ષીઓની વધારે હાજરી છે. નવેમ્બર ૯૪ દરમિયાન શિરાની વાંઢના તળાવ તથા તેની બાજુના રણમાં વિક્રમ સંખ્યામાં નાનાં સુરખાબ ખોરાક માટે એકઠાં થયાં હતાં. નાના સુરખાબ સાથે જળચર પક્ષીઓ પણ હતાં. તેની સરખામણીમાં આ સંખ્યા નજીવી ગણાય. આ ગણતરી દરમિયાન નાનાં સુરખાબ ફક્ત નકટી નાળમાં ૩૮ની સંખ્યામાં નજરે ચડ્યાં હતાં, જેમાં મોટાં ભાગનાં અપક્વ વયનાં હતાં. પહેલાં સુરખાબની ખૂબ જ સંખ્યા હોવી અને ત્યારબાદ ઘટી જવી તે એમ સૂચવે છે કે સુરખાબ કચ્છમાં મોટા રણ કે નાના રણમાં અથવા અન્યત્ર પ્રજનન માટે એકઠાં થયાં હશે. આ અંગે જંગલખાતાએ પ્રકાશ પાડવો જોઈએ. કારણ કે ટાંચાં સાધનોમાં સામાન્ય વન્યજીવન-પ્રેમી આ અંગે કશું કરી શકે નહીં.

આ ગણતરીમાં અલભ્ય એવી ૩૫ સુરખાબ બતકો નકટી નાળ પર જોવા મળી હતી. તે સિવાય શિણાય ડેમ પર સારસની જોડી તથા રૂકમાવતી નાળ પર જોવા મળેલા ૧૦ દરિયાઈ અબલખ વિશિષ્ટ પક્ષીઓ ગણી શકાય.

ભુજ નજીકના રમણીય ધામ ખેંસાના તળાવ પર અનિયંત્રિત પાણી ખેંચવાની પ્રવૃત્તિ પક્ષીઓને નુકસાન પહોંચાડે છે, તેથી તેને મર્યાદિત કરવી જરૂરી છે નહીં તો શિરાની વાંઢ પરથી જેમ પક્ષીઓને હિજરત કરવી પડી હતી તેમ અહીંથી પણ હિજરત કરવી પડશે. જોકે પક્ષીઓ આવી ખલેલને કારણે અગાઉથી જ ઓછાં તો થઈ જ ગયાં છે !

('કચ્છશ્રુતિ'માંથી)

> પ્રેમનો મારગ એ જ છે તારક, બીજા મારગ ખોટા,
> માણસ કદી માણસ માટે, હોય ના છોટા-મોટા.
> રતુભાઈ દેસાઈ

ગરીબનો એક દૂબળો-પાતળો સામાન્ય છોકરો મહાન બનવાના મનોરથો સેવે. આખો દિવસ ઘરનાં કામોથી થાક લાગે પણ રાત્રે સૂઈ જવાને બદલે ફાનસના અજવાળે વાંચે. એક વાર એને એક લેખકનું પુસ્તક વાંચવાનું મન થયું. એ પુસ્તક ચારેક માઈલ દૂર આવેલા પુસ્કાલયમાં હતું. એ તો પગપાળા ઊપડ્યો. પુસ્તકાલયમાંથી પુસ્તક લઈ વાંચતો વાંચતો ચાર માઈલ ચાલતો ઘરે આવ્યો, અને બાકીનું પુસ્તક ઘરે આવીને વાંચી નાખ્યું. આવી મહેનતે જ મહાન બનવાના એના મનોરથને પાર પાડ્યો. આ ગરીબ બાળક તે ભવિષ્યમાં અમેરિકાનો રાષ્ટ્રપતિ બનનાર અબ્રાહમ લિંકન.

તમે જાણો છો કે 'ગરનાડ' નામની માછલી પાણીમાં તરી શકે છે, જમીન પર ચાલી શકે છે અને હવામાં ઊડી શકે છે ?

ઉત્તર પ્રદેશના બારાબાંકી શહેરનો એસ. કે. રાજા નામનો માણસ સાઈકલ ચલાવતા ચલાવતા બસો-અઢીસો ગ્રામ જેટલું એલ્યુમિનિયમ ખાઈ બતાવે છે !

દક્ષિણ આફ્રિકામાં માડાગાસ્કરમાં એક વૃક્ષ થાય છે. તે 'ડેવિલ ટ્રી' (અસુર વૃક્ષ) તરીકે ઓળખાય છે, કારણ કે તે માનવીને એક સપ્તાહ સુધી પોતાની ડાળીઓના સકંજામાં જકડી રાખે છે, અને તે દરમિયાન એનાં લોહી-માંસ ચૂસી લે છે.

કપડાં પર આઈસ્ક્રીમના ડાઘ પડે તો તેના પર બોરેક્સ (ટંકણખાર) લગાવીને થોડો સમય રાખી ઠંડા પાણીથી ધોઈ નાખવાથી ડાઘ સાફ થઈ જશે.

તલના તેલમાં કપૂર અને સિંધવ મેળવીને સવારસાંજ તે તેલ દાંત પર ઘસવાથી અને તેના કોગળા કરવાથી લાંબા સમય સુધી દાંત મજબૂત રહે છે.

એક ઔંશ ગુલાબનું અત્તર બનાવવા માટે ગુલાબના બે ટન પુષ્પોનો ભોગ લેવો પડે છે.

ગળું બેસી ગયું હોય તો આંબાના મોર સાથે સાકર ભેળવીને લેવાથી ફાયદો થાય છે.

ચાની પત્તીને પાણીમાં નાખી પંદરેક મિનિટ સુધી ઉકાળીને તે પાણી ગાળી લઈ તેમાં કપડાનો ટુકડો પલાળી લાકડાનું ફર્નિચર કે કાચ લૂછવાથી તે ચમકી ઊઠશે.

તાંબાપિત્તળની વસ્તુઓ ઝાંખી પડી જતી અટકાવવા તેના પર હેરસ્પ્રેનો છંટકાવ ઉપયોગી થશે.

મચ્છર એક સેકન્ડમાં લગભગ ૩૦૦ વાર પાંખો ફફડાવે છે.

ઑસ્ટ્રેલિયાના કોઈ ગર્લન ટકરે ૧૯૭૪માં અગિયાર કિલોગ્રામનો એક મૂળો ઊગાડ્યો હતો !

દુનિયાનું જૂનામાં જૂનું વૃક્ષ અમેરિકામાં છે. તેનું નામ છે 'સિકોયા જાગેનિયા.' તે ૧૦ હજાર વર્ષ જૂનું ગણાય છે. આ વૃક્ષની ઊંચાઈ ૪૮૭ ફૂટ છે.

પેલેસ્ટાઈનની જોર્ડન નામની નદીમાં એક પણ માછલી થતી નથી.

મધ્યયુગમાં યુરોપમાં રાજાના અશ્વોના ઉપરીને 'માર્શલ' કહેતા. આ માર્શલને સેનાપતિથી જુદો પાડવા 'ફિલ્ડ માર્શલ' તરીકે ઓળખવામાં આવતો.

વહેલ જાતિની માછલીની જીભમાંથી છ હજાર રતલ તેલ નીકળે છે !

દુખતા દાંતને રાહત આપવા માટે દુખાવાની જગ્યાએ કપૂર કે હિંગ મૂકી રાખવી.

જઠરાગ્નિ મંદ પડ્યો હોય તો જમ્યાં પહેલાં સવારે અને સાંજે એક એક ચમચી આદુનો રસ તેટલા મધ સાથે મેળવીને લેવાથી ફાયદો થશે.

તમે જમણેરી છો કે ડાબેરી તે તમે આ રીતે પણ ચકાસી શકો છો. ઓરડામાં એક નાની વસ્તુ સામે બન્ને આંખો ખુલ્લી રાખીને તમારી તર્જની ગોઠવો. હવે કોઈપણ એક આંખ બંધ કરો અને પેલી વસ્તુ તમારી તર્જનીના ટેરવાની ડાબી કે જમણી બાજુ કેટલી ખસે છે તે જુઓ. ફરી બીજી આંખથી આ જ પ્રમાણે પ્રયોગ કરો. જો પેલી ખસતી વસ્તુનું જમણી તરફ અંતર વધુ હોય તો તમે જમણેરી અને ડાબી તરફ અંતર વધુ જણાતું હોય તો તમે ડાબેરી.

**કહેવતોના અર્થ :** 'ઢેફે વાત ગઈ છે' - મળવિસર્જનની ક્રિયા પછી અબૂઝ ગ્રામજનો પાણીને બદલે માટીના ઢેફા કે પથ્થરના ટુકડાથી સાફસૂફી કરે છે એ કુસંસ્કારને ટેકે બોલાતી આ કહેવત કોઈ ખૂબ ડરી ગએલા માણસ માટે વપરાય છે. ભય કે ડરની પળે માણસથી બેકાબૂ બની મૂત્ર કે મળનું વિસર્જન થઈ જાય છે, એ હકીકતને આ કહેવત પ્રચ્છન્ન રાખીને ક્રિયાની ઉક્તિ વડે ઉપાલંભ યોજ્યો છે.

**કલાકણિકા :** આમ તો આ કોઈ સળગતી શગડીનું ચિત્ર લાગે છે ને ? પણ ના, તે શગડી નથી. આ તો છે ચીનનો હાન વંશનો એક કાંસ્ય દાબડો. અને ઉપર જે જ્વાળાઓ જણાય છે તે તો છે પર્વતના આકારનું તેનું ઢાંકણું.

